દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

R.N.I. No. GUJ GUJ/2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 298 ■ વિક્રમ સંવત ૨૦૮૨

માર્ગશીર્ષ વદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 December 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20

ગુરુવાર, ૧૮ ડિસેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ટ્રેનમાં નિર્ધારિતથી વધુ લગેજનો ચાર્જ લાગશે

**સ્લીપર ક્લાસ પેસેન્જર ૪૦ કિલો જેટલું વજન મફત લાવી શકે છે અને ચાર્જ ભરીને ૮૦ કિલો જેટલો સામાન લાવી શકે છે**

## હવે વિમાન જેવા નિયમો: બેગની સાઈઝ પણ નક્કી કરાઈ હોવાનું રેલવે પ્રધાને સંસદમાં જણાવ્યું

નવી દિલ્હી: રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે બુધવારે લોકસભામાં માહિતી આપી હતી કે ટ્રેનમાં મુસાફરી કરનારા ઉતારુઓ મફત સામન લઈ જવાની મર્યાદાથી વધારે સામાન લઈ જશે તો તેમને ચાર્જ ભરવો પડશે. શું રેલવે હવાઈમથકની જેમ ટ્રેન ઉતારુ માટે સામાનના નિયમ અમલમાં લાવશે એવા સંસદસભ્ય વેમીરેડ્ડી પ્રભાકર રેડ્ડીના સવાલનો અશ્વિની જવાબ આપી રહ્યા હતા.

વૈષ્ણવે લેખિત જવાબમાં કહ્યું હતું કે હાલમાં ઉતારુ તેની સાથે ડબ્બામાં કેટલા વજનનો સામાન લાવવો એની ક્લાસ પ્રમાણેની લિમિટ છે. આ માહિતી પ્રમાણે બીજા વર્ગમાં મુસાફરી કરનાર પેસેન્જર વિનામૂલ્યે ૩૫ કિલોનું વજન લાવી શકે છે અને નાણાં ભરીને ૭૦ કિલો સુધી લાવી શકે છે. સ્લીપર ક્લાસ પેસેન્જર ૪૦ કિલો જેટલું વજન મફત લાવી શકે છે અને ચાર્જ ભરીને ૮૦ કિલો જેટલો સામાન લાવી શકે છે. એસી થ્રી ટિયર કે ચૅર કારના ઉતારુ ૪૦ કિલોના વજનનો સામાન મફત લાવી શકે છે અને આ જ મહત્તમ વજન છે. ફર્સ્ટ ક્લાસ અને એસી ટૂ ટિયર પેસેન્જરને ૫૦ કિલોનો સામાન મફત લાવવાની છૂટ છે અને તેની મહત્તમ મર્યાદા ૧૦૦ કિલોની

(જુઓ પાનું ૨) ▸▸

**ક્યા ક્લાસમાં કેટલું લગેજ ફ્રી**

| ક્લાસ | વજન (કિલોમાં) |
|---|---|
| સેકન્ડ | ૩૫ |
| સ્લીપર | ૪૦ |
| થ્રી ટિયર, ચૅર કાર | ૪૦ |
| ટૂ ટિયર | ૫૦ |
| ફર્સ્ટ ક્લાસ | ૭૦ |

**બેગ સાઈઝ (સે.મી.માં)**


લંબાઈ-૧૦૦, પહોળાઈ-૬૦ અને ઊંચાઈ- ૨૫

## ટ્રેન ઉપડવાના દસ કલાક પહેલા ચાર્ટ બની જશે

નવી દિલ્હી: ભારતમાં મોટી સંખ્યામાં લોકો ટ્રેનમાં પ્રવાસ કરે છે ત્યારે પ્રવાસીઓ માટે અત્યારે મહત્ત્વના અને ખુશીના સમાચાર આવ્યાં છે. રેલવે બોર્ડે રિઝર્વેશન ચાર્ટ તૈયાર કરવાના સમયમાં ફેરફાર કર્યો છે. હવે રિઝર્વેશનની ટિકિટનું સ્ટેટસ ૧૦ કલાક પહેલા ખબર પડી જશે. નવા નિયમ મુજબ ટ્રેનની ટિકિટનું સ્ટેટ્સ દસ કલાક પહેલા ખબર પડશે. જેમ કે સવારના પાંચ વાગ્યાથી બપોરના બે વાગ્યા સુધીની ટ્રેનનો પહેલો ચાર્ટ આગલા દિવસની રાતના આઠ વાગ્યા સુધી બનશે, જ્યારે બપોરના બે વાગ્યા પછીથી લઈને રાતના ૧૧.૫૯ વાગ્યા અને વહેલી સવારના પાંચ વાગ્યાથી ઉપડનારી ટ્રેનનો ચાર્ટ રવાના થયાના દસ કલાક પહેલા તૈયાર કરવામાં આવશે.

આ રિઝર્વેશન ચાર્ટની વધારે વિગતે વાત કરીએ તો બપોરે બે વાગ્યાથી રાત્રે ૧૧.૫૯ વાગ્યા સુધી અને રાત્રે ૧૨ વાગ્યાથી સવારે પાંચ વાગ્યા

(જુઓ પાનું ૨) ▸▸



**ઈતને બાજુ, ઈતને સર, ગીન લે દુશ્મન ધ્યાન સે:** ભારતીય સેનાએ બુધવારે પહેલી જ વાર કાશ્મીર ખીણપ્રદેશમાં અંકુશરેખા પાસે ગોઠવવા એક મિલિટરી સ્પેશ્યલ ટ્રેન મારફતે ટૅન્કો અને તોપો મોકલી હતી. કવાયતના ભાગરૂપ આ નિર્ણય લેવામાં આવ્યો છે. કવાયત અંતર્ગત ટૅન્કો, તોપો અને ડોઝરને જમ્મુથી અનંતનાગ, કાશ્મીર સુધી સફળતાપૂર્વક લઈ જવામાં આવ્યાં હતાં જેને કારણે વધુ સારી મોબિલિટી અને લૉજિસ્ટિક ક્ષમતાનું પ્રદર્શન થયું હતું. આનો મુખ્ય આશય સરહદી વિસ્તારમાં ક્ષમતા વધારવાનો છે. રેલવે ખાતા સાથે મળીને આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ મેળવવામાં આવી હતી. (એજન્સી)

# વીમાક્ષેત્રમાં ૧૦૦ ટકા એફડીઆઈને સંસદની મંજૂરી

નવી દિલ્હી: રાજ્યસભામાં બુધવારે વિપક્ષી સાંસદોએ વીમા ક્ષેત્રમાં ૧૦૦ ટકા એફડીઆઇને મંજૂરી આપતા બિલનો વિરોધ કર્યો હતો. તેમજ પ્રસ્તાવિત કાયદાને વધુ તપાસ માટે સંસદીય પેનલને મોકલવાની માગણી કરી હતી.

નાણા પ્રધાન નિર્મલા સીતારમણ દ્વારા ઉપલા ગૃહમાં વિચારણા અને પસાર કરવા માટે રજૂ કરવામાં આવેલા 'સબકા વીમા સબકી રક્ષા'(વીમા કાયદા સુધારા)બિલ, ૨૦૨૫ પર ચર્ચામાં ભાગ લેતા સભ્યોએ બિલના શીર્ષક સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. જે અંગ્રેજી અને હિન્દી બંનેમાં છે. આ બિલ મંગળવારે લોકસભામાં પસાર થયું હતું.

કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે તમે ૧૦૦ ટકા એફડીઆઇ લાવશો... તે મોટી ગડબડ હશે... વિદેશીઓને (જુઓ પાનું ૨) ▸▸

## ન્યુક્લિયર સેક્ટરમાં ખાનગી કંપનીઓની એન્ટ્રી: બિલ લોકસભામાં પસાર

નવી દિલ્હી: લોકસભાએ બુધવારે સસ્ટેનેબલ હાર્નેસિંગ ઍન્ડ એડવાન્સમેન્ટ ઑફ ન્યુક્લિયર એનર્જી ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા (એસએચએએનટીઆઈ) બિલ મંજૂર કર્યું હતું. કેન્દ્રના પ્રધાન જિતેન્દ્ર સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ બિલને લીધે ભારતનું ૨૦૪૭ સુધી ૧૦૦ ગીગાવૉટ અણુઊર્જા પેદા કરવાનું લક્ષ્ય સાકાર થશે. આ ખરડો કડક રીતે નિયંત્રિત નાગરિક અણુ ઊર્જામાં ખાનગી પ્લેયર સહભાગી થાય એ માટેનો છે. વિરોધ (જુઓ પાનું ૨) ▸▸


## '...હવે તો અમિત શાહ અને લૉરેન્સ બિશ્નોઈએ પરિણામ ભોગવવા પડશે'

### આવી ધમકી સાથે અમદાવાદ-ગાંધીનગરની જાણીતી સ્કૂલોને બૉમ્બથી ઉડાવવાના ઈમેઈલ્સ મળ્યા પણ કંઈ હાથ લાગ્યું નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં બુધવારે સવારે અમદાવાદની જાણીતી સ્કૂલોને બૉમ્બ ઉડાડી દેવાના ધમકીભર્યા ઈમેઇલ મળતા અમુક સ્કૂલોને ખાલી કરવાની ફરજ પડી હતી. બપોર બાદ આવા ઈમેઇલ્સ ગાંધીનગરની સ્કૂલોને પણ મળ્યા હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી. શાળાઓને ધમકીભર્યા ઈમેઇલ્સ મળતા પોલીસ સતત સક્રિય રહી હતી અને બૉમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડ અને એસઓસજી ટીમો દ્વારા તપાસ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની સલામતી માટેના

(જુઓ પાનું ૨) ▸▸



**વિદેશી મહેમાનો:** રાજસ્થાનના સાંભરમાં શિયાળાની મોસમ દરમિયાન સૉલ્ટ લેક ખાતે બુધવારે ફ્લેમિંગો પક્ષીઓ આવી પહોંચ્યા હતા. (એજન્સી)

# પ્રદૂષણ ઘટાડવા દિલ્હીમાં ટૉલ બંધ કરો: સુપ્રીમ કોર્ટ

## આનાથી ટ્રાફિક ઘટશે: આ ઉપરાંત વર્ક ફ્રૉમ હૉમ, અમુક વાહનોની પ્રવેશબંધી સહિતનાં પગલાંઓ સૂચવ્યાં

નવી દિલ્હી: દિલ્હીમાં ઑફિસો માટે વર્ક ફ્રોમ હૉમ, પીયુસી પ્રમાણપત્ર ન ધરાવનારને ઈંધણ નહીં, જૂની કાર પર નિયંત્રણ સહિત પ્રદૂષણવિરોધી અનેક અંકુશો ગુરુવારથી અમલી બનશે. અનેક નિયંત્રણો, વર્ક ફ્રોમ હૉમ, બીલૉ બીએ-૬ વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ, પીયુસીનું ચૅકિંગ વગેરે દિલ્હીમાં ગુરુવારથી અમલી બનશે. દરમિયાન દિલ્હી એનસીઆરમાં વકરી રહેલી પ્રદૂષણની સમસ્યાને ધ્યાન પર લઈને સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે આવતા વરસે પહેલી ઑક્ટોબરથી ૩૧ જાન્યુઆરી સુધી એમસીડી ટૉલ લાગુ ન કરવાના પ્રયાસ કરવા જણાવ્યું છે કેમ કે ટોલ દરમિયાન થતો ટ્રાફિકજામ પ્રદૂષણનું મુખ્ય કારણ છે.

આ અઠવાડિયે દિલ્હીમાં હવાની ગુણવત્તાનો સ્તર જોખમી શ્રેણીમાં પગોંચ્યા બાદ ઑફિસને હાયબ્રિડ મૉડ પર શિફ્ટ કરવી, કન્સ્ટ્રક્શનનો સામાન લઈ જતાં વાહનો પર પ્રતિબંધ અને પીયુસી પ્રમાણપત્ર ફરજિયાત જેવાં કડક પગલાં લેવાની દિલ્હી સરકારે બુધવારે જાહેરાત કરી હતી.

શનિવારે ૧૩ ડિસેમ્બર બાદ સતત ત્રણ દિવસ શહેરનો ઍર ક્વાલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ) જોખમી શ્રેણીમાં નોંધાયા બાદ કમિશન ફૉર ઍર ક્વાલિટી મેનેજમેન્ટ દ્વારા જાહેર કરવામાં આવેલા જીઆરએપી-૪ નિયંત્રણ ઉપરાંત નવા નિયમો પણ ગુરુવારથી અમલી બનશે.

દિલ્હીના શ્રમ ખાતાના પ્રધાન કપિલ મિશ્રાએ સરકારી અને ખાનગી સંસ્થાઓએ ગુરુવારથી વર્ક ફ્રોમ હૉમ તરફ વળવું અન્યથા કાર્યવાહી માટે તૈયાર રહેવું એ પ્રકારની જાહેરાત કરી હતી. જોકે આ નિયમોમાં ઈમરજન્સી વર્કર્સ અને દહાડિયા મજૂરો સહિત અનેક અપવાદ છે.

સુપ્રીમ કોર્ટે દિલ્હી સહિતના નેશનલ કેપિટલ રીજનમાં દસ વર્ષ જૂના ડીઝલ

(જુઓ પાનું ૨) ▸▸

# ભારત-ઓમાન વચ્ચે આજે થશે મુક્ત વેપારી કરાર

નવી દિલ્હી: ભારત અને ઓમાન ગુરુવારે મસ્કતમાં ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (એફટીએ-મુક્ત વેપારી કરાર) પર સહી કરશે એમ જણાવતાં અધિકારીઓએ કહ્યું હતું કે બંને દેશ વચ્ચેના આર્થિક જોડાણને વેગ આપવા આ કરાર કરવામાં આવશે.

ત્રણ રાષ્ટ્રની ચાર દિવસની મુલાકાતે ગયેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં આ કરાર પર સહી કરવામાં આવશે.મોદી મંગળવારે જૉર્ડનથી ઈથિયોપિયા આવી પહોંચ્યા હતા અને ત્યાંથી તેઓ ઓમાન માટે રવાના થશે. એફટીએ પર સહી કરવા વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલ પણ મસ્કત પહોંચ્યા છે. સત્તાવાર રીતે સીઈપીએ (કોમ્પ્રીહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ) તરીકે ઓળખાતા એફટીએ અંગેની વાટાઘાટ નવેમ્બર ૨૦૨૩માં શરૂ થઈ હતી. એફટીએમાં બંને ભાગીદાર દેશ મોટાભાગના માલસામાન પરની કસ્ટમ ડ્યૂટી ઘટાડશે અથવા સંપૂર્ણપણે નાબૂદ કરશે. વેપારી સેવાને (જુઓ પાનું ૨) ▸▸

# સલામતીની સમસ્યા: ભારતે ઢાકાનું વિઝા કેન્દ્ર બંધ કર્યું

ઢાકા: બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં ભારતીય વિઝા અરજી કેન્દ્ર (આઈવીએસી) એ વર્તમાન સુરક્ષા પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બુધવારે તેની ઓફિસ બંધ કરી દીધી. ઢાકામાં જમુના ફ્યુચર પાર્ક ખાતેનું આઈવીએસી રાજધાનીમાં તમામ ભારતીય વિઝા સેવાઓ માટેનું મુખ્ય, સંકલિત કેન્દ્ર છે.

ભારતીય દૂતાવાસની સુરક્ષાની વધતી ચિંતા વચ્ચે ભારત સરકારે આજે દિલ્હીમાં બાંગ્લાદેશના હાઈ કમિશનરને સમન્સ પાઠવ્યું હતું. આ પગલું ઢાકામાં છેલ્લા થોડા દિવસોથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યું હતું.

વિદેશ મંત્રાલયે બાંગ્લાદેશના ભારતમાં હાઈ કમિશનર એમ. રિયાઝ હમીદુલ્લાને તેડું મોકલ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર તેમને ઢાકા સ્થિત ભારતીય મિશનની સુરક્ષા વ્યવસ્થા અને તાજેતરના ઘટનાક્રમો અંગે ભારતની ચિંતાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. ઢાકા સ્થિત ભારતીય

(જુઓ પાનું ૨) ▸▸

# વધુ ૨૦ દેશના નાગરિકો માટે અમેરિકામાં નો-ઍન્ટ્રી

ન્યૂયોર્ક/વોશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે મુસાફરી પ્રતિબંધોને વધુ કડક બનાવવાનો આદેશ જાહેર કર્યો છે. આ આદેશમાં પેલેસ્ટિનિયન ઓથોરિટી સહિત ૨૦ વધુ દેશોને પ્રતિબંધોની યાદીમાં ઉમેરવામાં આવ્યા છે. આ પગલાથી અમેરિકામાં કોણ મુસાફરી કરી શકે છે અથવા સ્થળાંતર કરી શકે છે તેની મર્યાદામાં નોંધપાત્ર વધારો થયો છે.

ટ્રમ્પ સરકારે યુએસની નેશનલ સિક્યોરિટી અને પબ્લિક સેફ્ટીના હિતોની રક્ષા કરવાના પ્રયાસોના ભાગ રૂપે પેલેસ્ટિનિયન ઓથોરિટીની સાથે સાથે ૨૦ વધારાના દેશો પર પણ ટ્રાવેલ પ્રતિબંધો વિસ્તાર્યા હતા.

ટ્રમ્પે મંગળવારે એક ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા જેમાં સ્ક્રીનિંગ, વેઈટિંગ અને જાણકારી શેર કરવામાં 'સ્પષ્ટ, સતત અને ગંભીર ખામીઓ' ધરાવતા દેશોના નાગરિકોના પ્રવેશ પર પ્રતિબંધો લગાવ્યા હતા જેથી અમેરિકાને રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર સલામતીના જોખમોથી બચાવી શકાય.

જાહેરાતમાં કહેવામાં આવ્યું છે કે આ પગલાં એવા વિદેશી નાગરિકોના પ્રવેશને રોકવા માટે જરૂરી છે જેમના વિશે અમેરિકા પાસે તેમનાથી થતા ખતરાઓનો અંદાજ લગાવવા, વિદેશી સરકારોના સહયોગ મેળવવા, આપણા

(જુઓ પાનું ૨) ▸▸

# વારાણસીનાં મઠ-મંદિરો પાસે બાકી ટૅક્સની ઉઘરાણી કરાતા સંતો નારાજ

વારાણસી: વારાણસીમાં મઠો અને મંદિરોને બાકી ટેક્સ માટે વારાણસી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જપ્તી નોટિસ જારી કરવા પર સંત સમુદાયે બુધવારે ભારે નારાજગી વ્યક્ત કરી હતી.

પાતાલપુરી મઠના મહંત બાલક દેવચાર્યએ આને અભૂતપૂર્વ ગણાવતા જણાવ્યું કે કાશીના ઘણા મઠો અને મંદિરોને આ અઠવાડિયાની શરૂઆતમાં બાકી રહેલા ઘર વેરા, પાણી વેરા અને ગટર વેરા માટે અટેચમેન્ટ નોટિસ ફટકારવામાં આવી છે. તેમણે કહ્યું કે દેશના ઇતિહાસમાં કદાચ આ પહેલી વાર છે જ્યારે મઠો અને મંદિરોને જપ્તી નોટિસ જારી કરવામાં આવી રહી છે.

દેવાચાર્યએ જણાવ્યું કે એકલા પાતાલપુરી મઠને બે લાખ રૂપિયાથી વધુના કરવેરા બાકી હોવા બદલ જપ્તીની નોટિસ મળી છે. તેમણે કહ્યું કે મઠો અને મંદિરોને કરના દાયરામાં લાવવા જોઇએ નહીં. તેમજ આ મુદ્દો ટૂંક સમયમાં ઉકેલવામાં નહીં આવે તો સંત સમુદાયે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

વારાણસી મ્યુનિસિપલ કોર્પોરેશનના જનસંપર્ક અધિકારી સંદીપ શ્રીવાસ્તવે જણાવ્યું કે મઠોને નિયમો મુજબ નોટિસ આપવામાં આવી છે.

તેમણે કહ્યું કે પાછળથી મઠો માટેનો ઘર વેરો માફ કરવામાં આવ્યો હતો અને સુધારેલા બિલ જારી કરવામાં આવ્યા હતા. જે અંતર્ગત પાણી વેરો અને ગટર વેરો ચૂકવવાપાત્ર છે.

# વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં દેશભરમાં એઆઈ આધારિત સિસ્ટમથી ટૉલ વસૂલી

નવી દિલ્હી: દેશભરમાં ૨૦૨૬ના અંત સુધીમાં મલ્ટિ-લેન ફ્રી ફ્લો(એમએલએફએફ) ટૉલ સિસ્ટમ અને એઆઇ-આધારિત હાઇ-વે મેનેજમેન્ટ પૂર્ણ થઇ જશે. આ ટેક્નોલોજી એકવાર અમલમાં આવ્યા પછી મુસાફરોને ટોલ પ્લાઝા પર રાહ જોવાની જરૂર નહીં રહે. આ જાણકારી કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ બુધવારે રાજ્યસભામાં આપી હતી.

પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા માર્ગ પરિવહન પ્રધાને જણાવ્યું કે નવી ટેક્નોલોજી એઆઇ-આધારિત હશે. હવે મુસાફરોને ટોલ પ્લાઝા પર રાહ જોવી નહીં પડે. તેમજ આનાથી ૧૫૦૦ કરોડ રૂપિયાનું ઇંધણ બચશે અને સરકારની આવકમાં ૬૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થશે. તેમણે ગૃહમાં જણાવ્યું કે મલ્ટી-લેન ફ્રી ફ્લો ટોલ(એમએલએફએફ) ખૂબ જ સારી સુવિધા છે. પહેલા આપણે ટોલ પર ચૂકવણી કરવી પડતી હતી. જેમાં ૩ થી ૧૦ મિનિટનો સમય લાગતો હતો. ત્યારબાદ ફાસ્ટટેગને કારણે સમય ઘટીને ૬૦ સેકન્ડ કે તેથી ઓછો થયો છે. સરકારી આવકમાં ઓછામાં ઓછા ૫૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થયો છે. ફાસ્ટટેગની જગ્યાએ એમએલએફએફ આવ્યા પછી કાર હવે મહત્તમ ૮૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ટૉલ પ્લાઝા પાર કરી શકે છે. વળી ટૉલ પર કોઇને પણ રોકવામાં આવશે નહીં. તેમણે વધુમાં કહ્યું કે અમારો પ્રયાસ તેને ઝીરો મિનિટ સુધી ઘટાડવાનો છે. જેમાં એઆઇ અને ફાસ્ટટેગની સાથે સેટેલાઇટના માધ્યમથી નંબર પ્લેટ ઓળખનો સમાવેશ થશે. ગડકરીએ સભ્યોને જણાવ્યું કે ૨૦૨૬ સુધીમાં અમે આ કાર્ય ૧૦૦ ટકા પૂર્ણ કરીશું. એકવાર આ કાર્ય પૂર્ણ થયા બાદ સરકારી આવકના ૧૫૦૦ કરોડ રૂપિયા બચશે.આવકમાં ૬૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થશે અને ટોલ ચોરી ખતમ થશે.

# ઈન્ડિગોના પ્રવાસીઓ માટે ચાર ગણા વળતરની માગણી હાઈ કોર્ટે ફગાવી

નવી દિલ્હી: ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઇટ રદ થવાને કારણે એરપોર્ટ પર ફસાયેલા મુસાફરોને ચાર ગણું વળતર આપવાની માગ કરતી જાહેર હિતની અરજી પર સુનાવણી કરવાનો દિલ્હી હાઈ કોર્ટે ઈનકાર કર્યો હતો.

જાહેર હિતની અરજીમાં કેન્દ્ર સરકાર અને ઈન્ડિગો એરલાઈનને એ તમામ મુસાફરોને તેમની ટિકિટની કિંમતના ચાર ગણું વળતર ચૂકવવાના નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી હતી જેમની ફ્લાઈટ નવા ફ્લાઈટ ડ્યુટી ટાઈમ લિમિટેશન લાગુ થયા બાદ નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં રદ કરવામાં આવી હતી.

દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને જસ્ટિસ તુષાર રાવ ગેડેલાની બેન્ચે જણાવ્યું હતું કે તેમણે પહેલાથી જ બીજી જાહેર હિતની અરજીમાં આ મુદ્દા પર ધ્યાન આપ્યું છે અને અરજદારને પેન્ડિંગ અરજીમાં હસ્તક્ષેપ કરવાની સ્વતંત્રતા આપી છે. અમને એવું કોઈ કારણ જોવા મળતું નથી કે અહીં ઉઠાવવામાં આવેલી ચિંતાઓ અગાઉની

(જુઓ પાનું ૨) ▸▸

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# એક યોજનામાંથી નામ કાઢવાથી ગાંધીજીનું અપમાન ના થાય

**કેન્દ્રની** નરેન્દ્ર મોદી સરકારે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદો (મનરેગા)નું નામ બદલીને 'વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ)' એટલે કે 'વિકસિત ભારત-જી રામ જી' કરવાનું નક્કી કર્યું એ મુદ્દે ઘમાસાણ મચ્યું છે. કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે મંગળવારે આ બિલ લોકસભામાં રજૂ કર્યું પછી સંસદમાં તડાપિટ બોલી અને હવે સંસદની બહાર પણ ગાંધીજીના નામે ચરી ખાવાનો ખેલ પૂરજોશમાં ચાલી રહ્યો છે.

કૉંગ્રેસ સહિતના વિપક્ષો મચી પડ્યા છે કે, મનરેગાનું નામ બદલવું એ મહાત્મા ગાંધીના વિચારોનું સીધું અપમાન છે અને સરકાર આડકતરી રીતે ગાંધીજીના નામને ભૂંસવાની કોશિશ કરી રહી છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ તો સોશિયલ મીડિયા પોસ્ટમાં આક્ષેપ કર્યો છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મહાત્મા ગાંધીના વિચારો અને ગરીબોના અધિકારો નડે છે તેથી મોદી સરકાર છેલ્લાં ૧૦ વર્ષથી મનરેગાને નબળી પાડવાનો પ્રયાસ કરી રહી છે અને હવે તેને સંપૂર્ણપણે ખતમ કરવાની દિશામાં આગળ વધી રહી છે. 'વીબી-જી રામ જી' બિલ ગરીબ ગ્રામીણ પરિવારોની આજીવિકા પર હુમલો છે તેથી આ જનવિરોધી બિલનો વિરોધ કરશે.

ભાજપનું કહેવું છે કે, કૉંગ્રેસ કાગનો વાઘ કરી રહી છે અને સરકારની ગ્રામીણ પ્રજાજનો તથા ખેડૂતોને ફાયદો કરાવનારા બિલ સામે વાંધો ઉઠાવીને પાણીમાંથી પોરા કાઢી રહી છે. નવા કાયદાથી ખેડૂતો અને ગરીબો બંનેને ફાયદો થશે કેમ કેમ કે સરકાર રોજગારની ગેરંટીના દિવસો વધારી રહી છે. આ ઉપરાંત ખેતીની સીઝનમાં ખેતમજૂરો ઉપલબ્ધ રહે એવી જોગવાઈ પણ કરી રહી છે. તેના કારણે ખેડૂતો અને ખેત મજૂરો બંને ભાજપ તરફ ઢળશે એ વિપક્ષોથી સહન થતું નથી તેનો આ બધો કકળાટ છે. ભાજપનો દાવો અર્ધસત્ય છે કેમ કે કેન્દ્ર સરકારનો ઈરાદો માત્ર ખેડૂતો અને ગરીબોનું ભલું કરવાનો નથી પણ પોતાના પરનો આર્થિક બોજ ઘટાડવાનો પણ છે. રોજગારીના દિવસો વધશે તેથી ગરીબોને ફાયદો થશે ને ખેતીની સીઝન સમયે ૬૦ દિવસ માટે મનરેગાનો અમલ સ્થગિત કરાશે તેથી ખેડૂતોને મજૂરોની અછત નહીં પડે ને વધારે ખર્ચ નહીં કરવો પડે એ વાત સાચી પણ સામે રાજ્યો સાથે ખર્ચ વહેંચાશે તેથી કેન્દ્રનો બોજ હળવો થઈ જશે.

અત્યારે મનરેગાનો મોટા ભાગનો ખર્ચ કેન્દ્ર સરકારના માથે છે પણ નવા કાયદામાં રાજ્યો પણ એ ખર્ચ ઉઠાવે એવી જોગવાઈ છે. અત્યારે મજૂરીનો સંપૂર્ણ ખર્ચ કેન્દ્ર સરકાર ઉઠાવે છે જ્યારે સામગ્રી ખર્ચના ૭૫ ટકા કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવે છે. મોટો ખર્ચ મજૂરીનો જ છે તેથી લગભગ તમામ ખર્ચ કેન્દ્ર સરકારના માથે છે એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. નવા કાયદામાં રાજ્યોના માથે ૪૦ ટકા સુધી ખર્ચ નાખવાની જોગવાઈ છે તેથી કેન્દ્રનો ખર્ચ ઘટશે.

અત્યારે મનરેગા હેઠળ વરસમાં ૧૦૦ દિવસ રોજગારની ગેરંટી આપવાની જોગવાઈ છે પણ નવા કાયદામાં ૧૨૫ દિવસ કરવામાં આવશે તેથી રોજગારીના દિવસોમાં ૨૫ ટકાનો વધારો થશે પણ ખર્ચનો બોજ રાજ્યો પર પણ આવી જશે તેથી કેન્દ્ર ફાયદામાં છે. આ સિવાય વાવણી અને કાપણીના સમયે રોજગાર ગેરંટી સ્થગિત કરી દેવાશે તેથી એ સમયગાળામાં પણ યોજના માટે સરકારે ખર્ચ નહીં કરવો પડે.

કેન્દ્ર સરકાર એ રીતે પોતાનો ફાયદો જોઈ રહી છે તેમાં બેમત નથી પણ સામે વિપક્ષો પણ ગાંધીજીનું નામ કાઢી નાખવાથી ગાંધીજીનું અપમાન થઈ જશે એવો કકળાટ રાજકીય ફાયદા માટે જ કરી રહ્યા છે. મોદી સરકારે ગાંધીજીનું નામ ના કાઢ્યું હોત તો સારું હતું પણ નવી યોજનાને નવું નામ આપવું એ તેનો અધિકાર છે તેથી તેની સામે વાંધો લેવો એ બાલિશ હરકત કહેવાય. બીજું એ કે, કૉંગ્રેસ સહિતના પક્ષોએ પણ ગાંધીજીના સિદ્ધાંતોને કેટલા સાચવ્યા છે એ આપણી નજર સામે છે તેથી કૉંગ્રેસગાંધીજીના નામે રડારોળ કરે ત્યારે કૂંડું કથરોટને હસતું હોય એવું લાગે છે. ગાંધીજી એટલા સસ્તા પણ નથી કે, એક યોજનામાંથી નામ નિકળે એટલે અપમાન થઈ જાય. ગાંધીજી મહામાનવ છે અને માન-અપમાનથી પર છે તેથી તેમના નામે આ બધાં નાટકો ન કરવાં જોઈએ.

મનરેગાની ચર્ચાએ રાજકારણીઓ કઈ રીતે કાચિંડાની જેમ રંગ બદલી શકે છે તેનો નમૂનો પણ ભાજપનાં સાંસદ કંગના રણૌતે પૂરો પાડ્યો. કંગના રણૌતે મનરેગાનું નામ બદલવાથી મહાત્મા ગાંધીનું અપમાન થાય છે એ વાતને બકવાસ ગણાવીને મહાત્મા ગાંધીનાં ગુણગાન ગાયાં.

કંગના મેડમના કહેવા પ્રમાણે, મહાત્મા ગાંધીએ ભગવાન રામ પરના ગીત રઘુપતિ રાઘવ રાજા રામને પ્રચલિત કરીને આખા દેશને સંગઠિત કર્યો હતો અને તેને રાષ્ટ્રગીત બનાવ્યું હતું એ જોતાં મહાત્મા ગાંધીના નામે ભગવાન રામનું નામ અપાય તેને અપમાન ના કહી શકાય. બલકે મહાત્મા ગાંધીનાં જ સપનાને પૂરા કરવા માટે મનરેગાને ભગવાન શ્રીરામનું નામ આપવામાં આવી રહ્યું છે.

કંગના મેડમે રઘુપતિ રાઘવ રાજા રામને રાષ્ટ્રગીત ગણાવ્યું તેને નાદાનિયત અને અજ્ઞાન ગણાવીને માફ કરી દઈએ ને તેની ચર્ચા ના કરીએ પણ ગાંધીજી વિશેની તેમની વાતો વિશે વાત કરવી જરૂરી છે કેમ કે આ જ કંગના રણૌત ગાંધીજી વિશે ઘણું એલફેલ બોલી ચૂક્યાં છે. ભાજપભક્તિમાં લીન અને નવી નવી હિંદુવાદના રંગે રંગાયેલી કંગનાએ ૨૦૨૧માં એક ટીવી ચેનલના કાર્યક્રમમાં કહ્યું કે, દેશને અસલી આઝાદી ૨૦૧૪માં મળી જ્યારે ૧૯૪૭માં મળેલી આઝાદી તો ભીખ હતી. મતલબ કે, નરેન્દ્ર મોદી દેશના વડા પ્રધાન બન્યા પછી જ દેશને સાચી આઝાદી મળી છે.

ભાજપના સાંસદ વરૂણ ગાંધીએ આ વાત સામે વાંધો લીધો હતો અને સવાલ કર્યો હતો કે, દેશની આઝાદી માટે લડનારા શહીદ મંગલ પાંડેથી માંડીને રાણી લક્ષ્મીબાઈ, ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, નેતાજી સુભાષચંદ્ર બોઝ અને લાખો સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનનો તિરસ્કાર કરીને કંગના જે માનસિકતા બતાવી રહી છે તેને ગાંડપણ કહું કે દેશદ્રોહ?

આ સવાલથી ભડકેલી કંગનાએ ટ્વિટ કરીને વરૂણને જવાબ આપ્યો કે, મેં સ્પષ્ટ કર્યું છે કે, ૧૮૫૭માં આઝાદીની પહેલી લડાઈ લડાઈ તેને દબાવી દેવાઈ હતી. એ પછી બ્રિટિશ શાસને પોતાના અત્યાચાર અને ક્રૂરતાને વધારી દીધાં. પછી એક સદી પછી ગાંધીના ભીખના કટોરામાં આપણને આઝાદી આપી દીધી.....જાઓ અને રડ્યા કરો. ગાંધીજી આ દેશના રાષ્ટ્રપિતા છે ને કંગનાએ આપણા રાષ્ટ્રપિતા માટે ગાંધીજી શબ્દ પણ વાપરવાનું સૌજન્ય પણ નહોતું બતાવ્યું ને માત્ર 'ગાંધી' લખ્યું હતું. કંગનાએ એ પછી પણ ગાંધીજી વિશે ખરાબ ઉચ્ચારણો કર્યા છે. હવે એ જ કંગના ગાંધીજીનાં સપનાના ભારતની વાતો કરે છે એ સાંભળીને સુખદ આશ્ચર્ય થાય છે.

કંગનાનું આ હૃદય પરિવર્તન કેમ થયું તેની તેને જ ખબર પણ આપણા માથે કેવા રાજકારણીઓ બેઠા છે તેનો આપણે વિચાર કરવાની જરૂર છે. જેમના વિચારોમાં સાતત્ય નથી ને જે લોકો પવન જોઈને સઢ બદલી નાખે છે એવા કંગના જેવા શોભાના ગાંઠિયા જેવા નેતાઓ આપણા માથે મરાયેલા છે કે જેમના માટે ગઈ કાલના 'ગાંધી' આજે મહાન નેતા બની ગયા છે અને રઘુપતિ રાઘવ રાજા રામ રાષ્ટ્રગીત બની ગયું છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર હેમંતઋતુ, ગુરુવાર, તા. ૧૮-૧૨-૨૦૨૫, શિવરાત્રિ, વિંછુડો

- ભારતીય દિનાંક ૨૭, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ વદ-૧૪
- જૈન વીર સંવત ૨૫૫૨,માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૫મો અમરદાદ,સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૮મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર અનુરાધા રાત્રે ક. ૨૦-૦૬ સુધી, પછી જયેષ્ઠા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૬, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૩, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટઢ

- ભરતીઃ સવારે ક. ૧૦-૩૦, રાત્રે ક. ૨૩-૪૫
- ઓટઃ સાંજે ક. ૧૬-૪૭, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૬ (તા. ૧૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ – ચતુર્દશી. શિવરાત્રિ, વિંછુડો, ભદ્રા સમાપ્તિ ક. ૧૫-૪૬,
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ-શનિ દેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, નાગકેસરના ઔષધીય પ્રયોગો, મુંડન કરાવવું નહીં, નિત્ય થતાં દસ્તાવેજ, પશુ લે-વેંચ, સ્થાવર લેવડદેવડના કામકાજ, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, પ્રાણી પાળવા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર-બુધ યુતિ ચપળ મન, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ ભીરું સ્વભાવના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ યુતિ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ- વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-વૃશ્ચિક શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# ધર્મનો સ્તંભ નીતિ-નિયમઃ એક પિતાની પુત્રને નસીહત

**બે** સદી વટાવી ચૂકેલા 'મુંબઈ સમાચાર'ની છ દાયકા કરતા પણ વધુ સમય જૂની 'મુખ્બિરે ઈસ્લામ' કોલમના કોમ-ભાઈબંધી કોમના વાચક બિરાદરોને વિદિત હશે કે દીને ઈસ્લામમાં લગભગ એક લાખ ચોવીસ હજાર જેટલા પયગંબરો અર્થાત્ અલ્લાહ, ઈશ્વરના સંદેશવાહકો થઈ ગયા. જેમાંના એક પયગંબર હતા હઝરત (માનવંત) લુકમાન સાહેબ. તેમણે પોતાના પુત્રને નસીહત, સલાહ, શિખામણ આપી તે આજના કયામત, પ્રલય, મુસ્લિમ અને ખ્રિસ્તી ધર્માનુસાર આખરી નિર્ણય, ન્યાયનો દિવસના દૌરમાં અતિ ઉપયોગી બની રહેવા પામશેઃ

– 'વ્હાલા ફરઝંદ, દીકરા!

– મેં એળિયાનો સ્વાદ ચાખ્યો છે અને તેના ઝાડની છાલ પણ ખાધી છે, પણ ફકીરી, ગરીબી, મુફલિસીથી વધીને કોઈમાં કડવાશ નથી.

– માટે જો ક્યારેક ફકીરી આવી પડે તો લોકોને કહેજો નહીં, નહીં તો લોકો ઝલીલ (અપમાનિત, બુરી દશા) કરશે અને તમને કામ પણ નહીં આવે.

* 'આવી (ફકીરી) સ્થિતિમાં અલ્લાહ પાસે રજૂ થાવ. તે તમારી હાલત સુધારવા માટે વધારે શક્તિ ધરાવે છે.

* 'કોણ એવો છે, જેણે એની પાસે માગ્યું હોય અને એણે આપ્યું ન હોય!

* 'કોણ એવું છે, જેણે એના ઉપર ભરોસો રાખ્યો હોય અને એણે મુસીબતથી નજાત (છુટકારો) આપી ન હોય!'

'હઝરત જીબ્રઈલ હઝરત મુહમ્મદ સાહેબની સેવામાં હાજર થઈ અરજ કરીઃ પરવરદિગારે આલમ (સૃષ્ટિના સર્જનહારે) આપ હુઝૂરને એક એવો તોહફો (ભેટ) મોકલ્યો છે કે કોઈ પણ નબી (ઈશ્વરિય દૂત, પ્રતિનિધિ)ને જે મોકલ્યો નથી; એ તોહફો સબ્ર (ધીરજ) છે અને એક એનાથી પણ બહેતર (શ્રેષ્ઠ) ભેટ, તોહફો છે, કનાઅત; સંતોષ અને એના કરતાં પણ શ્રેષ્ઠ તોહફો છે રઝા, રઝાનો અર્થ એ છે કે અલ્લાહ આપે કે ન આપે, બંદો ક્યારેય નારાજ ન થાય, અને તે પોતાના મામૂલી અમલ – કર્મ કર્યાથી, સારું કર્યાથી પણ ખુશ થઈ ન જાય, બલકે વધારે ને વધારે બહેતરીન – સર્વશ્રેષ્ઠ અમલ – કર્મ કરતો રહે...!'

– હઝરત લુકમાન (અસ.) બેટાને નસીહત કરતાં આગળ કહે છે કે

* 'બેટા! અલ્લાહની રઝા (રાજીખુશી – ઈચ્છા) પર રાજી રહેવું મોટો શરફ – શર્ફ (માન, સન્માન) છે. જેના માટે જેહાદ (દીન-ધર્મના માર્ગમાં મહેનત) જરૂરી છે.'

– હદીસે કુદસી, મિન્હાજુન નજાત – કાશાની પારા ૪૦માં છે કે (ભાષાંતર) 'જે શખસ મારી મોકલેલી બલા (આફત, કષ્ટ) પર સબર (ધીરજ) ન કરે, મારી મરજી, હુકમ પર રાજી ન રહે, તે મારા સિવાય બીજા કોઈ ખુદા શોધી લે અને મારા જમીન આસમાનમાંથી નીકળી જાય.'

– બીજી એક રિવાયત, કથન, વાકયમાં કહેવામાં આવ્યું છે કે

* જે શખસ અલ્લાહની ઈચ્છા પર રાજી રહેશે અને ન મળવા પર નારાજ – નાખુશ નહીં થાય, પણ જે શિકવા – ફરિયાદ કરશે તેને કોઈપણ નેકી – ભલાઈ નસીબ નહીં થાય, બલકે અલ્લાહના ગઝબ – ક્રોધ, ગુસ્સાનો સામનો કરવો પડશે.

* હર હાલત – સારી હોય યા ખરાબ સ્થિતિ હોય, રાહત હોય કે તકલીફ,

* રોઝી વિશાળ હોય કે તંગ!

* ખુદાએ કુરાન કરીમમાં સબ્ર – ધીરજને શુક્ર – આભાર વ્યક્ત કરવા સાથે મેળવીને બંનેનો સાથે ઉલ્લેખ કર્યો છે.

* શુક્ર કરનાર બંદાઓ (ભક્તો) સાથે ફઝલ (કૃપા) અને એહસાન (ઉપકાર)નો વાયદો કર્યો છે, અને

* ને'મત (ઈશ્વર-અલ્લાહની દેણગી)થી નાશુક્રી – કૃપા – આભારની અવગણના કરનારને ભારે અઝાબ – કુદરતી પ્રકોપથી ડરાવ્યા છે.

વ્હાલા ફરઝંદ!

* હરામ અને શંકાસ્પદ વાતોથી હંમેશાં દૂર રહેજો. સ્થિતિ સારી હોય કે તંગ! ઈમાનદારી – સચ્ચાઈ – સત્ય પર કાયમ રહેજો.

* તંગીમાં પણ સદકો (દયા, દાન) કરતા રહેજો,

* ઈબાદત – પ્રાર્થના – અલ્લાહની સ્તૂતિ કરવામાં કદી પણ આળસ કરતા નહીં.

* માલદારો – દૌલતમંદો સાથે રહેશો નહીં. તેઓના માલ-દૌલતના સબબે તેઓનું માન – એહતરામ (આદર) ન કરો.

* રિવાયત (અક્ષરશ કથન)માં છે કે,

* જે કોઈ માલદારના ઘરે જઈને, તેની માલદારી (શ્રીમંતાઈ)ના કારણે તેનું માનપાન – આભારીપણું કરશે ૧/૩ દીન-ધર્મ નષ્ટ થઈ જશે.

– બીજી રિવાયતમાં ૧/૨ દીન અને ૨/૩ દીનનો પણ ઉલ્લેખ થયો છે. (હવાલો – તફસીરે સાફી, સૂરએ હિજર).

– અને જે પણ કોઈ માલદારની દૌલત સામે ઝુકશે, તે જન્નતનો હકદાર – અધિકારી નહીં બલકે આસમાનમાં તેને ખુદા – રસૂલનો દુશ્મન કહીને પોકારવામાં આવશે અર્થાત્ અલ્લાહનો અને તેના પયગંબર હઝરત મુહમ્મદ સાહેબનો 'નાફરમાની કરનાર' તરીકે સંબોધવામાં આવશે.

– આવા શખસની કોઈ દુઆ (પ્રાર્થના) કબૂલ થશે નહીં અને ન તેની કોઈ હાજત – ઈચ્છા પૂરી થશે.

– બેટા! ફક્ના, રંજોગમના ભૂલી જવાનાં, ઉંમર – વય ઘટી જવાના કારણોથી પરહેઝ કરીને તેમાં વધારો થાય અને ઉંમર મોટી થાય તેનાં કારણો વિચારો અને તેના ઉપર અમલ કરો.

બોધઃ

* અલ્લાહની ખુશી હાંસિલ કરો અને પોતાના નફસ – મનેચ્છા; જીવ, પ્રાણને એના ફેસલા, ચુકાદા, નિર્ણય પર રાજી રાખો.

* એનાથી ખફા – નારાજ ક્યારેય થશો નહીં અને ન એની શિકવા – શિકાયત – ફરિયાદ કરજો...!

* સન્માર્ગે ચાલનારા હર એકના હક – અધિકાર અદા કરતા રહો.

* એક બંદાનો બીજા બંદા પર હક છે અને તેનાથી છૂટવાનો રસ્તો હક અદા કરી દેવાથી મળે છે અથવા માફી માગવાથી મળે છે. નહીં તો કયામત (ન્યાયનો દિવસ, આખરી નિર્ણય)ના દિવસે તેનો જવાબ દેવો પડશે અને તેના અનુસાર જ હશ્ર – નશ્રનો ફેંસલો થશે. અર્થાત્ ભલાઈ – બુરાઈનો પરિણામ આવશે – નક્કી થશે.

* અલ્લાહ તે લોકો સાથે છે જે પરહેઝગાર (સંયમી, સદાચારી) છે. જે ઈન્સાન નીતિ – નિયમથી કાર્ય કરે એનું નામ જ ધર્મ અને ઈન્સાનિયત, માનવતા.

* સમાજ સંસ્કારી બને તે માટે માતા શિક્ષિત હોવી ઘટે.

સાપ્તાહિક સંદેશઃ

– અલ્લાહતઆલા નામે મુસલમાનને એક સાચા બંદામાં ગણે અને મુનાફિક અર્થાત્

* ઢોંગી, * દંભી, * પાખંડી, * દૂધ-દહીં બંનેમાં પગ રાખનારાના – નામના 'મુસલમાન'ના નુકસાનથી, હાનિ પહોંચાડવાથી મોમિનને બચાવે.

# ઝારખંડમાં જંગલી હાથીઓએ બે મહિલા સહિત પાંચને કચડયા

રામગઢ/રાંચીઃ ઝારખંડમાં છેલ્લા ૨૪ કલાકમાં અલગ અલગ ઘટનાઓમાં જંગલી હાથીઓ દ્વારા બે મહિલા સહિત પાંચ લોકોને કચડી નાખવામાં આવ્યા હતા, એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું.

રામગઢ જિલ્લામાં, માંડુ બ્લોકના જંગલ વિસ્તારમાં ચાર લોકોના મોત થયા હતા અને મંગળવારે રાત્રે રાંચીના અંગારાના જીદુ ગામમાં ૩૬ વર્ષીય વ્યક્તિનું મોત થયું હતું, એમ તેમણે જણાવ્યું હતું.બે ક્વિક રિસ્પોન્સ ટીમ અને વન રક્ષકો આ વિસ્તારમાં હાથીઓના ટોળાની ગતિવિધિઓ પર નજર રાખી રહ્યા છે, એમ રામગઢના ડિવિઝનલ ફોરેસ્ટ ઓફિસર નીતીશ કુમારે જણાવ્યું હતું.મૃતકોની ઓળખ સનિચરવા મુંડા (૩૬), અમુલ મહતો (૩૫), કનૈયા દેવી (૮૫), સાવિત્રી દેવી (૬૫) અને અમિત કુમાર રાજવાર (૩૨) તરીકે થઈ છે.

મંગળવારે બપોરે રામગઢમાં રાજવાર આઠ જંગલી હાથીઓના ટોળા પાસે વીડિયો કેપ્ચર કરવા અને સેલ્ફી લેવા ગયો ત્યારે તેને કચડી નાખવામાં આવ્યો હતો. કુમારે જણાવ્યું કે, તે સેન્ટ્રલ કોલફીલ્ડ્સ લિમિટેડમાં સુરક્ષા ગાર્ડ હતો.

તેમણે જણાવ્યું કે, રામગઢ અને બોકારો જિલ્લાના સરહદી વિસ્તારોમાં જંગલોમાં ૪૨ જેટલા હાથીઓ ટોળામાં વિભાજિત થઈને ફરતા હોય છે.

દરમિયાન, સેંકડો ગ્રામજનોએ ન્યૂ મોર-વેસ્ટ બોકારો રોડ પર નાકાબંધી કરી હતી, હાથીઓના આવા હુમલાઓને રોકવા માટે વળતર અને પૂરતા સુરક્ષા પગલાંની માગ કરી હતી. અંગારા પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારી ગૌતમ કુમાર રાજવારે જણાવ્યું હતું કે એક મહિલા સહિત બે ઘાયલોને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. તેમની ઓળખ રવિના કુમારી અને કમલનાથ મહતો તરીકે થઈ છે.

પહેલા પાનાનું ચાલુ

### ભારત-ઓમાન

પ્રોત્સાહન આપવા અને રોકાણને આકર્ષવા બંને દેશ નિયમો પણ હળવાં કરશે. ૨૦ વર્ષના સમયગાળા બાદ ઓમાન એફટીએ પર સહી કરી રહ્યું છે. ઓમાને છેલ્લે વર્ષ ૨૦૦૬માં અમેરિકા સાથે આ પ્રકારના કરાર કર્યા હતા, એમ તેમણે કહ્યું હતું. આ કરાર અંતર્ગત મુખ્યત્વે એનર્જી ટ્રાન્ઝિસન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, ફૂડ સિક્યોરિટી અને સ્ટાર્ટઅપ્સને આવરી લેવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### ટ્રેન ઉપડવાના

સુધીમાં જેટલી ટ્રેનો દોડવાની હશે તેનો પહેલો રિઝર્વેશન ચાર્ટ ટ્રેન ઉપડવાના ૧૦ કલાક પહેલા જ તૈયાર કરી દેવામાં આવશે. આ પહેલાની વાત કરીએ તો રિઝર્વેશન ચાર્ટ માત્ર ૪ કલાક પહેલા જ તૈયાર કરતા હતા, જેથી પ્રવાસીઓને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો હતો. ટિકિટ કન્ફર્મ થશે કે નહીં તેને લઈને પણ લોકોને ભ્રમમાં રહેવું પડતું હતું. પરંતુ હવે ૧૦ કલાક પહેલા જ જાણ થશે એટલે જો ટિકિટ કન્ફર્મ નથી થઈ તો લોકોને બીજો વિકલ્પ પસંદ કરવામાં પણ સરળતા રહેશે.

### વધુ ૨૦ દેશના

ઈમિગ્રેશન કાયદાઓને લાગુ કરવા અને બીજા જરૂરી વિદેશ નીતિ, નેશનલ સિક્યોરિટી અને કાઉન્ટર-ટેરરિઝમના લક્ષ્યોને આગળ વધારવા માટે વધુ જાણકારી નથી. તેમાં ૧૫ વધારાના દેશો – એન્ગોલા, એન્ટિગુઆ અને બાર્બુડા, બેનિન, કોટે ડી'આઇવર, ડોમિનિકા, ગેબોન, ધ ગામ્બિયા, મલાવી, મોરિટાનિયા, નાઇજીરીયા, સેનેગલ, ટાન્ઝાનિયા, ટોંગા, ઝામ્બિયા અને ઝિમ્બાબ્વે પર આંશિક પ્રતિબંધો અને પ્રવેશ એન્ટ્રી લિમિટ લગાવવામાં આવી છે.

### વીમા ક્ષેત્રમાં

આપણા દેશના લોકોએ પોતાનું પૅન કાર્ડ અને અધારા કાર્ડ આપવું પડશે. આજે જે રીતે ડિજિટલ ફ્રોડ થઇ રહ્યા છે, શું તમે આ કરવા માંગશો? તેમણે સરકારને ૧૦૦ ટકા એફડીઆઇ લાવવાના પ્રસ્તાવ અંગે ઉતાવળ ન કરવા અને બિલને સંસદની પસંદગી સમિતિને મોકલવા કહ્યું હતું. ઓલ ઇન્ડિયા તૃણમૂલ કોંગ્રેસના સાકેત ગોખલેએ બિલનું શીર્ષક અંગ્રેજી અને હિન્દી બંનેમાં હોવા સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે આ બિલ વિદેશી કંપનીઓ દ્વારા નફાખોરી માટે દરવાજા ખોલે છે. તેમજ કહ્યું કે વીમા ક્ષેત્રમાં મૂડી રોકાણના સરકારના દાવાઓને 'રિયલિટી ચેક'ની જરૂર છે. ગોખલેખે કહ્યું કે આ બિલને વિસ્તૃત તપાસ માટે સ્થાયી સમિતિને મોકલવું જોઇએ. તેમજ સરકાર પર બિલને બળજબરીપૂર્વક પસાર કરવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો.

### ન્યુક્લિયર

પક્ષના સભાત્યાગ બાદ આ ખરડો મૌખિક મતદાનથી મંજૂર થયો હતો. સિંહે આ ખરડાને 'સીમાચિન્હરૂપ ખરડો' ગણાવતા કહ્યું હતું કે એ દેશની વિકાસયાત્રાને નવી દિશા આપશે.

જિતેન્દ્ર સિંહે કહ્યું હતું કે ભૂરાજકારણમાં ભારતની ભૂમિકા વધી રહી છે. જો આપણે વૈશ્વિક ખેલાડી બનવા વૈશ્વિક માપદંડ અને વૈશ્વિક વ્યૂહને અનુસરવો પડશે. વિશ્વ સ્વચ્છ ઊર્જા તરફ આગળ વધી રહ્યું છે. આપણે ૨૦૪૭ સુધી ૧૦૦ ગીગા વૉટનું લક્ષ્ય રાખ્યું છે. વિરોધ પક્ષોએ દલીલ કરી હતી કે આ બિલ ૨૦૧૦ના અણુ નુકસાન ધારાની નાગરિક જવાબદારી ખરડાની જોગવાઈને સૌમ્ય બનાવે છે. જૂની જોગવાઈ પ્રમાણે અણુ દુર્ઘટના થાય તો તેની જવાબદારી અણુ ઉપકરણ આપનાર પુરવઠાકારની છે. (એજન્સી)

### ...હવે તો

તમામ પગલાં સ્કૂલ સંચાલકોએ લીધાં હતાં. જોકે ધમકીના સમાચારો વહેતા થતા વાલીઓમાં ફફડાટ ફેલાયો હતો. આ ઈમેલ્સમાં ગૃહ પ્રધાન અમિત શાહ અને સાબરમતી જેલમાં બંધ લોરેન્સ બિશ્નોઈના નામનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સૂત્રોએ આપેલી માહિતી અનુસાર ઈમેઇલમાં લખવામાં આવ્યું હતું કે હરદીપસિંહ નિજ્જરની હત્યાનાં ૯૦૦ દિવસ પૂરા થયા અને માટે હવે અમિત શાહ અને લોરેન્સ બિશ્નોઇએ તેનું પરિણામ ભોગવવું પડશે તેવો આ ધમકીમાં ઉલ્લેખ છે. ઉલ્લેખનીય છે કે નિજ્જર ખાલિસ્તાની સમર્થક હતો જેની હત્યા ૨૦૨૩માં થઇ હતી. દરમિયાન સવારે અમદાવાદની સ્કૂલોને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી, જેમાં શહેરની જાણીતી એવી મહારાજા, અગ્રસેન, ઝાયડસ, ઝેબર, ડીએવી ઈન્ટરનેશનલ, ડિવાઈન સ્કૂલ સહિતની સ્કૂલોનો સમાવેશ થાય છે. ગાંધીનગરમાં કલોલની આવિષ્કાર, ખોરજની જેમ્સ એન્ડ જેનેસિસ સ્કૂલને બપોરે ૧.૧૧ વાગ્યા આસપાસ ધમકી મળી હતી.

### ટ્રેનમાં નિર્ધારિત

છે. એસી ફર્સ્ટ ક્લાસ પેસેન્જર ૭૦ કિલોનો મફત સામાન લાવી શકે છે અને ચાર્જ ભરીને મહત્તમ ૧૫૦ કિલો લાવી શકે છે. પેસેન્જરે મફત સામનથી વધારે વજન માટે નાણાં ભરવાં જોઈએ છે. રેલેવે પ્રધાને બીજી મહત્ત્વની વાત એ છે કે ટ્રન્ક, સૂટકેસ અને બોક્સના બહારના માપ ૧૦૦ સેન્ટિમીટર લંબાઈના, ૬૦ સેન્ટિમીટર પહોળાઈના અને ૨૫ સેન્ટિમીટર ઊંચાઈના હોવા જોઈએ. આ માપનો સામાન વ્યક્તિગત સામાન તરીકે લઈ જવાની પરવાનગી છે. જો પેટી, સુટકેસ અને બોક્સના માપ લંબાઈ, પહોળાઈ કે ઊંચાઈના વધારે હોય તો એ પેટી કે સુટકેસ કે બોક્સ બ્રેકવાન (એસલઆર) કે પાર્સલ વૅનમાં બુક કરીને લઈ જવા પડશે અને તેને ઉતારુના ડબ્બામાં નહીં લઈ જવાય.

### પ્રદૂષણ ઘટાડવા

અને ૧૫ વર્ષ જૂનાં પેટ્રોલ વાહનોને બીએસ-ત્રીજા એમિશન સ્ટાન્ડર્ડમાં આપેલું રક્ષણ બુધવારે પાછું ખેંચ્યું છે. સર્વોચ્ચ અદાલતે તેના વાહનમાલિકો સામે દંડાત્મક પગલાં ન લેવાના તેના ૧૨ ઑગસ્ટના હુકમને જ સુધાર્યો હતો. કમિશન ફોર ઍર ક્વોલિટી મેનેજમેન્ટ (સીએક્યુએમ)એ અદાલતને સુપરત કરેલા છેલ્લામાં છેલ્લા અહેવાલમાં એવી ભલામણ કરી હતી કે ઑગસ્ટમાં અપાયેલી રાહતમાંથી બીએસ-ત્રણની અને જૂનાં વાહનોની બાદબાકી કરો. (એજન્સી)

### સલામતીની

મિશનની બહાર છેલ્લા કેટલાક દિવસોથી વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે, જેના કારણે દૂતાવાસની સુરક્ષા અંગે પ્રશ્નો ઉભા થયા છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ભારતે ઔપચારિક રીતે બાંગ્લાદેશ સરકાર પાસે સ્થિતિ સ્પષ્ટ કરવા જણાવ્યું છે.

આઈવીએસી એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે વર્તમાન સુરક્ષા પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અમે તમારા ધ્યાન પર લાવવા માંગીએ છીએ કે આઈવીએસી જેએફપી ઢાકા આજે બપોરે બે વાગ્યાથી બંધ રહેશે.

### ઈન્ડિગોના

અરજીમાં કેમ ઉઠાવી શકાય નહીં. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ દ્વારા પીઆઈએલ અંગે વિકસાવવામાં આવેલ ન્યાયશાસ્ત્ર કોર્ટને જાહેર હિતમાં અરજીનો વ્યાપ વધારવાની મંજૂરી આપે છે.

ખંડપીઠે પોતાના આદેશમાં કહ્યું હતું કે અમે અરજદારને પેન્ડિંગ અરજીમાં હસ્તક્ષેપ કરવાની મંજૂરી આપતા આ અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરીએ છીએ.

## વક્ફ સંપત્તિઓના વિવાદ મામલે પણ કોર્ટ ફી ભરવી પડશેઃ હાઈ કોર્ટના આદેશ સાથે ૧૫૦ પડતર અરજીઓનો નિકાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે વકફ એક્ટ હેઠળ નોંધાયેલ સંપત્તિઓના વિવાદના કેસમાં કોર્ટ ફી અંગે એક મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. હાઈ કોર્ટે ચૂકાદો આપતા ઠરાવ્યું હતું કે, હવેથી વકફ બોર્ડ હેઠળ આવતી નાની દરગાહોથી લઈને મોટી મસ્જિદોના સંચાલકોએ ટ્રિબ્યૂનલમાં કેસ લડવા માટે કોર્ટ ફી ચૂકવવી ફરજિયાત રહેશે. અત્યાર સુધી ફી વિના કેસ લડવાની છૂટ હતી, જેના પર હવે પૂર્ણવિરામ મુકાયું છે.

આ વકફ એક્ટ હેઠળ આવતી મોટાભાગની સંપત્તિઓ અંગે હાલ કોઈને કોઈ મામલે કોર્ટમાં કેસ ચાલી રહ્યા છે. જો કે અત્યાર સુધી વકફ એક્ટમાં સ્પષ્ટતાના અભાવે વકફ ટ્રિબ્યૂનલમાં ચાલતા કેસોમાં કોઈ કોર્ટ ફી વસૂલવામાં આવતી નહોતી. જ્યારે અન્ય તમામ ધાર્મિક કે સામાજિક ટ્રિબ્યૂનલોમાં કેસ લડવા માટે ફી લેવામાં આવતી હતી. જેથી આ વકફ મિલકતો સાથે જોડાયેલા કેસો અંગે ગુજરાત હાઈ કોર્ટે આ મોટો ચુકાદો આપ્યો હતો અને આ મિકલતોનું સંચાલન કરતા સંચાલકોને સ્પષ્ટ કહી દીધું હતું કે, કોઈ પણ વાદી કાનૂની પ્રક્રિયાથી ઉપર નથી.

જેથી નાની દરગાહથી માંડી મોટી મસ્જિદોના સંચાલકોએ હવેથી કોર્ટ ફી ભરવી પડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત હાઈ કોર્ટના આ મહત્ત્વપૂર્ણ ચુકાદાથી ૧૫૦થી પણ વધુ પડતર કેસોનો નિકાલ થયો છે, ત્યારે આગામી સમયમાં પણ હાઈ કોર્ટના આ નિર્ણયની અસર રાજ્યભરમાં ચાલતા વકફ મિલકત સાથે જોડાયેલા અનેક કેસો પર થશે અને તમામને વકફની પ્રોપર્ટીના કેસમાં નિયત ફી ભરવી અનિવાર્ય રહેશે.

ગુજરાત હાઇ કોર્ટના વકફ અંગેના ચુકાદાને આવકારતા નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે આ નિર્ણયથી વકફ પ્રોપર્ટીના નામે ચાલતી (મફતની સવારી) પર રોક લગાવવામાં આવી છે. અત્યાર સુધી ફી માફીને કારણે બિનજરૂરી કેસોનું ભારણ વધતું હતું. હવે ફી લાગુ થવાથી માત્ર વાસ્તવિક અને ગંભીર મુદ્દાઓ જ કોર્ટ સમક્ષ આવશે, જેના કારણે વકફ પ્રોપર્ટીના પડતર કેસોનો ઝડપી નિકાલ શક્ય બનશે. કોર્ટનો આ અભિગમ કાનૂની સમાનતાની દિશામાં એક મોટું પગલું છે.

## ગુજરાતમાં બે માર્ગ અકસ્માતમાં સાત લોકોનાં મોત, પોલીસે તપાસ શરૂ કરી

અમદાવાદઃ ગુજરાતના મોરબી અને અમરેલીમાં બે અલગ અલગ રોડ અકસ્માતમાં સાત લોકોનાં મોત થયા હતા, જેમાં પ્રથમ અકસ્માત મોરબી જિલ્લાના માળિયા વિસ્તારમાં થયો હતો, જેમાં ચાર શ્રદ્ધાળુઓનાં મોત થયા હતા. તેમ જ અમરેલીમાં ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયા હતા.

આ અંગે મળતી માહિતી મુજબ મોરબી જિલ્લાના માળિયા-પિપળિયા હાઇવે ખાતે સવારે ગમખ્વાર અકસ્માત થયો હતો. દ્વારકા દર્શન માટે જતા શ્રદ્ધાળુઓને એક અજાણ્યા વાહને ટક્કર મારી હતી. ચાચાવદરડા ગામના પાટિયા પાસે પેટ્રોલ પંપ પાસે આ અકસ્માત થયો હતો, જેમાં બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ અને દિયોદર તાલુકાના ૧૧ શ્રદ્ધાળુઓ દ્વારકા તરફ ચાલીને જઈ રહ્યા હતા. આ વાહને પાંચ લોકોને ટક્કર મારી હતી અને ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા. આ અકસ્માતમાં ચાર શ્રદ્ધાળુઓના અવસાન થયા હતા અને એક વ્યક્તિ ઘાયલ થઈ હતી.

આ અકસ્માતમાં ઘાયલોને તાત્કાલિક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મૃતકોની ઓળખ અમરાભાઈ ચૌધરી, ભગવાનભાઈ ચૌધરી, હાર્દિક ચૌધરી અને દિલીપભાઈ તરીકે થઈ છે. આ અકસ્માતની માહિતી મળતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી છે, જ્યારે ધારાસભ્ય દુર્લભજી દેથરિયા પણ સિવિલ હૉસ્પિટલ પહોંચ્યા અને પીડિતોના પરિવારજનો સાથે મુલાકાત કરી. પોલીસ અજાણ્યા વાહન અને ડ્રાઇવરની તપાસ કરી રહી છે.

જ્યારે બીજો અકસ્માત અમરેલી જિલ્લામાં સર્જાયો હતો, જેમાં એક કાર બેકાબૂ થઈ રોડ પરથી ઊતરી ગઈ હતી અને ઝાડ સાથે અથડાઈ હતી. બગસરાના હડાળા નજીક ડેરી પિપળિયા પાસે આ અકસ્માત થયો. આ કારમાં કુલ ચાર લોકો સવાર હતા. આ અકસ્માત એટલો ગંભીર હતો કે કાર સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ તેમ જ ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. આ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. ત્રણેય મૃતકો જૂનાગઢ જિલ્લાના રહેવાસી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

રાજ્યમાં સર્જાયેલા અકસ્માતમાં બાદ મૃતકોના પરિવારજનોમાં શોક વ્યાપી ગયો હતો. પોલીસે બંને કેસોની તપાસ શરૂ કરી છે. હિટ-ઍન્ડ-રન કેસમાં આરોપી ડ્રાઇવરની તપાસ કરવામાં આવી રહી છે, જ્યારે અમરેલી અકસ્માતના કારણની પણ તપાસ કરવામાં આવી રહી છે.

## દાહોદના પૂર્વ ઈન્ચાર્જ ડીપીઈઓ મયૂર પારેખ પાસે ₹ ૬૫.૪૦ લાખની અપ્રમાણસર મિલકત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદ જિલ્લાના પૂર્વ ઇન્ચાર્જ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયૂરકુમાર શાંતિલાલ પારેખની મશ્કેલીઓમાં વધારો થયો છે. લાંચ કેસમાં એસીબીના છટકામાં ઝડપાયા બાદ તેમની સામે આવક કરતાં વધુ મિલકતનો ગંભીર ગુનો નોંધવામાં આવ્યો છે. એસીબીએ રૂ. ૬૫.૪૦ લાખની અપ્રમાણસર મિલકત શોધી કાઢી છે. મયૂર પારેખ સામે લાંચ કેસ બાદ અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધાતા શિક્ષણવિભાગ અને વહીવટી તંત્રમાં ચકચાર મચી ગઈ છે.

પંચમહાલ એસીબી દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે, આરોપી મયુર પારેખે ૦૧/૦૧/૨૦૦૫ થી ૩૦/૦૬/૨૦૨૩ દરમિયાન પોતાના ફરજકાળ દરમિયાન કાયદેસરની આવકની સરખામણીમાં રૂ. ૬૫,૪૦,૧૬૩.૮૧ જેટલી અપ્રમાણસર મિલકત વસાવી હતી. આ મિલકત તેમની કુલ કાયદેસરની આવક કરતાં આશરે ૨૨.૫૮ ટકા વધુ છે.

એસીબીના જણાવ્યા અનુસાર, આરોપીએ સરકારી હોદ્દાનો દુરુપયોગ કરીને ગેરકાયદેસર રીતે આર્થિક લાભ મેળવ્યો હોવાનો આરોપ છે. અગાઉ લાંચ કેસમાં ઝડપાયા બાદ તેમની આવક-ખર્ચની વિસ્તૃત તપાસ હાથ ધરવામાં આવી હતી, જેના આધારે આ અપ્રમાણસર મિલકતનો અલગ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પંચમહાલ એસીબી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એચ.પી. કરેણ દ્વારા સરકાર તરફે ફરિયાદ નોંધાવવામાં આવી છે. દાહોદ એસીબી પોલીસ સ્ટેશનમાં વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## રાજ્યની મનપા અને ન.પા.ના સર્વાંગી વિકાસ માટે ₹૨૮૦૦ કરોડની રકમના ચેકનું વિતરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શહેરી વિકાસને વેગ આપવા માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં આયોજિત કાર્યક્રમમાં રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને ૨૮૦૦ કરોડ રૂપિયાની રકમના ચેકોનું વિતરણ કર્યું હતું.

આ ચેક અર્પણ અંતર્ગત રાજ્યની ૮ મહાનગરપાલિકાઓને કુલ ૨૧૩૨ કરોડ રૂપિયા તથા નવી રચાયેલી ૯ મહાનગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. ૪૦ કરોડ મુજબ કુલ ૩૬૦ કરોડ રૂપિયાની રકમ માળખાકીય વિકાસ કામો માટે આપી હતી. આ ઉપરાંત રાજ્યની ૧૫૨ નગરપાલિકાઓને કુલ ૩૦૮ કરોડ રૂપિયા મળીને સમગ્રતયા ૨૮૦૦ કરોડ રૂપિયા વિકાસ કાર્યો માટે આપ્યા હતા.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી, શહેરી વિકાસ પ્રધાન કનુભાઈ દેસાઈ અને રાજ્ય પ્રધાન દર્શનાબેન વાઘેલાની ઉપસ્થિતિમાં આ ચેક અર્પણ અંતર્ગત રાજ્યની ૮ મહાનગરપાલિકાઓને કુલ ૨૧૩૨ કરોડ રૂપિયા તથા નવી રચાયેલી ૯ મહાનગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. ૪૦ કરોડ મુજબ કુલ ૩૬૦ કરોડ રૂપિયાની રકમ માળખાકીય વિકાસ કામો માટે આપી હતી. આ ઉપરાંત રાજ્યની ૧૫૨ નગરપાલિકાઓને કુલ ૩૦૮ કરોડ રૂપિયા મળીને સમગ્રતયા ૨૮૦૦ કરોડ રૂપિયા વિકાસ કાર્યો માટે આપ્યા હતા.

જેમાં અમદાવાદ કોર્પોરેશનને રૂપિયા ૭૮૦ કરોડ, સુરત મનપાને રૂપિયા ૬૫૭ કરોડ, વડોદરા કોર્પોરેશનને રૂપિયા ૨૩૫ કરોડ અને રાજકોટ કોર્પોરેશનને રૂપિયા ૧૯૫ કરોડની સહાય આપવામાં આવી હતી. જ્યારે મુખ્ય મંત્રીએ ૨૦૪૭ના વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણનો રોડમેપ ''અર્નિંગ વેલ અને લિવિંગ વેલ''ના સંકલ્પ સાથે તૈયાર કરવામાં આવ્યો છે તેમ જણાવતા કહ્યું કે, ૨૦૪૭ના વિકસિત ભારત પહેલાં ૨૦૩૫માં ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષ ઉજવાય ત્યાં સુધીમાં આપણાં શહેરોને દેશમાં ઉત્ક્રૃષ્ઠ સુવિધાયુક્ત શહેરો બનાવવાની તક છે.

મુખ્ય પ્રધાને સિટિઝન સેન્ટ્રીક ઈ-સર્વિસીસ અને મોબાઈલ ગવર્નન્સનો વ્યાપ વધારીને બધાં જ શહેરોમાં ટેક્સ કલેક્શન, વીજ બિલ સહિતનાં બિલોના પેમેન્ટ માટે યુ.પી.આઈ.ના ઉપયોગને વેગ મળે તે જોવાનો પણ અનુરોધ મહાનગરપાલિકાઓ-નગરપાલિકાઓને કર્યો હતો.

ક્લાઈમેટ ચેન્જના પડકારોને પહોંચી વળવા આપણાં નગરો-મહાનગરોએ ગ્રીન સ્પેસ, ગ્રીન ગ્રોથ અને ગ્રીન મોબિલિટી તથા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને સ્વચ્છતા સર્વેક્ષણમાં લીડ લીધી છે. એટલું જ નહિ, સર્ક્યુલર ઇકોનોમીને વેગ આપવા ચાર 'છ' રિડ્યુસ, રિયુઝ, રિસાયકલ અને રિકવર પર ફોકસ કર્યું છે.

શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ની બે દાયકાની એ સફળતાને પગલે મોડર્ન અર્બન ટ્રાન્સફોર્મેશનમાં મોટું પરિવર્તન આવ્યું છે. આ ટ્રાન્સફોર્મેશનને વધુ ગતિ આપવા રાજ્ય સરકારે સર્વ સ્પર્શી, સર્વ પોષક અને સર્વ સમાવેશી નગરોના વિકાસની નેમ પાર પાડવા ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવ્યું છે એમ તેમણે કહ્યું હતું.

આપણાં ૬ શહેરોએ સ્વચ્છ સર્વેક્ષણમાં નોંધપાત્ર પ્રગતિથી રાષ્ટ્રીય સ્તરે સ્થાન મેળવ્યું છે તે લિગસી ને આગળ વધારવા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં બધાં જ શહેરોને લિડ લેવાનો અને વોર્ડ દીઠ કચરાનું ૧૦૦ ટકા સેગ્રીગેશન કરવાનો તથા નગરપાલિકાઓમાં વીજ બિલની બચત માટે ગ્રીન ક્લિન સોલાર એનર્જીનો ઉપયોગ વધારવાનો મુખ્ય પ્રધાને અનુરોધ કર્યો હતો.

## ઉદ્‌ઘાટનના બે વર્ષ બાદ પણ સુરત ડાયમન્ડ બુર્સ અડધું ખાલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુંબઈના હીરા ઉદ્યોગને ઝાંખો પાડી દેશે તેવા અહેવાલો સાથે બે વર્ષ પહેલાં સુરતનું ડાયમન્ડ બુર્સ શરૂ થયું હતું, પરંતુ હજુ તે સંપૂર્ણપણે કાર્યરત નથી. લગભગ પાંચેક વર્ષ પહેલાં અહીં ઓફિસ બુક કરવાની શરૂઆત થઈ હતી અને બે વર્ષ અગાઉ ઉદ્‌ઘાટન થયું હતું. વર્ષ ૨૦૨૩માં ૧૭મી ડિસેમ્બરે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આલીશાન સુરત ડાયમન્ડ બુર્સનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ઘણાએ અહીં ઓફિસ તો ખરીદી છે, પરંતુ તેઓ અહીંથી બિઝનેસ કરવા માગતા નથી, તેમ સૂત્રો જણાવે છે.

ખૂબ જ વિશાળ અને અદ્યતન ૧૫ માળીય ઈમારતમાં ૪,૨૦૦ ઓફિસ આવેલી છે. રૂ. ૩,૨૦૦ કરોડના ખર્ચે બનેલી આ ઈમારત ડ્રિમ સિટી પ્રોજેક્ટનો મહત્ત્વનો ભાગ પણ છે, પરંતુ અપેક્ષા પ્રમાણે અહીં કામ થઈ રહ્યું ન હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અહીં હાલમાં માત્ર ૫૦ ઓફિસ કાર્યરત હોવાનું એક અહેવાલ જણાવે છે. આવતા વર્ષથી વધારે ઓફિસ કાર્યરત થાય અને અહીંથી હીરાના વેપારીઓ વેપાર કરે તેવી કોશિશો થઈ રહી છે, તેમ અહીંની કમિટીના સૂત્રોએ જણાવ્યું હતું.

સુરતના મહિધરપુરામાં જ લગભગ ૨૦૦ જેટલા હીરાના મોટા વેપારીઓ છે અને અન્ય ૨૦૦૦ જેટલા નાના-મોટા વેપારીઓ અહીંથી કામ કરે છે. તત્કાલીન ગૃહરાજ્ય પ્રધાન અને હાલના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ અગાઉ વેપારીઓ સાથે બેઠકો કરી તેમને બુર્સમાં શિફ્ટ થવા કહ્યું હતું.

આ અંગે નિષ્ણાતોનું માનીએ તો સુરત ડાયમન્ટ બુર્સ જરૂરી એર કનેક્ટિવિટીના અભાવે ખાલી રહી ગયું છે. જેમ્સ એન્ડ જ્વેલરી પ્રમોશન કાઉન્સિલ દ્વારા ઈન્ટરનેશનલ કનેક્ટિવિટી અને કાર્ગો ફેસિલિટી આપવાની રજૂઆત એરપોર્ટ ઓથોરિટી સામે કરી હતી.

## છેલ્લાં પાંચ વર્ષમાં બાવન હજારથી વધુ અનુસૂચિત જાતિની દીકરીઓને ₹ ૬૦ કરોડથી વધુની સહાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારની મહત્ત્વની 'કુંવરબાઇનું મામેરું' યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં ૫૨,૦૦૦થી વધુ અનુસૂચિત જાતિની દીકરીઓને રૂ. ૬૦ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. મહત્ત્વનું છે કે, પુનઃ લગ્નના કિસ્સામાં પણ દીકરીઓને આ યોજનાનો લાભ આપીને સુશાસનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

કુંવરબાઇનું મામેરું યોજનાનો મુખ્ય ઉદ્દેશ અનુસૂચિત જાતિના જરૂરિયાતમંદ પરિવારોને તેમની દીકરીના લગ્નપ્રસંગે થતા ખર્ચમાં મદદરૂપ થવાનો છે. દીકરીના લગ્નપ્રસંગે રૂ. ૧૨,૦૦૦ની સહાય ડીબીટી દ્વારા સીધી લાભાર્થીના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.

યોજનાનો લાભ વધુને વધુ જરૂરિયાતમંદ પરિવારો સુધી પહોંચે તે માટે સરળ માપદંડ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં શહેરી અને ગ્રામીણ બંને વિસ્તાર માટે રૂ. ૬ લાખની આવક મર્યાદા નક્કી કરવામાં આવી છે. એક કુટુંબમાં વધુમાં વધુ બે દીકરીઓના લગ્ન માટે આ યોજનાનો લાભ આપવામાં આવે છે, જેમાં દીકરીની વય ૧૮ વર્ષ અને દીકરાની વય ૨૧ વર્ષ હોવી જરૂરી છે.

## ગુજરાતમાં આગામી વર્ષથી નવા જંત્રીદર લાગુ પડે તેવી શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે આવક વધારવા માટે જમીનની સૂચિત જંત્રી દરો વધારા સાથે જાહેર કર્યા હતા, જેના વિરોધ બાદ સરકારે જંત્રીના દર વધારા માટે સૂચનો મગાવાની ફરજ પડી હતી. રાજ્યભરમાં વ્યાપક વિરોધને પગલે જંત્રીના દરો મોકૂફ રાખ્યા બાદ સુધારેલા જંત્રીના દરો જાન્યુઆરીમાં અમલમાં આવે તેવી શક્યતા છે. રાજ્ય સરકારે શરૂઆતમાં આ દરો બમણા કર્યા હતા, જેના કારણે તીવ્ર વિરોધ થયો હતો. સુધારેલા ફોર્મ્યુલા હેઠળ, જંત્રીના દરો હવે સમાન રહેશે નહીં, ગ્રામીણ અને શહેરી વિસ્તારોના જંત્રી દરમાં ફરક હોઈ શકે, તેવી માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે સરકાર જંત્રીના નવા દર બજેટ સત્ર પહેલા લાગુ કરવા આતુર છે. એકવાર અમલમાં આવ્યા પછી, જમીન અને મિલકતના ભાવોમાં વધારો થવાની ધારણા છે. લાંબા સમયથી ચાલી રહેલી અનિશ્ચિતતાએ પહેલેથી જ રિયલ એસ્ટેટ ક્ષેત્રને નુકસાન પહોંચાડ્યું છે. અનેક ડેવલપર્સ નવા દર જાહેર થવાની રાહ જોઈ રહ્યા છે. જેથી તેમણે કેટલાક પ્રોજેક્ટ સ્થગિત રાખ્યા છે. ઉદ્યોગ સંગઠનોએ સરકારને ઝડપી નિર્ણય લેવા વિનંતી કરી હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું.

નવા જંત્રી માળખામાં બાંધકામના પ્રકારોની વધુ સ્પષ્ટ વ્યાખ્યાઓ પણ રજૂ કરવામાં આવશે, જેમાં ખુલ્લા પ્લોટ્સ, આર.સી.સી. સ્ટ્રક્ચર્સ, ભાર-વહન સ્ટ્રક્ચર્સ, આર.સી.સી. અને ટીન-રૂફ ઔદ્યોગિક શેડ્સનો સમાવેશ થાય છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની હદો ઉપરાંત, શહેરી વિકાસ સત્તામંડળો, નગરપાલિકાઓ અને અન્ય સૂચિત ઝોન હેઠળના વિસ્તારોને પણ સુધારેલા દરોમાં ધ્યાનમાં લેવામાં આવ્યા છે. આ શહેરી હદોની બહારના પ્રદેશો તરીકે માનવામાં આવતા ગ્રામીણ વિસ્તારો પણ આવરી લેવામાં આવશે.

## ડ્રગ્સના દૂષણને રોકવા રોલિંગ પેપર્સ, સ્મોકિંગ કોન, પેકેજડ રોલિંગ કીટ સહિતની વસ્તુઓ પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સમયાંતરે કોઈને કોઈ જગ્યાએ ડ્રગ્સ પકડાતું રહે છે તો બીજી બાજુ રાજ્યભરના યુવાનો ડ્રગ્સ લેતા થયા હોવાના અહેવાલો સતત આવ્યા કરે છે. આ બાબતને ધ્યાનમાં રાખી રાજ્ય સરકારે ડ્રગ્સના દૂષણને રોકવા મહત્ત્વનો નિર્ણય લીધો હતો. રાજ્ય સરકારે રાજ્યભરમાં રોલિંગ પેપર્સ, સ્મોકિંગ કોન, પેકેજડ રોલિંગ કીટ અને અન્ય સામાન વસ્તુઓના વેચાણ, સંગ્રહ, વિતરણ, જાહેરાત, પ્રમોશન અને પ્રદર્શન પર તાત્કાલિક પ્રતિબંધ મૂક્યો હતો.

ગૃહ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા અનુસાર, આ ઉત્પાદનોમાં ટાઇટેનિયમ ઓક્સાઇડ, પોટેશિયમ નાઇટ્રેટ, કૃત્રિમ રંગો અને ક્લોરિન બ્લીચ જેવા ઝેરી પદાર્થો હોવાનું જાણવા મળ્યું છે, જે જાહેર આરોગ્ય માટે અત્યંત હાનિકારક છે. આ આદેશ તાત્કાલિક અસરથી સમગ્ર ગુજરાતમાં લાગુ કરવામાં આવ્યો હતો. રાજ્યના તમામ પાન પાર્લર, ચાની દુકાનો અને છૂટક કરિયાણાની દુકાનોને આ વસ્તુઓનું વેચાણ તાત્કાલિક બંધ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી યુવાનોમાં નશાનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. હવે રાજ્ય સરકારે તાત્કાલિક અસરથી રાજ્યભરમાં ગોગો પેપર, રોલિંગ પેપર અને પરફેક્ટ રોલ જેવી સામગ્રીના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ પર પ્રતિબંધ લાદી દીધો હતો. સરકારના ધ્યાનમાં આવ્યું હતું કે યુવાનો અને સગીરો ચરસ-ગાંજા જેવા માદક પદાર્થોનું સેવન કરવા માટે આ પ્રકારના પેપર્સ અને કોનનો ઉપયોગ કરી રહ્યા છે. આ પેપર્સ માત્ર નશાને પ્રોત્સાહન નથી આપતા, પરંતુ સ્વાસ્થ્ય માટે પણ અત્યંત ઘાતક છે. વિવિધ સંશોધનો અનુસાર બહાર આવ્યું છે કે આ પેપર્સમાં ટાઇટેનિયમ ઓક્સાઇડ, પોટેશિયમ નાઇટ્રેટ, આર્ટિફિશયલ ડાય, કેલ્શિયમ કાર્બોનેટ અને ક્લોરીન બ્લીચ જેવા ઝેરી રાસાયણિક પદાર્થો હોય છે. આ રસાયણો માનવ શરીર માટે ધીમા ઝેર સમાન છે અને કેન્સર જેવી ગંભીર બીમારીઓ નોતરી શકે છે.

આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યમાં સરળતાથી મળતી નશાની સામગ્રી પર પ્રતિબંધ લગાવવાનો અને યુવા પેઢીને બરબાદ થતી અટકાવવાનો છે. સરકારના આ પગલાને વાલીઓ અને સામાજિક સંગઠનો દ્વારા આવકારવામાં આવ્યો છે. પોલીસ તંત્રને પણ આ જાહેરનામાનો કડક અમલ કરાવવા માટે સૂચના આપી દેવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

જો કોઈ વેપારી કે વ્યક્તિ આ પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ કરતા ઝડપાશે તો તેમની સામે ભારતીય ન્યાય સંહિતા બીએનએસ-૨૦૨૩ની કલમ ૨૨૩ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સાથે તાજેતરમાં કોંગ્રેસ દ્વારા યોજવામાં આવેલી જનઆક્રોશ યાત્રા દરમિયાન પણ ગુજરાતમાં દારૂ અને ડ્રગ્સનો આ મુદ્દો ભારે ચર્ચાસ્પદ રહ્યો હતો.

## આયુષ્માન કાર્ડના રીન્યુઅલ પ્રશ્નો મુદ્દે ધારાસભ્ય કુમાર કાનાણીએ આરોગ્ય પ્રધાનને પત્ર લખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના પૂર્વ આરોગ્ય પ્રધાન અને સુરતના ધારાસભ્ય કુમાર કાનાણીએ આયુષ્માન કાર્ડના રીન્યુઅલના પ્રશ્નો મુદ્દે રાજ્યના વર્તમાન આરોગ્ય પ્રધાન પ્રફુલભાઈ પાનસુરિયાને પત્ર લખ્યો હતો. તેમણે નવા આયુષ્માન ભારત આરોગ્ય કાર્ડ રિન્યુ કરવામાં અને મેળવવામાં નાગરિકોને થતી વધતી મુશ્કેલીઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. કાર્ડ જારી કરવામાં અને પ્રક્રિયા કરવામાં વિલંબ અંગે જાહેર ફરિયાદોને પ્રકાશિત કરતા આ પત્રનો રાજ્ય સરકાર તરફથી ઝડપી પ્રતિભાવ મળ્યો હતો.

કાનાણીના સંદેશાવ્યવહારની નોંધ લેતા, આરોગ્ય પ્રધાન પાનસુરિયાએ પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (પીએમજય)ના અધિકારીઓને તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવા નિર્દેશ આપ્યો હતો. તાજેતરની સોશ્યલ મીડિયા પોસ્ટમાં, પાનસુરિયાએ જણાવ્યું હતું કે સરકાર ખાતરી કરવા માટે પ્રતિબદ્ધ છે કે આયુષ્માન ભારત યોજના હેઠળ આરોગ્યસંભાળ લાભો મેળવવામાં કોઈ પણ પાત્ર નાગરિક કે દર્દીને અસુવિધાનો સામનો ન કરવો પડે.

આરોગ્ય વિભાગના અધિકારીઓને ચકાસણી પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા અને જિલ્લા-સ્તરના વહીવટકર્તાઓ સાથે સંકલન મજબૂત કરવા સૂચના આપવામાં આવી હતી. આ પગલું ત્યારે લેવામાં આવ્યું છે જ્યારે ઘણા લાભાર્થીઓ, ખાસ કરીને ઓછી આવક ધરાવતાં જૂથોના, નોંધણી કેન્દ્રો પર ટેકનિકલ ખામીઓ, દસ્તાવેજીકરણમાં અવરોધો અને લાંબા સમય સુધી રાહ જોવાના સમય વિશે ફરિયાદ કરી છે.

આયુષ્માન ભારત-પીએમજય યોજના, એક મુખ્ય કેન્દ્રીય પહેલ, વાર્ષિક ₹ ૫ લાખ સુધીની કેશલેસ સારવાર પૂરી પાડે છે. લાભાર્થી કવરેજમાં ગુજરાત અગ્રણી રાજ્યોમાંનું એક છે, પરંતુ સેવા વિતરણ કાર્યક્ષમતામાં પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે.

## નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા-રાહુલને રાહત મળતા કૉંગ્રેસની રેલી, પ્રદેશ પ્રમુખ સહિત કાર્યકરોની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર પોલીસે બુધવારે ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા સહિત ગુજરાત કૉંગ્રેસના નેતાઓની અટકાયત કરી હતી. કૉંગ્રેસે ખાનપુરમાં ભારતીય જનતા પાર્ટી કાર્યાલય તરફ પદયાત્રા કરી રહી હતી.

નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની ફરિયાદની નોંધ લેવાનો દિલ્હી કોર્ટે ઇનકાર કર્યા બાદ, કૉંગ્રેસે નહેરુ બ્રિજથી સત્યમેવ જયતેના નારા હેઠળ પદયાત્રાનું આયોજન કર્યું હતું. અમિત ચાવડાના નેતૃત્વમાં, કૉંગ્રેસના અગ્રણી નેતાઓ અને કાર્યકરો નહેરુ બ્રિજથી ભાજપ કાર્યાલય તરફ કૂચ કરવા ગયા હતા. જોકે, પુલના ખાનપુર છેડા પાસે, પોલીસે યાત્રા અટકાવી હતી. ચાવડા સહિત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિરોધ પક્ષના નેતા શહેઝાદખાન પઠાણ, કૉંગ્રેસના નેતા શાહનવાઝ શેખ, કોર્પોરેટરો અને પાર્ટી કાર્યકરોને પણ અટકમાં લેવામાં આવ્યા હતા.

પોલીસે રસ્તાની બાજુમાં એક વાન મૂકી અને કૉંગ્રેસના નેતાઓ અને કાર્યકરોની અટકાયત કરી. પાર્ટીના ઘણા કાર્યકરોને પોલીસ વાહનોમાં બેસવાનું કહેવામાં આવ્યું હતું, જેના કારણે કૉંગ્રેસના સભ્યો અને પોલીસ વચ્ચે થોડી મિનિટો ઘર્ષણ થયું હતું. આ કારણે બ્રિજ પર વાહનોની લાંબી કતારો લાગી હતી.

## સુરતમાં બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા સુમુલ ડેરી, એનડીડીબી અને સુઝુકી વચ્ચે કરાર કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ (સુમુલ ડેરી), રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (એનડીડીબી) અને સુઝુકી આર ઍન્ડ ડી સેન્ટર ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડે મંગળવારે સુરતમાં ગાયના છાણ આધારિત ૭૫ એમટીપીડીનો કોમ્પ્રેસ્ડ બાયોગેસ (સીબીજી) પ્લાન્ટ ઊભો કરવા માટે ત્રિપક્ષીય એમઓયુ સાઈન કર્યો હતો. શહેરના બાજીપુરામાં ઊભો થનારો આ પ્લાન્ટ પોષક તત્ત્વોથી ભરપૂર ઑર્ગેનિક ફર્ટિલાઈઝર સાથે સ્વચ્છ બાયોગેસનું ઉત્પાદન કરશે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય રાસાયણિક ખાતરો પર નિર્ભરતા ઘટાડવા, આબોહવાને અનુરૂપ ખેતીને પ્રોત્સાહન આપવા અને ડેરી ખેડૂતો માટે વધારાની આવકની તકો ઊભી કરવાનો છે. સુમુલ ડેરી સાથે સંકળાયેલા સુરત અને તાપી જિલ્લાના બે લાખથી વધુ પશુપાલકોને આ પહેલનો લાભ મળવાની અપેક્ષા છે. સરકાર પણ બાયોગેસ ઉત્પાદનને પ્રોત્સાહન અને સબસિડી આપી રહી છે. અત્યાર સુધીમાં, સુમુલ ડેરીએ ૬,૫૪૩ પશુપાલક પરિવારો માટે નાના બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કર્યા છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

# સંસ્થા સમાચાર

## સાહિત્ય સંશોધક ડૉ. નિરંજન રાજ્યગુરુને મળશે રાષ્ટ્રીય સ્તરનો લાઇફટાઈમ અચિવમેન્ટ અવૉર્ડ

પશ્ચિમ ભારત સાંસ્કૃતિક કેન્દ્ર (વેસ્ટ ઝોન કલ્ચર સેન્ટર, ઉદયપુર-રાજસ્થાન) દ્વારા દરવર્ષે ૨૧ ડિસેમ્બરથી યોજાતા નશિલ્પગ્રામ ઉત્સવથના ઉદ્ઘાટન દરમિયાન મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને ગોવાનાં રાજ્યોમાંથી લોકકળાના સંશોધન-સંરક્ષણ ક્ષેત્રે જેમનું યોગદાન અપ્રતીમ હોય એવા મહાનુભાવોને નપદ્મભૂષણ ડૉ. કોમલ કોઠારી સ્મૃતિ લાઈફટાઈમ અચિવમેન્ટ લોકકલા પુરસ્કારથથી નવાજવામાં આવે છે. આ વર્ષે ૨૧ ડિસેમ્બરે આયોજિત આ કાર્યક્રમમાં ધનરાશિ, શાલ અને રજતચંદ્રક સાથે ડૉ. નિરંજન રાજ્યગુરુને સન્માનિત કરવામાં આવશે.

## શ્રી માટુંગા ગુજરાતી સેવા મંડળ સંસ્થાની ૯૦મી વર્ષગાંઠ

શ્રી માટુંગા ગુજરાતી સેવા મંડળ સંસ્થા ૯૦ વર્ષ પૂર્ણ કરી ૯૧મા વર્ષમાં પદાર્પણ કર્યું છે. આ સંસ્થાના પુસ્તકભંડારમાં ૧૭ હજારથી વધુ ગુજરાતી પુસ્તકોનો ખજાનો છે. આજના મોડર્ન યુગમાં આપણી માતૃભાષાને ચેતનવંતી, ધબકતી રાખવા તથા લોકોમાં ગુજરાતી વાંચન પ્રત્યે રસ ઉત્પન્ન કરવાનું કાર્ય આ સંસ્થા કરતી આવી છે.

## શ્રીમદ્ ભાગવત સમૂહ સપ્તાહ જ્ઞાનયજ્ઞ

વસઈ રોડ પર આવેલા શ્રી જલારામ મંદિર સંચાલિત શ્રી રઘુકુળ યુવક પ્રગતિ મંડળ (રજી) આયોજિત શ્રી કાલીમાતા મંદિરની સામે, કલ્પતરુ મેદાનમાં આજથી બપોરે દોઢ કલાકે શ્રીમદ્ ભાગવત સમૂહ સપ્તાહ જ્ઞાનયજ્ઞની શરૂઆત થઈ રહી છે. એ નિમિત્તે પોથીઓની વાજતે-ગાજતે શોભાયાત્રા કાઢવામાં આવશે. ૨૩ ડિસેમ્બર સુધી આ કથાનો લાભ ભક્તો લઈ શકશે.

## વરસી તપના પારણા સંપન્ન

તપાગચ્છીય શ્રી પ્રેમ-ભુવન-જયઘોષસૂરી સમુદાયના પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી જિનશાસનનાં વિવિધ શુભકાર્યોના આયોજક-પ્રેરણાદાતા પૂ. સમુદાય વડીલ શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા. પૂ. મુનિરાજ શ્રી હેમકીર્તિવિજયજી મ.સા. શ્રી વિવેકસારવિજયજી મ.સા. અને શ્રી પ્રીતિયશવિજયજી મ.સા. આદિ ઠાણા-૪ની પાવનનિશ્રામાં થાના(પ) ઘોડબંદર રોડ, કાસારવડવલી નાકા પાસે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થ મહાધામમાં ટ્રસ્ટના ટ્રસ્ટીએ શ્રી કચ્છી જૈન સંઘના સામુદાયિક વરસી તપના પારણાનો લાભ લીધો.

## રોટરી ક્લબ ઓફ કાંદિવલી દ્વારા ફ્રી ડેન્ટલ કેમ્પ

રોટરી ક્લબ ઓફ કાંદિવલી વેસ્ટના સભ્યોએ જ્ઞાનવર્ધિની વિદ્યાલય ખાતે ડેન્ટલ ચેકઅપ કેમ્પ યોજ્યો હતો. એમાં ધોરણ પાંચથી દસના વિદ્યાર્થીઓનો ડેન્ટલ ચેકઅપ કરવામાં આવ્યો હતો. એનો લાભ ૬૦ વિદ્યાર્થીઓ અને ૧૦ શિક્ષકોએ લીધો હતો.

## બોરીવલી સ્ટેશન પર હેલ્પ ડેસ્ક

ગ્લોબલ કપોળ વિકાસ દ્વારા મુસાફરો માટે બોરીવલી સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ત્રણ ઉપર નવી હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવી છે. એનાથી દરરોજ પ્રવાસીઓને મદદ અને માર્ગદર્શન મળી રહેશે. હવે આ ટ્રસ્ટ દાદર, વસઈ અને અન્ય આઠ મોટાં રેલવે સ્ટેશનો પર આ સેવા શરૂ કરશે.

નવમા પાનાનું ચાલુ

## કોકાટેની હાઇ કોર્ટમાં

સેશન્સ કોર્ટે, મેજિસ્ટ્રેટ કોર્ટના દોષિત ઠેરવવાના આદેશને સમર્થન આપ્યું છે તેથી કોકાટે પ્રધાનપદ ગુમાવી શકે છે. નાસિક કોર્ટે, આ વર્ષે ૨૦ ફેબ્રુઆરીના નીચલી કોર્ટના આદેશને સમર્થન આપતા, મંગળવારે નોંધ્યું હતું કે પ્રધાન 'સમૃદ્ધ' ખેડૂત હતા.

દોષિત ઠેરવ્યા પછી કોકાટેના ધારાસભ્ય તરીકેના દરજ્જા વિશે પૂછવામાં આવતા, રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે બુધવારે કહ્યું કે તેમને હજુ સુધી કોર્ટના આદેશાની પ્રમાણિત નકલ મળી નથી.

આ વર્ષે ૨૦ ફેબ્રુઆરીના રોજ, મેજિસ્ટ્રેટ કોર્ટે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના નેતા કોકાટે અને તેમના ભાઈ વિજય કોકાટેને દોષિત ઠેરવ્યા હતા. રાજ્ય સરકારના ક્વોટા હેઠળ ફ્લેટ મેળવવા માટે નકલી દસ્તાવેજો રજૂ કરવાના કેસમાં આ બંનેને બે વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. તેમની અપીલ પર, સેશન્સ કોર્ટે ૫ માર્ચે તેમની સજા પર સ્ટે આપ્યો હતો. નાશિક જિલ્લા અને સેશન્સ કોર્ટના ન્યાયાધીશ પી.એમ. બદરે મંગળવારે મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા મંત્રી કોકાટેને આપવામાં આવેલી જેલની સજાને સમર્થન આપ્યું હતું.

આ કેસ ૧૯૮૯ અને ૧૯૯૨ વચ્ચેના સમયગાળાનો છે, જ્યારે રાજ્ય સરકારે વાર્ષિક ૩૦,૦૦૦ રૂપિયા સુધીની આવક ધરાવતા જરૂરિયાતમંદ લોકો માટે અનામત આવાસ યોજના શરૂ કરી હતી. બંને ભાઈઓએ ખોટું સોગંદનામું રજૂ કરીને જાહેર કર્યું હતું કે તેમની આવક આ મર્યાદાથી ઓછી છે. ત્યારબાદ તેમને ૧૯૯૪માં નાસિકના વિસે માલા વિસ્તારમાં ફ્લેટ ફાળવવામાં આવ્યા હતા. સેશન્સ કોર્ટે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦ (છેતરપિંડી), ૪૬૫ (બનાવટી), ૪૬૮ (છેતરપિંડી કરવાના હેતુથી બનાવટ) અને ૪૭૧ (ખોટા દસ્તાવેજનો અપ્રમાણિકપણે ઉપયોગ) હેઠળ દોષી ઠેરવ્યા હતા. આરોપીઓને આઇપીસી કલમ ૪૬૭ (મૂલ્યવાન દસ્તાવેજની બનાવટ) અને ૪૭૪ (બનાવટી દસ્તાવેજો રાખવા) હેઠળના ગુનાઓમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. (પીટીઆઈ)

## હું શા માટે

લડે, જેમ આપણે કારગિલ અને તાજેતરમાં ઓપરેશન સિંદૂરમાં જોયું.

ભાજપે કહ્યું છે કે આ કૉંગ્રેસની જૂની આદત છે

ભાજપના સાંસદ બ્રિજ લાલે કૉંગ્રેસ નેતાના નિવેદનની સખત નિંદા કરી અને કહ્યું કે, કૉંગ્રેસ પાર્ટી હંમેશાં પાકિસ્તાન તરફી રહી છે. આ કૉંગ્રેસ પાર્ટીએ હંમેશાં દેશનું અપમાન કર્યું છે, જ્યારે પણ તેમના નેતા રાહુલ ગાંધી વિદેશ જાય છે, ત્યારે તેઓ ભારતનું અપમાન કરે છે. પૃથ્વીરાજ ચવ્હાણ કૉંગ્રેસના વરિષ્ઠ નેતા છે અને તેઓ ભારતનું અપમાન કરી રહ્યા છે? આખો દેશ આ જોઈ રહ્યો છે અને જનતા કૉંગ્રેસને પાઠ ભણાવશે.''

ઓપરેશન સિંદૂર પર કૉંગ્રેસના નેતા પૃથ્વીરાજ ચવ્હાણના નિવેદન પર ભાજપના સાંસદ જગદંબિકા પોલે કહ્યું, વિશ્વએ આપણા ઓપરેશન સિંદૂરની સફળતાનો સ્વીકાર કર્યો છે અને આજે ભારતનો એક નાગરિક, તે પણ કૉંગ્રેસના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન, આવા નિવેદનો આપે છે? તેમનું નિવેદન ભારતીય સેનાની બહાદુરીનું અપમાન છે. તેમણે દેશને શરમમાં મૂક્યું છે અને ભારતીય સેનાનું અપમાન કર્યું છે. તેમણે માફી માગવી જોઈએ. રાહુલ ગાંધીએ માફી માગવી જોઈએ.''

## મહિલાની મારપીટ કર્યા બાદ લોજમાં ગુજાર્યો સામૂહિક બળાત્કારઃ ચાર વિરુદ્ધ ગુનો દાખલ

બીડઃ પુણે જિલ્લાના બારામતીની મહિલાને નોકરી અપાવવાને બહાને બોલાવીને તેની મારપીટ કર્યા બાદ લોજમાં ત્રણ નરાધમોએ તેના પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હોવાની ઘટના બીડ જિલ્લામાં બની હતી.

પોલીસના જણાવ્યા અનુસાર આ કથિત ઘટના છ મહિના અગાઉ બની હતી અને આ પ્રકરણે થોડા દિવસ અગાઉ મહિલા સહિત ચાર જણ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આરોપી મહિલાએ બીડ જિલ્લાના અંબાજોગાઇ ખાતે કલા કેન્દ્રમાં પીડિતાને નોકરી અપાવવાને બહાને બોલાવી હતી. પીડિતા ત્યાં આવ્યા બાદ આરોપી મહિલા તથા અન્ય બે શખસે તેની મારપીટ કરી હતી. પીડિતાને બાદમાં તેઓ એક લોજમાં લઇ ગયા હતા, જ્યાં ત્રણ જણે તેના પર બળાત્કાર ગુજાર્યો હતો.

અંબાજોગાઇ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે પીડિતાને દેહવ્યાપારમાં ધકેલવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો.

પીડિતાએ તાજેતરમાં તેની માતાનો સંપર્ક સાધ્યો હતો, જે તાત્કાલિક અંબાજોગાઇ આવી પહોંચી હતી. તેણે પુત્રીનો છુટકારો કરાવ્યો હતો અને તેને બારામતી પાછી લઇ આવી હતી.

બારામતી પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને કેસ વધુ તપાસ માટે મંગળવારે અંબાજોગાઇ ગ્રામીણ પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરાયો હતો.

પોલીસ મામલાની તપાસ કરી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

## કોકાટેની હકાલપટ્ટીની

કરવાનો આરોપ પણ મૂક્યો હતો.સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર વર્ષા ગાયકવાડે રજૂઆત કરી હતી કે 'લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ નેતા સુનીલ કેદાર જેવા વિપક્ષી નેતાઓને દોષી ઠેરવવામાં આવે ત્યારે ૨૪ કલાકની અંદર કાર્યવાહી કરવામાં આવે છે. કોકાટેના કિસ્સામાં એક અલગ માપદંડ કેમ લાગુ કરવામાં આવી રહ્યો છે?' રાજકીય સુવિધા માટે કાયદાના શાસનને નબળું પાડવામાં આવી રહ્યું હોવાનો આક્ષેપ કરતા ગાયકવાડે માગ કરી હતી કે સરકારે તાત્કાલિક કોકાટેને પ્રધાનમંડળમાંથી હટાવી દેવા જોઈએ. નાશિક જિલ્લાની એક અદાલતે મંગળવારે ૧૯૯૫ના છેતરપિંડી અને બનાવટી કેસમાં કોકાટેને આપવામાં આવેલી બે વર્ષની જેલની સજાને યથાવત રાખી કહ્યું હતું કે તેમણે સમાજના આર્થિક રીતે નબળા વર્ગને ફ્લેટ ફાળવણીમાં સરકારને ગેરમાર્ગે દોરી બેઈમાની કરી હતી. મેજિસ્ટ્રેટની કોર્ટે ૨૦ ફેબ્રુઆરીએ એનસીપીના ભાઈ અને તેમના ભાઈ વિજયને દોષી ઠેરવ્યા હતા.

## શું અજિત પવારના

બુધવારે સવારે અજિત પવાર મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને તેમના 'વર્ષા' નિવાસસ્થાને મળ્યા હતા.

આ બેઠક દરમિયાન માણિકરાવ કોકાટેના રાજીનામા અંગે ચર્ચા થઈ હોવાનું બહાર આવ્યું છે. અજિત પવારે દેવેન્દ્ર ફડણવીસને માણિકરાવ કોકાટે કેસ વિશે સંપૂર્ણ માહિતી આપી હતી. આ પછી દેવેન્દ્ર ફડણવીસે માણિકરાવ કોકાટેના રાજીનામા અંગેનો નિર્ણય અજિત પવાર પર છોડ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે, દેવેન્દ્ર ફડણવીસે અજિત પવારને સીધું જ પૂછ્યું હતું કે માણિકરાવ કોકાટેનું મંત્રાલય કોને આપવું જોઈએ. સૂત્રો મુજબ, જો હાઈ કોર્ટ આ નિર્ણય પર સ્ટે આપે તો જ માણિકરાવ કોકાટેનું પ્રધાનપદ યથાવત રહેશે. જો આવું ન થાય, તો માણિકરાવ કોકાટેનો વિભાગ કોને સોંપવો તેનો નિર્ણય અજિત પવાર કરશે. આ પહેલા, અજિત પવાર જૂથના પ્રધાન ધનંજય મુંડેએ પણ રાજીનામું આપવું પડ્યું હતું. હવે, જોવાનું એ રહે છે કે માણિકરાવ કોકાટે રાજીનામું આપશે કે નહીં.

## જિલ્લા પરિષદ

બેઠકમાં મહારાષ્ટ્ર જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિ (સુધારા) વટહુકમ, ૨૦૨૫ જાહેર કરવાની મંજૂરી આપવામાં આવી હતી. મુખ્ય પ્રધાન કાર્યાલયના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ નિર્ણયનો હેતુ જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિઓની ચૂંટણીઓ નિર્ધારિત સમય પર અને સમયબદ્ધ રીતે યોજવામાં આવે એ છે.

કાયદાની કલમ ૧૪ (૨)ની હાલની જોગવાઈ અનુસાર ઉમેદવારો ચૂંટણી અધિકારીઓ દ્વારા ઉમેદવારીપત્રોની સ્વીકૃતિ અથવા અસ્વીકાર સામે જિલ્લા અદાલતોમાં અપીલ કરી શકે છે. જો કે, આવી ઘણી અપીલો વિવિધ જિલ્લા અદાલતોમાં જુદા જુદા સમયગાળા માટે પેન્ડિંગ હોવાથી નિયત સમયમર્યાદામાં ચૂંટણીઓ યોજી શકાતી નથી. રાજ્ય ચૂંટણી પંચે સરકારને આ જોગવાઈ દૂર કરવાની દરખાસ્ત કરી હતી. તદ્નુસાર આ સુધારા રાજ્ય સરકારને આવી ચૂંટણીઓ માટે નિયમો ઘડવાની સત્તા આપે છે અને ઉમેદવારીપત્રોની સ્વીકૃતિ અથવા અસ્વીકાર અંગેના ચૂંટણી અધિકારીઓના નિર્ણયને અંતિમ બનાવે છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ મહારાષ્ટ્રમાં ફેલાયેલી ૩૩૬ પંચાયત સમિતિઓ અને ૩૨ જિલ્લા પરિષદોની ચૂંટણી ૩૧ જાન્યુઆરી સુધીમાં યોજાવાની છે. (પીટીઆઈ)

## ઉદ્ધવ-રાજની

નિર્ણય હાસ્યાસ્પદ છે. શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉતે મંગળવારે મનસે પ્રમુખ રાજ ઠાકરેને મળ્યા પછી જણાવ્યું હતું કે શિવસેના (યુબીટી) અને મનસે મુંબઈ, મીરા-ભાયંદર, કલ્યાણ-ડોમ્બિવલી, થાણે, પુણે અને નાશિકમાં આગામી નગરપાલિકા ચૂંટણી માટે હાથ મિલાવશે.

## એઆઈએમઆઈએમનું

મંગળવારે એક મરાઠી ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા શિરશાટે કહ્યું હતું કે પોતાની માંગ માટે તેઓ ચૂંટણી પંચનો સંપર્ક કરશે. મહારાષ્ટ્રની ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી ૧૫ જાન્યુઆરીએ યોજાશે, જ્યારે મતગણતરી ૧૬ જાન્યુઆરીએ થશે. પતંગ ઉત્સવ તરીકે વધુ જાણીતી મકરસંક્રાંતિ ૧૪ જાન્યુઆરીએ ઉજવવામાં આવશે.

## ધનંજય મુંડે

આવશે. એવું પણ જાણવા મળી રહ્યું છે કે, ધનંજય મુંડે દિલ્હીમાં ઘણા રાજકીય નેતાઓને મળ્યા હતા. ધનંજય મુંડે લગભગ એક કલાક સંસદ ભવનમાં હતા. તેઓ સવારે ૧૧ વાગ્યે સંસદ ભવનમાં આવ્યા હતા. બાદમાં તેઓ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને મળ્યા હતા. તેથી, એવું કહેવામાં આવી રહ્યું છે કે ધનંજય મુંડે પ્રધાનમંડળમાં પાછા ફરશે. એનસીપીના વરિષ્ઠ નેતા પ્રફુલ્લ પટેલ અને સુનીલ તટકરે દિલ્હીમાં છે. તેથી, ધનંજય મુંડેની દિલ્હી મુલાકાત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

## વિરોધીઓનો ખાતમો

વિકાસ માટે સ્પષ્ટ દ્રષ્ટિકોણ છે. ૨૦૨૨ના રાજકીય વિકાસ અને ઉદ્ધવ ઠાકરે સામેના તેમના બળવાને કારણે શિવસેનામાં થયેલા વિભાજનને પગલે શિંદે રાજ્યના મુખ્ય પ્રધાન બન્યા હતા એનો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યું હતું કે 'લોકોની ઇચ્છા મુજબ બનેલી સરકાર ખુરશી માટે નહીં, પરંતુ સામાન્ય માણસના હિત માટે છે. (પીટીઆઈ)

## ઠાકરે સાથે

ભાગલા પડ્યા બાદ, બંને પક્ષોની તાકાત વિભાજીત થઈ ગઈ છે. ૨૦૧૭ની મ્યુનિસિપલ ચૂંટણીમાં, અવિભાજિત એનસીપીના ફક્ત નવ કોર્પોરેટર ચૂંટાયા હતા. ભાગલા પછી, આમાંથી પાંચ કોર્પોરેટર એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં જોડાયા હતા, જ્યારે બે કોર્પોરેટર અજિત પવાર સાથે એનસીપીમાં જોડાયા હતા. હાલમાં, ફક્ત બે ભૂતપૂર્વ કોર્પોરેટરો, પાર્ટીના મુંબઈ પ્રમુખ રાખી જાધવ અને મનીષા રહાટે પાર્ટીમાં છે.

## ફડણવીસની સભાની

નગરપાલિકાના ભાજપના ઉમેદવાર પવન વાલેકરના કાર્યાલય પર ગોળીબાર કરાયો હતો. આ પ્રકરણે બે અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. સમાંતર તપાસ ક્રાઈમ બ્રાન્ચ પણ કરી રહી છે. બુધવારે સાંજે સાત વાગ્યે અંબરનાથ નગરપાલિકાની હદમાં ગાંવદેવી મેદાનમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની પ્રચાર સભા આયોજિત હતી. આ સભાની આગલી રાતે અને ચૂંટણીને ત્રણ દિવસ બાકી છે ત્યારે ગોળીબારની ઘટના બની હતી. આ ઘટનાથી સ્થાનિકોમાં ડર ફેલાયો હતો, જ્યારે ભાજપના કાર્યકરો રોષે ભરાયા હતા.નગરપાલિકાની ચૂંટણી ૨૦ ડિસેમ્બરે છે અને પવન વાલેકર ભાજપના ઉમેદવાર છે. ઘટના બની ત્યારે વાલેકર તેમના જનસંપર્ક કાર્યાલયમાં જ હતા. કાર્યાલય બહાર લાગેલા સીસીટીવી કેમેરામાં ગોળીબારની ઘટના કેદ થઈ હતી.

# જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

સાયલા નિવાસી હાલ વિલેપાર્લે શ્રીમતી શારદાબેન પ્રવિણચંદ્ર શાહ (ઉં.વ. ૯૦) તે સ્વ. પ્રવિણચંદ્ર રતિલાલા શાહના ધર્મપત્ની. સ્વ. નગીનદાસ ધરમશીભાઈ મણિયારના દીકરી. દિવ્યેશ તથા રાજીતના માતુશ્રી. મોનાબેન તથા કેતકીબેનના સાસુ. શ્રેયા-દીપેશભાઈ, મોનલી-પ્રિયંકા તથા રાજવીના દાદી. પૂ. વંદનાબાઈ મહાસતીજી, પૂ. પ્રાર્થનાબાઈ મહાસતીજી, પૂ. યોગીનીબાઈ મહાસતીજીના સંસારીબહેન તા. ૧૬-૧૨-૨૫ને મંગળવારે અરિહંતશરણ પામેલ છે. માતૃવંદના તા. ૧૮-૧૨-૨૫ને ગુરુવારે સવારે ૧૦ કલાકે. ઠે. સરદાર પટેલ બાગ, બેંકવેટ હોલ, પારલેશ્વર રોડ, વિલેપાર્લે ઈસ્ટ.

**જામનગર હાલાર અને વિશા શ્રીમાળી જૈન**

પડધરીવાસી હાલ ટાન્ગા (ટાન્ઝાનીયા) અ.સૌ. શારદાબેન (ઉં.વ. ૮૦) તા. ૧૬-૧૨-૨૫ના મુંબઈ મુકામે અરિહંતશરણ પામેલ છે. તે પ્રતાપભાઈ રણછોડદાસ મહેતાના ધર્મપત્ની. કામિની, જેમીની અને જ્યોતિના માતુશ્રી. અતુલકુમાર મહેતા, મહેશભાઈ મહેતા અને હિતેશભાઈ શાહના સાસુ. દમયંતીબેન પ્રવિણચંદ્ર મહેતા, સ્વ. હસુબેન અનિલકુમાર મહેતા, સુરેશભાઈ મહેતા, ભારતીબેન મહેશકુમાર દોશી, સ્વ. કલ્પનાબેન મહેતા, હિમાદ્રીબેન લલિતરાય શેઠ, સ્વ. હસમુખભાઈ મહેતા, મનોજભાઈ મહેતાના ભાભી. કમળાબેન ચીમનલાલ મણિલાલ વોરા બાલંભાવાળાની દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા પોરવાળ જૈન**

પાટણ નિવાસી કનાસાના પાડો (હાલ ગોરેગામ), સ્વ. દેવેન્દ્રભાઈ રમણિકલાલ પરીખ તથા સ્વ. નિરંજનાબેન પરીખના પુત્ર. પિનલના ધર્મપત્ની નિલાબેન (ઉં.વ. ૬૩) તા. ૧૬-૧૨-૨૫ના અવસાન થયેલ છે. નિધિ અને નિશીના માતુશ્રી. જલગાંવવાળા સ્વ. શંકુતલાબેન રસિકલાલ શાહના પુત્રી. રાગનેશભાઈના ભાભી. અલ્પાબેનના જેઠાણી. દિશા અને રિયાના કાકી. ઠે. ૧૬૫/૩૦૨, તુલસી સાગર બિલ્ડિંગ, રોડ નં. ૧૦, ગોરેગામ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

વંથલી (સોરઠ) નિવાસી સ્વ. ભુપતલાલ હેમચંદ શેઠના ધર્મપત્ની હાલ ભાયંદર તારાબેન ભુપતલાલ શેઠ (ઉં.વ. ૮૭) તા. ૧૬-૧૨-૨૫ના અવસાન થયેલ છે તે પ્રદીપભાઈ, ધીરેનભાઈ, બીનાબેન, પ્રતીભાબેનના માતુશ્રી. ભરતભાઈ પાટલિયા, ભરતભાઈ મહેતા, લતાબેન, હેતલના સાસુ. પિયરપક્ષે મોટી પાનેલી નિવાસી મોહનલાલ પાનાચંદ મહેતાના દીકરી. સવિતાબેન સંઘવીના બેન. ઉર્વી, ભાવિક, સ્મિતના દાદી. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી વિશા શ્રીમાળી જૈન**

બોટાદ નિવાસી હાલ દહીંસર. રશ્મિકાંત અમુલખભાઈ મોહનલાલ ગોપાણી (ઉં.વ. ૬૭) તા. ૧૬-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મીનાબેનના પતિ. ગં.સ્વ. હીરાબેન નગીનદાસ બારભાયાના જમાઈ. બોટાદ સં પ્ર.ના બા.બ્ર. સુરુચિબાઈ સ્વામી, ગં.સ્વ. ઇન્દિરાબેન મહિપતલાલ શેઠ, સ્વ. હંસાબેન પ્રવિણચંદ્ર બારભાયા, ગં.સ્વ. ભારતીબેન ભદ્રેશભાઈ શાહ, રમેશભાઈ ગોપાણી, સ્વ. તીરેન્દ્રભાઈ ગોપાણીના ભાઈ. નિમિષાબેન અને સંધ્યાબેનના દિયર. પ્રિયંકના પિતાશ્રી. પ્રાર્થનાસભા ગુરૂવારે તા. ૧૮/૧૨/૨૫ના ૩:૦૦ થી ૪:૩૦. મનન હોલ, આનંદ હોસ્પિટલની સામે, સાંજી હોટલની બાજુમાં, ન્યુ લિંક રોડ, દહિસર પૂર્વ.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ ચર્ની રોડ, સ્વ. સવિતાબેન અમૃતલાલ શેઠના સુપુત્ર ગિરીશભાઈ શેઠ (ઉં.વ. ૭૭) તે સ્વ. રેણુકાબેનના પતિ. સુશીલાબેન બંસીલાલ ગોસલીયા, પ્રવીણભાઈ, મધુકરભાઈ, જગદીશભાઈના ભાઈ. રતિલાલ શાહના જમાઈ. સરોજબેન મધુકર શેઠના દિયર, ૧૫-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડ શ્વે. વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

રાણપુર નિવાસી હાલ કાંદિવલી, ઈન્દિરાબેન હસમુખલાલ દોશી (ઉં.વ. ૮૪) તે વિજયાબેન ચંપકલાલ દોશીના પુત્રવધૂ. મનીષ, મયંક, નીતા, જીજ્ઞાના માતુશ્રી. હેતલ, જ્યોતી, દિલીપકુમાર, હેમાંગકુમારના સાસુ. પિયરપક્ષે ધોલેરા નિવાસી કસ્તુરીબેન કાંતીલાલ શાહના પુત્રી. તા. ૧૭-૧૨-૨૫ના અરિહંતશરણ થયેલ છે. લૌકિક વહેવાર રાખેલ નથી.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ આધોઈના સ્વ. ભચીબેન ખીરા ઉકા ગાલાનાં પુત્રવધૂ દિવાળીબેન નેણશી ગાલા (ઉં.વ. ૮૯) અવસાન પામેલ છે. નેમચંદ, મીના, મંજુલા, દમયંતીના માતુશ્રી. જયા, સ્વ. હિરજી માલશી ફુરીયા, નેણશી વેલજી છાડવા, સુધાકર શ્રીયાનના સાસુ. જિનિશ, ફેનીલના દાદી. ડોયલ, રૂચીના દાદીજી સાસુ. ધિરેન, કલ્પેશ, ખુશાલ, સન્ની, સાગર, ધ્વની, દર્શિકા, રિતેશના નાની. ગામ હલરાના સ્વ. જેતીબેન રામજી લધા છેડાના દીકરી. પ્રાર્થના સભા રાખેલ નથી. નિવાસસ્થાનઃ એચ-૧૪ પન્નાલાલ ટેરેસ, ગ્રાન્ટ રોડ, મુંબઈ-૭.

ગામ લાકડીયા હાલે ચનીરોડના સ્વ. મુકેશ રામજી રણમલ છેડા (ઉં.વ. ૫૪) શનિવાર, તા. ૧૩-૧૨-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. લાડુબેન રણમલ છેડાના પૌત્ર. સ્વ. જીવતીબેન રામજીના સુપુત્ર. રંજન, લીલાવંતી, મોતી, સ્વ. હરિલાલના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સહકાર નિવાસ, ૧૭૭ સોબો સેંટરની બાજુમાં. ૬ માળે હાજીઅલી.

ગામ ભચાઉ હાલે સાંતાક્રુઝના ગં.સ્વ. લક્ષ્મીબેન જખુ કારા છેડાના સુપુત્ર, સ્વ. ભમીબેન સ્વ. ભમીબેન કારા છેડાના પૌત્ર વેલજીભાઈ (ઉં.વ. ૬૯) મંગળવાર, તા. ૧૬-૧૨-૨૫ના અવસાન પામેલ છે. તે દિવાળીબેનના પતિ. સ્વ. કલ્પના, મિતેશ, મયુરના પિતાશ્રી. રિધ્ધી, ચેતનાના સસરા. ધિઆન, પ્રિયાન, કવિર, અવિરના દાદા. નવાગામના સંતોકબેન કરશન મુરજી દેઢિયાના જમાઈ. પ્રાર્થના સભા ગુરુવાર, તા. ૧૬-૧૨-૨૫ સમય. ૩ થી ૪.૩૦, સ્થળ. ખાર પીપલ્સ સ્કુલ, એસ.વી.રોડ, ખાર-વેસ્ટ.

**દેરાવાસી જૈન**

દીક્ષિત પંકજ શાહ (ઉં.વ. ૪૬) તા. ૧૨-૧૨-૨૫એ અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. પંકજ અને સ્વ. શોભના શાહના દીકરા. તેજલ શાહના પતિ. ધ્રુવી અને રુહી શાહના પિતા. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના ભાડીયાના તારાબેન પ્રેમજી છેડા (ઉં.વ. ૮૧) તા. ૧૫-૧૨-૨૫ના દેશમાં અવસાન પામેલ છે. માતુશ્રી જેઠીબાઇ પુંજા ઉમરશીના પુત્રવધૂ. પ્રેમજીના પત્ની. નિલેશ, રાજેશ, રોહીત, મનીષાના માતુશ્રી. કોડાય માતુશ્રી હાંસબાઇ ભવાનજી ધારશીના પુત્રી. શાંતીલાલ, ભારતી નવિન, વાંઢ સુંદરબેન સુંદરજી, બેરાજા રૂક્ષ્મણી નેમજી, બારોઇ કંચન લક્ષ્મીચંદ, બાડા અરૂણા મણીલાલ, ના. ભાડીયા જયશ્રી શાંતીલાલના બેન. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સંઘ કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૪ થી ૫.૩૦.

ભુજપુરના પ્રભાવંતીબેન દેવશી ગોગરી (ઉં.વ. ૭૪) તા. ૧૬-૧૨-૨૫ના અવસાન પામેલ છે. તે જવેરબેન દેવશી વીરજી ગોગરીના સુપુત્રી. અમૃત, સમાઘોઘાના લક્ષ્મીબેન લખમશી સંગોઈ, નવિનાળના સોનબાઇ પ્રેમજી વોરા, ભુજપુરના ચંચળબેન મગનલાલ દેઢિયા, પાનબાઈ દામજી દેઢિયાના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મહેશ દેઢીયા, પહેલા માળે, રૂમ નંબર ૧૪, બી ખાન મેનસન, કસ્તુરબા રોડ નંબર ૪, બોરીવલી (પૂર્વ).

મોટી રાયણના રૂક્ષ્મણીબેન જયંતીલાલ શાહ (ગડા) (ઉં.વ. ૮૧) તા. ૧૭-૧૨-૨૫ના દેહ પરીવર્તન કરેલ છે. જયંતીલાલ ભાણજીના ધર્મપત્ની. મીઠાબેન ભાણજીના પુત્રવધૂ. જયેશના માતુશ્રી. મો. આસંબીયાના માતુશ્રી મઠાબેન ખીમજી દેવજીના સુપુત્રી. ધનજી, લક્ષ્મીચંદ, લીલાધર, જયંતી, મોટા આસંબીયાના લક્ષ્મી હંસરાજ, બિદડાના મણી કાંતીલાલ, મો. ખાખરના નયના નેમચંદ, નાગલપુરના ભારતી દિપક, નલીની કમલેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયંતીલાલ શાહ, ૧૭, નવિનનગર-૧, ચેપલ લેન, શાંતાક્રુઝ (પશ્ચિમ).

નવાવાસના પ્રેમજી રતનશી ગડા (ઉં.વ. ૯૦) તા. ૧૫-૧૨-૨૫નાં અવસાન પામેલ છે. રાણીમાં રતનશીના પુત્ર. હેમલતાના પતિ. અલ્પા, સુનીલ, ચીરાગના પિતા. લાયજાના પુરબાઇ મેઘજી ડુંગરશી ગાલાના જમાઇ. શામજી, નાનજીના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. સુનીલ પ્રેમજી ગડા, ૨૦૩, ક્રિયાડો એપાર્ટમેન્ટ, એલ્ફેડ ક્રીયાડો રોડ, જુહુ ચર્ચ, મું. ૪૯.

ભચાઉના વેલજીભાઈ જખુ છેડા (ઉં.વ. ૬૯) તા. ૧૬-૧૨-૨૫ના અવસાન પામેલ છે. ગં.સ્વ. લક્ષ્મીબેન જખુ છેડાના સુપુત્ર. દિવાળીબેનના પતિ. સ્વ. કલ્પના, મિતેશ મયુરના પિતાશ્રી. સ્વ. ખીમજી, સ્વ. શાંતિલાલ, ચંદ્રકાંત, વિમળા, ગુણવંતી, શાંતુના ભાઈ. નવાગામના સંતોકબેન કરસન મુરજી દેઢીયાના જમાઈ. પ્રા.: ખાર પીપલ્સ સ્કૂલ. એસ.વી. રોડ, ખાર (વે). આજે ટા. ૩ થી ૪.૩૦. બર વિધી રાખેલ છે.

# હિન્દુ મરણ

રાજકોટ સ્વ. પુષ્પાબેન જગદીશભાઈ રાઠોડ (ઉં.વ. ૬૫) તે પ્રતાપભાઈ, તેજલબેન, જલ્પાબેન, ભાવનાબેન, શિતલબેન અને હિનાબેનના માતુશ્રી. યોગિતાબેનના સાસુ. રાજભાઈના દાદી તા. ૧૬ના મંગળવારે અવસાન થયું છે. તેમનું બેસણું તા. ૧૯-૧૨-૨૫ના ૪થી ૬. ઠે. રામેશ્વર મહાદેવ મંદિર, જીવનનગર-૪ બ્રહ્મસમાજ અનિલ જ્ઞાન મંદિરની પાસે, રાજકોટ ખાતે.

**કપોળ**

પીપરલાવાળા હાલ માટુંગા, મહેન્દ્રકુમાર શામજીભાઈ મથુરિયાના ધર્મપત્ની સૌ. દીનુબેન મથુરિયા (ઉં.વ. ૮૨) તા. ૧૫-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે જય, મનોજ તથા અલ્પાનના માતુશ્રી. વૈશાલી, સોનાલી તથા અમીતના સાસુ. જીત, શ્રુતી, વિરાજ, જુઈ અને અવીના દાદી. સ્વ. અનસુયા રમેશચંદ્ર મથુરિયા, સ્વ. ભદ્રા ચંદ્રકાન્ત મથુરિયા, સ્વ. ભાનુ સુબોધચંદ્ર દલાલ તથા સ્વ. હસમુખ મથુરિયાના ભાભી. પિયરપક્ષે ભાવનગરવાળા સ્વ. લક્ષ્મીબેન શાંતિલાલ મહેતા, સ્વ. મંજુલા ભુપતરાય ભૂતા, સ્વ. હર્ષદભાઈ તથા ચંદ્રકાન્ત બાલક્રિષ્ન રતનજી કોઠારીના બેન. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૧૯-૧૨-૨૫ના સાંજે એસએનડીટી વિમેન્સ કોલેજ હોલ, આર. એ. કીડવાઈ રોડ, અમુલખ અમીચંદ સ્કૂલ નજીક, માટુંગા ઈસ્ટ. (સમયઃ ૫થી ૭).

**કચ્છી રાજગોર**

ગામ ગુંદિયાલી (હજામડી વાડી), તરુણભાઈ (તુલીસદાસ) હરીરામ વ્યાસ (ઉં.વ. ૭૫) સ્વ. રતનબાઈ હરીરામ વાલજીના સુપુત્ર. હસ્તાબેનના પતિ તા. ૧૫-૧૨-૨૫ના અક્ષરવાસી થયા છે. તે વૈશાલી, વિશાલના પિતા. કમલકુમાર અને પલ્લવીના સસરા. વંદન, પ્રાર્થનાના દાદા. સ્વ. રામજીભાઈ, પ્રાણજીવનભાઈ (સંભુભાઈ)ના નાના ભાઈ. સ્વ. દમયંતીબેન ખીમજી મોતા, ઝવેરબેન ગૌરીશંકર મોતા, વિજયાબેન રમેશભાઈ ગોર, જશોદાબેન ભૂપેન્દ્રભાઈ મોતાના ભાઈ. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ફ્લેટ નંબર ૦૦૧, રિંકિતા પેલેસ, દેસલે પાડા, ઓલ્ડ આઈસીસીઆઈ બોર્ડ ગાર્ડિયન સ્કૂલની સામે, ભોપર રોડ, ડોમ્બિવલી ઈસ્ટ.

**હાલાઈ લોહાણા**

કરાચીવાલા સ્વ. લક્ષ્મીબેન ગોપાલજી રારછની સુપુત્રી ઈન્દુમતી (ઉં.વ. ૭૩) તે સ્વ. શંકરલાલ, નગીનભાઈ, સુરેશભાઈ તથા ભાવનાબેન મહેશકુમારના બહેન હાલે (ઘાટકોપર) મંગળવાર તા. ૧૬-૧૨-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૪૦૩, કર્મ સંદેશ બિલ્ડિંગ, હીંગવાલા લેન, ઘાટકોપર (ઈસ્ટ).

**શ્રીમાળી સોની**

અ. સૌ. રીટાબેન (ઉં. વ. ૭૭) ગામ અંજાર (કચ્છ) હાલ માટુંગા. તે સ્વ. મંજુલાબેન જમનાદાસ ઝવેરીના (આડેસરા) પુત્રવધૂ. દિનેશભાઈના પત્ની. વૈશાલી, દીપાલી, કાલિંદી, ધ્રુપદના માતુશ્રી. વિમલભાઈ, અતિથિભાઈ, શૌનકભાઈ, ખુશ્બુબેનના સાસુ. નિરંજન-જયશ્રી, રોહિત-હંસા, યોગેશ-દક્ષા, રેખા-પરેશના ભાભી. રાધનપુર હાલ ચોપાટી (મુંબઈ) સ્વ. સુલોચનાબેન કાંતિલાલ ચોકસીના સુપુત્રી. સોમવાર, તા. ૧૫-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૮-૧૨-૨૫, ૫ થી ૭. સ્થળઃ એસ.એન.ડી.ટી. કોલેજ, રફી અહમદ કીડવાઈ માર્ગ, કિંગ્સસર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯. (લૌકિક પ્રથા બંધ રાખેલ છે).

**વિશા સોરઠિયા વણિક**

ધુણેજવાળા હાલ ઘાટકોપર ધર્મેશભાઈ રમણિકલાલ શાહ (ઉં. વ. ૬૦) તે સૌ. કામિનીબેનના પતિ. તે સ્વ. સવિતાબેન તથા સ્વ. રમણિકલાલ દેવકરણ શાહના પુત્ર. ચિ.પ્રિયાંક તથા અ.સૌ. ધ્વનિ સાગરકુમાર શાહના પિતાશ્રી. તે અલકાબેન કાર્તિકભાઈ શાહ તથા મીતાબેન નિરેનભાઈ શાહના ભાઈ. પોરબંદરવાળા સ્વ. કોકિલાબેન તથા સ્વ. કિશોરલાલા ગોકળદાસ શાહના જમાઈ. સોમવાર, તા. ૧૫-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવારે, તા. ૧૮-૧૨-૨૫ના ૫.૩૦ થી ૭. ઠેઃ શ્રી બ્રાહ્મણ સેવા સમાજ ભવન, રામજી આશર સ્કૂલ પાસે, જોશી લેન, એમ. જી. રોડ, ઘાટકોપર ઈસ્ટ.

**દસ ગામ પંચાલ (પરીયા)**

હાલ નિવાસી અંધેરી ઇસ્ટ પારસીવાડા, રમણલાલ રતનજી પંચાલ (ઉં.વ. ૯૩) તે સ્વ. પુષ્પાબેનના પતિ. પ્રદીપભાઈ, કિશોરભાઈ અને કિરણભાઈના પિતાશ્રી. સ્વ. હેમંતકુમાર, સ્વ. ઈશ્વરભાઈ, નવીનકુમાર, છોટુભાઈ, સ્વ. કમળાવતીબેન, સ્વ. ભાનુમતિબેન અને જયાબેનના ભાઈ. દક્ષા, સુગંધા અને કલ્પનાના સસરા. સાસરાપક્ષે દહાણુવાળા સ્વ. વિઠ્ઠલભાઈ ભોગીભાઈ મિસ્ત્રીના જમાઈ. નિકિતા કિન્નરી, જીગર, રોનક અને દિવ્યના દાદાજી, સોમવાર, તા. ૧૫/૧૨/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. એમની સર્વ પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, ૧૯/૧૨/૨૫ના ૪ થી ૬. સરનામુંઃ મુક્તિધામ, જોશી જાગીર હોલ (શાંતિધામ) સહાર રોડ, ચકાલ પારસીવાડા અંધેરી પૂર્વ.

**પરજીયા સોની**

અ.સૌ. સોની પ્રવિણાબેન મનહરલાલ સાગર (મહુવાવાળા) (ઉં.વ. ૭૩) તે મનહરલાલ ભગવાનદાસ સાગરના પત્ની. ધર્મેશભાઈ, નિખિલભાઈના માતુશ્રી. સોનલબેન, રેશ્માબેનના સાસુ. નંદકિશોરભાઈના નાનાભાઈના પત્ની. કાન્તિભાઈ ભગવાનદાસ સાગરના ભાભી. જમનાદાસ પિતાંબરદાસ ઘકાણ લાઠીવાળાના દીકરી. તા. ૧૬/૧૨/૨૫ના રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૮/૧૨/૨૫ના ૫.૦૦ થી ૬.૦૦. સોનીવાડી શિંપોલી રોડ, બોરીવલી વેસ્ટ.

**કપોળ**

ધંધુકાવાલા, સ્વ. જયાલક્ષ્મી ચંદુલાલ કોઠારીના પુત્રવધૂ અ.સૌ. નીતા (ઉં.વ. ૬૪) તે દિલીપના ધર્મપત્ની. શાંતિભાઈ, હર્ષદભાઈ, સ્વ. હંસાબેન પંકજકુમાર મહેતાના ભાઈના પત્ની. ડુંગરવાલા મુકુન્દરાય બાલુભાઈ મહેતાની દિકરી. ધર્મેશ, કેતન તથા અર્ચના હેમનકુમાર પારેખના મોટાબેન. તા. ૧૪-૧૨-૨૫ને રવિવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તેમજ લૌકિક પ્રથા રાખેલ નથી.

**દશા ખડાયતા**

ગામ નડિયાદ હાલ બોરીવલી, મુકુંદ કાંતિલાલ દેસાઇ (ઉં.વ. ૭૮) તા. ૧૨/૧૨/૨૫ શુક્રવારે ગોલોકવાસી થયા છે. તે સ્વ. મહિન્દ્રીકા અને સ્વ. કાંતિલાલના પુત્ર. ગીતાબેનના પતિ. હિમાંશુ અને પૂર્વીના પિતા. કેયુર પારેખ અને જીજ્ઞાના સસરા. સાસરાપક્ષે સ્વ. સુરબાળાબેન કાંતિલાલ શાહના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૧૮/૧૨/૨૫ ગુરૂવારે સાંજે ૪ થી ૬. એ/૭૦૬, આર્કેડ ક્રાઉન મંડપેશ્વર રોડ, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી લોહાણા**

ગામ અમરેલી નિવાસી હાલ બોરીવલી, ગં.સ્વ. સરોજબેન તથા સ્વ. કિરણકુમાર ધીરજલાલ આડતિયા સુપુત્ર વિનયભાઈ આડતિયા (ઉં.વ. ૫૫) તે શિલ્પાબેનના પતિ. જશ તથા સિદ્ધિના પિતા. બીના પરાગકુમાર કાનાની, મનીષ-અ.સૌ. નમિતાના મોટાભાઈ. સાસરાપક્ષે પોરબંદરવાળા પરેશ શાંતિલાલ રૂપારેલ તથા અલ્પા નયનકુમાર લુક્કાના બનેવી. તા. ૧૬-૧૨-૨૫ના શ્રીજીશરણ પામેલ છે. સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૮-૧૨-૨૫ના ૪ થી ૬. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ ટી રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

**સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડી બ્રાહ્મણ**

સ્વ. વસંતરાય ભોગીલાલ ઉપાધ્યાયનાં પુત્ર કનુભાઈ મંગળવાર, તા. ૧૬/૧૨/૨૫નાં કૈલાસવાસી થયેલ છે. આરતીબેનનાં પતિ. કેદારનાં પિતા. રિતુનાં સસરા તથા અનિલ, નીલા અને છાયાનાં ભાઈ. પ્રાર્થનાસભા તા. ૧૯/૧૨/૨૫નાં ૪.૩૦ થી સ્થળઃ માટુંગા ગુજરાતી સેવા મંડળ, તેલંગ રોડ, માટુંગા (સે. રે.).

**કચ્છી ભાટિયા**

સ્વ. સૂર્યકુમાર કાપડિયા (ઉં.વ. ૯૩) તા. ૧૬-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. લક્ષ્મીબાઈ આનંદદાસના પુત્ર. સ્વ. શાંતિબાઈ ભગવાનદાસ કાપડિયાના જમાઈ. સ્વ. સુશિલાના પતિ. દિપક, સ્વ. કુમુદ, અ. સૌ. કલ્પનાના પિતા. અ.સૌ. ભારતી, રણજિતના સસરા. ચૈતન્ય, ધૃતિ, પિયુષ, ચિંતન, ચિરાગ, કૃપા, પરીષી, રાયનના વડીલ. પ્રાર્થનાસભા ૧૮-૧૨-૨૫ના ૫:૩૦ થી ૭:૦૦. સ્થળઃ સકર ભવન, ૨૮/૧, આર. એ. કીડવાઈ રોડ, વડાલા વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**વીસા સોરઠીયા વણિક જ્ઞાતિ**

મૂળ સુત્રાપાડા હાલ બોરીવલી, ઇન્દિરાબેન સેવંતીલાલ શાહ (ઉં.વ. ૭૩) તે સેવંતીલાલ લાલજી શાહના ધર્મપત્ની. કાંતિલાલ લીલાધર સુખડિયાના પુત્રી. નરેન શાહ અને જયા શાહના માતુશ્રી. અપેક્ષા અને વ્રજેશના સાસુ. ઝીલ અને પર્વના દાદી. સ્વ. ચંદ્રકાંત, ગં.સ્વ. અરૂણાબેન, ઈન્દ્રજીત, સ્વ. મીનાબેન, મહેન્દ્રભાઈ, પદ્માબેન, પરેશભાઈ, હર્ષાબેન, સ્વ. મધુસૂદન, ગં.સ્વ. કુસુમબેનના ભાભી તા. ૧૪-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૮-૧૨-૨૫ના ૫.૦૦ થી ૭.૦૦. હાલાઈ લોહાણા મહાજન વાડી, એસ વી રોડ, કાંદિવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

દિનેશ ખીમજીભાઈ જોબનપુત્રા (ઉં.વ. ૬૭) તે સ્વ. ખીમજીભાઈ તથા સ્વ. મનોરમાબેનનાં સુપુત્ર. કિરણબેનનાં પતિ. પ્રિયાનાં પિતાશ્રી. પરેશભાઇનાં ભાઇ. સ્વ. ગીરધરભાઇ (બાબુભાઇ) દામજીભાઇ અનડકટ (જામનગર)નાં જમાઇ, મંગળવાર, તા. ૧૬-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. નિવાસ સ્થાનઃ ૩, દેવ પ્રયાગ, ઓફ વિરા દેસાઇ રોડ, કોર્ટયાર્ડ હોટલની પાછળ, અંધેરી વેસ્ટ.

# પારસી મરણ

રોદા પેસ્તનજી ભોમીશા તે મરહુમો મેહેરબાઈ તથા પેસ્તનજી જામાજી ભોમીશાના દીકરી. તે મરહુમો અદી, સોરાબ ને વિલીના બહેન. તે ખુરશીદ, દીલશાદ, પેશી, ચેહરેઝાદ, રૂસ્તમ, ટેમી તથા મરહુમ વિરાફના ફુઈ. (ઉં. વ. ૧૦૧) રે. ઠે. કાપડિયા ચેમ્બર્સ, ૩જે માળે, ફ્લેટ નં. ૫, મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦૦૨૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૯-૧૨-૨૫ને બપોરે ૩.૪૦ કલાકે ધોબીતલાવ મધ્યે વાડિયાજી આતશબહેરામમાં.

અસ્પી ડોશાભાઈ શ્રોફ તે હુફરીઝ અસ્પી શ્રોફના ખાવિંદ. તે મરહુમો જરૂ તથા ડોશાભાઈ શ્રોફના દીકરા. તે અરજાસ્પ ને દ્રવાસ્પના પપ્પા. તે ખુરદેહના સસરા. તે મરહુમ પરવીનના ભાઈ. તે આદરના બપાવા. તે મરહુમ તેહમી અને મરહુમ કેકી રાવના જમાઈ. (ઉં. વ. ૭૭) રે. ઠે. ઓલ્ડ ખરેઘાટ કોલોની, બાબુલનાથ રોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૮-૧૨-૨૫ને બપોરે ૪.૪૫ વાગે મુંબઈ ડુંગરવાડી પર ઉપરની ભાભા બંગલી નં.માં

એમી રુસી મદન (ઉં. વ. ૮૬) તે મરહુમ રુસી જાલેજાર મદનના પત્ની. તે પરસી, મરહુમ ગુલનાર, ઝુબીનના માતુશ્રી. તે મરહુમ ફ્રેની બોમી કાપડિયા, ડોલી મીનુ મહેતાના બહેન. તે શિરાઝ મીનુ મહેતાના માસી. તે મહારુખ, ઝીનીયા, ફરઝાન દલાલના ફ્રેન્ડ/ આન્ટી તા. ૧૬-૧૨-૨૫ના ગુજરી ગયા છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુરુષ




# AI તથા ઓટોમેશનના સમયમાં પુરુષાર્થનું નવું સ્વરૂપ કેવું હશે?

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

વર્તમાન સમય તકનીકી ક્રાંતિનો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ઓટોમેશન (સ્વયંસંચાલન) જે રીતે કાર્યસ્થળનું ચિત્ર બદલી રહ્યા છે તે જોતાં માત્ર પુરુષો જ નહીં, પરંતુ દરેક કાર્યકર્તા માટે સમયની સાથે કદમ મિલાવવું અનિવાર્ય બન્યું છે. ખાસ કરીને, પુરુષો માટે, જે પરંપરાગત રીતે અમુક ચોક્કસ ક્ષેત્રોમાં પ્રભુત્વ ધરાવતા હતા. તેમણે હવે ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે તેમની કુશળતાના સેટને ફરીથી વ્યાખ્યાયિત કરવો પડશે. સફળતા મેળવવા માટે હવે માત્ર સખત મહેનત પૂરતી નથી, પરંતુ નવી તકનીકો સાથે 'સ્માર્ટ' કુશળતાઓનું સંયોજન જરૂરી છે.

નવા યુગમાં, પુરુષફએ સૌપ્રથમ તકનીકી કુશળતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. AI અને ડેટા વિશ્લેષણ હવે ફક્ત વિજ્ઞાનના વિષયો નથી, પરંતુ દરેક વ્યવસાયનો મૂળભૂત ભાગ બની ગયા છે. આથી દરેક પુરુષે ડેટા સાક્ષરતા (Data Literacy) શીખવી જરૂરી થઈ ગઈ છે. આનો અર્થ એ છે કે, મોટા પ્રમાણમાં ઉપલબ્ધ ડેટાને સમજવો, તેનું અર્થઘટન કરવું અને તેમાંથી વ્યવસાય માટે ઉપયોગી નિર્ણયો તારવવા. આ માટે ડેટા વિશ્લેષણના સામાન્ય સાધન અને પદ્ધતિનું જ્ઞાન હોવું જરૂરી છે.

આ ઉપરાંત, સ્વયંસંચાલન (ઓટોમેશન) ને સમજવું પણ મહત્ત્વનું છે. પુરુષએ એ શીખવું પડશે કે તેમના દૈનિક કાર્યમાં કયા પુનરાવર્તિત કાર્યોને ઓટોમેટ કરી શકાય છે, જેનાથી સમયની બચત થાય અને વધુ વ્યૂહાત્મક કાર્ય પર ધ્યાન આપી શકાય. આ માટે પ્રોસેસ ઓટોમેશન (Process Automation) અને રોબોટિક પ્રોસેસ ઓટોમેશન (RPA)ના મૂળભૂત સિદ્ધાંતો સમજવા જરૂરી છે. જે પુરુષ કોડિંગ (સંકેતલેખન) માં રસ ધરાવે છે, તેણે AI અને મશીન લર્નિંગના મોડેલ્સ બનાવવા કરતાં, તેને પોતાના ક્ષેત્રમાં કેવી રીતે લાગુ કરવા તેની કુશળતા વિકસાવવી જોઈએ. સરળ ભાષામાં કહીએ તો, ટેક્નોલોજીના ઉપભોક્તા (Consumer) બનવાને બદલે તેના અમલકર્તા (Implementer) બનવું પડશે.

જોકે, સૌથી મોટો બદલાવ તકનીકી ક્ષેત્રે નહીં, પરંતુ સોફ્ટ સ્કિલ્સમાં આવશે, કારણ કે AI માનવીય સંવેદના અને સર્જનાત્મકતાનું સ્થાન લઈ શકતું નથી. આ યુગમાં, પુરુષોએ તેમની સર્જનાત્મકતા અને ક્રિટિકલ થિંકિંગને ધાર આપવી પડશે. જ્યારે મશીનો ડેટા પ્રોસેસ કરી શકે છે, ત્યારે માત્ર માનવીઓ જ નવા વિચારો ઉત્પન્ન કરી શકે છે અને અણધાર્યા પ્રશ્નોના ઉત્તરો આપી શકે છે. આ કુશળતાઓ મશીનરી દ્વારા સંચાલિત વિશ્વમાં માનવીય હસ્તક્ષેપને અનિવાર્ય બનાવે છે.

બીજી મહત્ત્વની માનવીય કુશળતા છે ભાવનાત્મક બુદ્ધિમત્તા (Emotional Intelligence - EQ) અને સહાનુભૂતિ (Empathy). AI ના વધારા સાથે, ગ્રાહકો અથવા સહકર્મીઓ સાથેની ક્રિયા- પ્રતિક્રિયામાં વ્યક્તિગત અને લાગણીસભર સ્પર્શનું મૂલ્ય વધશે. પુરુષે તેની લાગણીઓને ઓળખતા અને તેનું અસરકારક સંચાલન કરતા શીખવું પડશે, તેમજ અન્યની લાગણીઓને સમજીને યોગ્ય પ્રતિસાદ આપવો પડશે. આ કુશળતા સંચાલન (Management), વેચાણ અને નેતૃત્વની ભૂમિકાઓમાં નિર્ણાયક સાબિત થશે.

વળી, જટિલ સમસ્યા ઉકેલ (Complex Problem Solving) અને નિર્ણય લેવાની ક્ષમતા (Decision Making) એ પણ એવી કુશળતાઓ છે, જેને AI સંપૂર્ણપણે હસ્તગત કરી શકશે નહીં. મશીનો માહિતી પ્રદાન કરી શકે છે, પરંતુ અનિશ્ચિતતાના માહોલમાં માનવીય મૂલ્યો અને નૈતિકતાના આધારે અંતિમ નિર્ણય લેવાનું કાર્ય પુરુષોએ જ કરવું પડશે.

ઈનશોર્ટ, આ યુગમાં અનુકૂલન ક્ષમતા (Adaptability) સૌથી મોટો ગુણ બની રહેશે. ટેક્નોલોજી ખૂબ ઝડપથી બદલાય છે. આથી, પુરુષોએ જીવનભર શીખવાની (Lifelong Learning) માનસિકતા અપનાવવી પડશે. જૂની પદ્ધતિઓ છોડીને નવી તકનીકો અને કાર્યશૈલીઓ અપનાવવાની તેમની તૈયારી જ તેમને સ્પર્ધામાં ટકાવી રાખશે. આજના પુરુષાર્થનો સાચો અર્થ તકનીકી જ્ઞાન, માનવીય સંવેદનશીલતા અને સતત પરિવર્તન માટેની સજ્જતાના ત્રિવેણી સંગમમાં છુપાયેલો છે. આ સંયોજન જ પુરુષોને ભવિષ્યના કાર્યસ્થળમાં માત્ર ટકી રહેવા માટે જ નહીં, પરંતુ વિકાસ કરવા માટે પણ શક્તિ આપશે. ■



## ડિયર હની... તારો બન્ની
### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## સાસુ-વહુના સંબંધો સારા કેમ ના હોય?

ડિયર હની,

હું ઓફિસે ગઈ હોઉં તો મારાં સાસુ બપોરે ફોન કરે છે કે, સાંજે શું રસોઈ બનાવું? શું તને ભાવશે?
અને સાંજે હું ઘેર પહોચું તો સાસુ કહે કે, થોડો આરામ કરી લે પછી જમીશું. રસોઈ તૈયાર છે.....આવું
કોઈ નોકરીએ જતી વહુ એની સાસુ માટે કહે તો આશ્ચર્ય થાય. કેમ સાસુ વહુને આવું ના પૂછે? સાસુ-
વહુનાં સંબંધોમાં હંમેશાં ખટાશ જ હોય? સારા સબંધો ના હોય શકે?
ખબર નહિ આપણે ત્યાં સાસુ - વહુનાં સબંધોમાં સારાપ હોય તો હજુ આશ્ચર્ય થાય છે.
તારી સાથે આ વિશે ઘણી વાત થઇ છે. મારી બા એટલે કે તારી સાસુ વિશે આજે ય તું ઘણીબધી
વાતો કરે છે, એમના ગયા પછી ય.
શા માટે એવું થયું? કારણ કે મારી બાએ તને પહેલેથી જ વહુ ના ગણી ને દીકરીની જેમ રાખી હતી
અને તને ય અહેસાસ થતો હતો કે સાસુ આવી જ હોવી જોઈએ જે માની યાદ અપાવે.
હમણાં સુરતના ઉદ્યોગપતિ મહેશ સવાણી માતા-પિતા વિહોણી દીકરીઓને પરણાવે છે એમણે જે
દીકરીઓને પરણાવી એમને એમની સાસુ વિશે લખવા કહેવાયું અને એમાંનો એક અંશ મેં શરૂઆતમાં
મૂક્યો છે. આવા તો ઘણા બાધા લખાણ છે. ખબર નહિ પણ સાસુ- વહુ વચ્ચે સારપ હોય જ ના શકે
એવું આપણે પહેલેથી જ ધારી લઈએ છીએ. ફિલ્મો અને સિરિયલમાં અને આવી જ રીતે પાત્રાલેખન
થાય છે. જોકે એ સમાજનું વાસ્તવિક ચિત્રણ નથી. કેટલાક એવા ય કિસ્સા છે જે આ સંબંધના સારપની
સુગંધ ફેલાવે છે. એવા કેટલાક કિસ્સા મારે તને કહેવા છે.
કિસ્સો ૧ : સાસુ નિવૃત્ત શિક્ષિકા હતાં . વહુ એન્જિનિયર. એ લગ્ન પછી પણ પોતાની કારકિર્દી ચાલુ
રાખવા માંગતી હતી. એણે પરણ્યા પછી જોબ ચાલુ રાખી. વહુને જોબ માટે સવારે વહેલા જવું પડતું કે
મોડું થતું તો સાસુ ક્યારેય ફરિયાદ કરે નહીં. તેમણે હસતાં-હસતાં ઘર અને બાળકોની જવાબદારી
સંભાળી લીધી. એનાથી ય આગળ વાત કરીએ તો એક દિવસ વહુ પ્રમોશન મેળવીને ઘરે આવી ત્યારે
સૌથી પહેલા સાસુએ જ તેને મીઠાઈ ખવડાવી. તેમણે કહ્યું : ' મારી વહુનું નામ થયું એટલે મારું નામ
થયું!'
કિસ્સો ૨ : મોટાભાગે વહુ જો કોઈ બીજા સમાજમાંથી કે બીજા પ્રદેશની આવે તો એમના વચ્ચે સૌથી
વધુ સમસ્યા રસોઈને લીધે થતી હોય છે , પણ આ કિસ્સો મજાનો છે. સાસુ પરંપરાગત ગુજરાતી
રીતરિવાજોમાં માનનારાં તો વહુ દક્ષિણ ભારતીય બેકગ્રાઉન્ડમાંથી આવતી હતી. શરૂઆતમાં રસોઈ કે
તહેવારોની ઉજવણીમાં ખૂબ તફાવત પડતો. અને સાસુએ વહુને ગુજરાતી વાનગીઓ શીખવી, પણ સાથે
સાસુએ પણ વહુ પાસેથી સાઉથ ઇન્ડિયન વાનગીઓ ઉત્સાહથી શીખી. બંનેએ નક્કી કર્યું કે તહેવારો
એક વર્ષ ગુજરાતી સ્ટાઇલથી ઉજવવા અને બીજા વર્ષે દક્ષિણ ભારતીય સ્ટાઇલથી. આ રીતે, બંને
સંસ્કૃતિને સન્માન મળ્યું.
ઘણાં ઘરોમાં સમસ્યા એમાંથી ઉત્પન્ન થાય છે કે, વહુનાં માતા-પિતા બીમાર પડે ને વહુએ પિયર
જવું પડે તો સાસરીયાઓને એ ગમતું નથી. ખાસ કરીને સાસુ નારાજ થાય છે, પણ આ સાસુનો કિસ્સો
અલગ છે. વહુ પાયલનાં પિતા બીમાર પડ્યા ત્યારે પાયલ લાંબા સમય સુધી તેમની સેવામાં વ્યસ્ત રહી.
સાસુએ માત્ર વહુને એના પિયર જવાની છૂટ આપી નહીં, પણ પોતાનો દીકરો પણ નિયમિત રીતે વહુના
માતા-પિતાને મદદરૂપ થાય તેવી ગોઠવણ પણ કરી. સાસુએ વહુને કહ્યું : 'તારા મા-બાપની સેવા કરવી
એ તારો ધર્મ છે. તું તારા સાસરે પણ ખુશ રહીશ અને તારા પિયરની જવાબદારી પણ નિભાવી શકીશ
તો જ તારો સંબંધ સંપૂર્ણ ગણાશે.'
એક મિત્રની દીકરીનાં લગ્નમાં મેં ફાધર વાલેસનું પુસ્તક 'લગ્નસાગર' ભેટમાં આપેલું ત્યારે તેં એના
વિશે પૂછ્યું હતું. આ જ પુસ્તકમાં સાસુ વહુના સંબંધ પર બહુ મજાની ટીપ આપી છે. ફાધર વાલેસ કહે
છે, પાંચ આદત પાળવા જેવી છે. દિવસમાં ઓછામાં ઓછા એક વખત, બંનેએ એકબીજાની પાસે
બેસીને રસોઈ કે ઘરની વાત સિવાયની બીજી કોઈ અનૌપચારિક વાત કરવી, જેમ કે 'તમે ગઈકાલે જે
કાર્યક્રમ જોયો, તે કેવો હતો?' અથવા 'આજે કામ પર તમને કેવો અનુભવ થયો?'
બીજું, ભૂલ શોધવાને બદલે, રોજે એકબીજાના કોઈ એક સારા કાર્યની નિખાલસ પ્રશંસા કરવી, જેમ
કે, 'વહુ, તેં બાળકોને જે રીતે સંભાળ્યા, તે ખરેખર ખૂબ જ સરસ છે...' અથવા મમ્મી, તમે આજે જે
રીતે મહેમાનોનું સ્વાગત કર્યું, તે જોઈને મને ગર્વ થયો....'
સાસુ હોય કે વહુ , જૂની વાતો ગાંઠે બાંધી ફરતા રહે છે. આદત એવી પાળો કે, કોઈ ભૂતકાળની
ભૂલ કે મનદુઃખને વર્તમાન સંવાદમાં વારંવાર ન લાવવું. જે થઈ
ગયું તેને ત્યાં જ છોડી દેવું. જો કોઈ નાની ભૂલ થઈ હોય, તો તે
વાતને ફરીથી ઉખાડીને દોષારોપણ ન કરવું. સૌથી મહત્ત્વની
વાત એ કે, એકબીજાને સહકાર આપવો. સાસુની તબિયત સારી
ન હોય ત્યારે વહુએ રસોઈમાં આગળ વધવું, કે વહુને ઓફિસનું
કામ હોય ત્યારે સાસુએ ઘરની જવાબદારી ઉપાડી લેવી.
આમ કરવું અઘરું તો નથી જ. થોડો પ્રયત્ન કરીએ તો સંબંધોમાં
મીઠાશ વધે ને કડવાશ દૂર જતી રહે છે. તારો તો અનુભવ છે.
બરાબર ને?

તારો બન્ની.

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## સ્વજનોની હૂંફ છે અસરકારક દવા

જયશ્રીબહેનના પતિનું અવસાન થયા બાદ પુત્રના પરિવાર સાથે એ રહેતાં હતાં અથવા તો એમ કહી શકાય કે પતિના અવસાન પહેલાં નાના પુત્રનો પરિવાર જયશ્રીબહેન અને જયેશભાઈની સાથે જ રહેતો હતો, તેથી જયેશભાઈના નિધન બાદ પણ એ જ રીતે સપરિવાર આ લોકો રહેતા હતા. જયશ્રીબહેન પહેલાંની માફક જ પોતાના ઘરમાં, પોતાના રૂમમાં રહેતાં હતાં. એમની રહેણીકરણીમાં કોઈ ફરક પડ્યો ન હતો. પતિના જવાનું દુઃખ તેમને ક્યારેક વિચલિત કરી જતું એ સિવાય જયશ્રીબહેનને કોઈ જ તકલીફ ન હતી.

જયશ્રીબહેનના જીવતર માટે, તેમની બીમારી માટે, તેમની દેશ-પરદેશની ટૂર માટેની આર્થિક સગવડ જયેશભાઈએ વ્યવસ્થિત રીતે કરી હતી. એ કોઈ પણ રીતે દીકરાના ઓશિયાળા ન હતાં. ઘર પણ જયશ્રીબહેનનાં નામ પર જ હતું.

પતિના અવસાનના આઘાતમાંથી એ ધીરે ધીરે બહાર આવી રહ્યાં હતાં.. જયશ્રીબહેન પોતાના રૂટિનમાં સેટ થઈ રહ્યાં હતાં. રોજ સવારે યોગા પછી જયશ્રીબહેન ગાર્ડનમાં જતાં. હમઉમ્ર મિત્રો-સહેલીઓને મળીને વાતો કરતાં અને અને આનંદ પામતાં પછી મંદિરે જઈ દર્શન કરીને ઘેર આવતાં. ઘેર આવીને ચા-નાસ્તો કરીને ઘર મંદિરના ઠાકોરજીને રીજવતા.

બાળકો સાથે થોડીવાર કિલ્લોલ કરતા, પછી બપોરનું જમણ, પછી આરામ, સાજે બગીચામાં જતાં અડધો-પોણો કલાક વોક લેતા. ફરી પાછાં મિત્રો-સહેલીઓ સાથે ગપ્પાં-ગોષ્ઠિ પછી ઘેર પરત. રાતનું જમણ પતાવી. બાળકો સાથે મસ્તીમજાક કરીને ટીવી જોતા અને છેલ્લે ઠાકોરજીની માળા ફેરવીને સૂઈ જતાં.

આમ જયશ્રીબહેનનું આખા દિવસનું ટાઈમટેબલ ફિક્સ રહેતું. સરસ જીવન જીવી રહ્યાં હતા, પણ પછી સુખનું તો આયુષ્ય ટૂંકું. માંડ બધું સરસ સમુંસુતરું ચાલતું હતું ત્યાં સવારે મંદિરેથી દર્શન કરીને પાછા ફરતી વખતે સામેથી પૂરઝડપે આવતી બાઈકથી બચવા જયશ્રીબહેન જલદીથી પાછળ ખસ્યાં, પાછળ મોટો ખાડો હતો. એ ખાડામાં પડ્યા અને થાપાનું હાડકું ભાંગી ગયું. સર્જરી કરાવવી પડી. એકાદ અઠવાડિયું હોસ્પિટલમાં રહેવાનું હતું. દીકરાએ બધી સગવડ કરી આપી હતી, પણ દીકરા કે વહુને આવવાનો સમય મળતો ન હતો કે ન એવી કોઈ ઈચ્છા.

સવારે ઓફિસ જતી વખતે ઊભાં ઊભાં પાંચ મિનિટ માની ખબર કાઢી જતાં બસ, પછી બન્ને ચાલતા થાય. હા, જયશ્રીબહેનની સારવારમાં કે સેવા-સુશ્રુષામાં કશી કમી રહેતી ન હતી, પણ ઘરનાં લોકો પોતાના સ્વજન થોડીવાર પાસે બેસીને વાતો કરે... આ તો એક સ્વપ્ન હતું. જયશ્રીબહેનનું જે કદી સાચું પડવાનું ન હતું.

એમનાં રૂમની સામે જ જનરલ વોર્ડ હતો. એ વોર્ડ જયશ્રીબહેનને પોતાના રૂમમાંથી દેખાતો હતો. એ જનરલરૂમના ખાટલા જયશ્રીબહેન પોતાના રૂમમાંથી જોઈ શકતાં. એ ખાટલાના દર્દીઓના સંબંધીઓ ભાઈ હશે કે દીકરો, પણ આખો દિવસ-રાત વારાફરતી સાથે રહેતા-વાતો કરતાં સેવા કરતાં...




જયશ્રીબહેનને આ બધું જોવું બહુ ગમે, પણ સાથે સાથે મનમાં ઓછું આવે કે કાશ! મારી પણ કોઈ આવી રીતે સંભાળ લેતું હોત તો કેટલું સારું થાત!

માંદગીમાં માણસને સતત કોઈના સંગાથની ઈચ્છા રહે છે, કોઈની હૂંફની જરૂર રહે છે. મેડિકલ સાયન્સ અનુસાર સર્જરી પછી રિકવરીનો આધાર ડોકટર્સની બાહોશી પર તો હોય જ પણ તેના કરતાંયે વધારે ઓપરેશન થિયેટરની બહાર કોણ ચિંતા કરતું ઊભું છે એના પર વધારે હોય છે.

વિજ્ઞાન અને મેડિકલ સાયન્સ વ્યક્તિની શારીરિક તકલીફ દૂર કરે છે પણ મનની, દિલની તકલીફ દૂર કરવા માટે તો પોતાનાં સ્વજનો કે પોતાનાં સંતાનો જ જોઈએ. માંદગી વખતે માતા- પિતા બન્ને સાથે હોય ત્યાં સુધી તો ઠીક, પણ બેમાંથી એક વિદાય લઈ જાય પછી આવી મુસીબત શરૂ થઈ જાય છે. માંદગીમાં પગારદાર નર્સ ઈત્યાદિ હોય છે, પણ આપ્તજનનો અભાવ ખટકે ..

જયશ્રીબહેનને પથારીમાં પડ્યા પડ્યા શ્રવણની વાર્તા યાદ આવે છે. ક્યાં છે આજે શ્રવણ જેવાં સંતાનો? પણ પછી પોતે જ વિચારે છે શ્રવણને ક્યાં મારાં દીકરા જેટલું કામનું સ્ટ્રેસ હતું? મારાં દીકરાને તો બિચારાને કેટલું સ્ટ્રેસ અને કેટલું કામ રહે છે. આખરે કોઈક રીતે તો મન મનાવવું જ રહ્યું ને? ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com


## ફિલ્મ કે નવલકથા કરતાં પણ વધુ દિલચસ્પ વાર્તા જિંદગી સંભળાવતી હોય છે

(ભાગ: ૯)

**નામ: મુમતાઝ જહાન દહેલવી (મધુ બાલા)**
સમય: ૨૦ ફેબ્રુઆરી, ૧૯૬૯
સ્થળ: બ્રિચ કેન્ડી હોસ્પિટલ, મુંબઈ
ઉંમર: ૩૬ વર્ષ

**મારી** જિંદગી કોઈ ફિલ્મી વાર્તાથી ઓછી નથી… રેગ્ઝ ટુ રિચીઝની કથા! સિન્ડ્રેલા જેવી વાર્તા છે મારી. ઝૂંપડપટ્ટીમાંથી ‘અરેબિયન વિલા’ જેવા બંગલા સુધીનો પ્રવાસ અનેક ઊબડખાબડ રસ્તામાંથી પસાર થયો છે. સારા-ખરાબ, ભલા-બૂરા માણસો, અનુભવો અને પરિસ્થિતિનો સામનો કર્યો છે મેં! જીવનમાં કદી નહોતું વિચાર્યું કે, મારા ઉપર ‘ફ્રોડ’નો આરોપ લાગશે અને અદાલતના કઠેડામાં ઊભા રહીને મારે સફાઈ આપવી પડશે…

આ કથા ‘નયા દૌર’ ફિલ્મ સાથે જોડાયેલી છે. અશોક કુમાર સાથે બી.આર. ચોપરાએ એક ફિલ્મ એનાઉન્સ કરી જેનું નામ હતું, ‘નયા દૌર.’ મારા પિતાએ ૩૨ હજાર રૂપિયા લઈ લીધા અને બાકીના ૧૮ હજાર રૂપિયા ફિલ્મનું અડધું શુટિંગ પતે પછી લેવાનો કોન્ટ્રાક્ટ સાઈન થઈ ગયો. એ ગાળામાં અશોક કુમાર છ ફિલ્મો કરી રહ્યા હતા. એમણે નમ્રતાપૂર્વક બી.આર. ચોપરાને ફિલ્મમાંથી મુક્ત કરવાની વિનંતી કરી. મારા અબ્બુએ અશોક કુમારના નીકળી જવાના નિર્ણયનો વિરોધ તો કર્યો, પરંતુ એથી વધારે વિરોધ એમણે ત્યારે નોંધાવ્યો જ્યારે અશોક કુમારની જગ્યાએ દિલીપ કુમારને સાઈન કરવામાં આવ્યા. અતાઉલ્લા ખાને એક પબ્લિક નોટિસ બી.આર. ચોપરાને મોકલાવી જેમાં લખ્યું હતું કે, જો મધુબાલા આ ફિલ્મની હીરોઈન હશે તો દિલીપ કુમારને આ ફિલ્મમાંથી કાઢવા પડશે!


મધુબાલા – દિલીપ કુમાર

અત્યાર સુધી યુસુફે અમારા સંબંધ અને વ્યવસાયિક પ્રશ્નોને અલગ રાખ્યા હતા… ભલમનસાઈથી એમણે અમારા તૂટી ગયેલા સંબંધની અસર એમના વ્યવસાયિક નિર્ણયો પર થવા દીધી નહોતી, પરંતુ જ્યારે મારા અબ્બુએ આવી નોટિસ મોકલી-એ નોટિસ અખબારોમાં પ્રકાશિત કરાવી ત્યારે દિલીપ કુમારે આ વાતને પોતાના અંગત અપમાન તરીકે લીધી. એની જગ્યાએ કોઈપણ હોત તો એમ જ કર્યું હોત ને? આઠ દિવસનું શુટિંગ થઈ ચૂક્યું હતું-બી.આર. ચોપરાના પૈસા લાગી ચૂક્યા હતા. એ શાંતિથી કોઈ નીવેડો લાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા, પરંતુ મારા અબ્બુ વધુને વધુ મુશ્કેલીઓ ઊભી કરી રહ્યા હતા. બી.આર. ચોપરાએ અંગત જવાબદારી લીધી કે, દિલીપ કુમાર સાથે મારા ઓછામાં ઓછા સીન હશે એટલું જ નહીં, એમણે અબ્બુને સતત સેટ પર હાજર રહેવાની પરવાનગી આપી… તેમ છતાં, ભોપાલના આઉટડોર શુટિંગમાં જવાની અબ્બુએ સ્પષ્ટ ના પાડી દીધી. એમણે કહ્યું કે, જે શુટ કરવું હોય એ મુંબઈમાં જ થશે. હવે વાત વણસી ગઈ. બી.આર. ચોપરા આઠ દિવસનું શુટિંગ જવા દેવા તૈયાર હતા. એમણે મને ચૂકવેલા પૈસા પાછા માગ્યા. અબ્બુએ ચોખ્ખી ના પાડી, એ તો સાઈનિંગ એમાઉન્ટ છે… કહીને, એમણે હાથ ઊંચા કરી દીધા. ૩૨ હજાર રૂપિયા નાની રકમ નહોતી. બી.આર. ચોપરાએ એક ઈન્ટરવ્યૂ આપ્યો જેમાં ૩૨ હજાર રૂપિયા ચૂકવી દીધા પછી અતાઉલ્લા ખાનની આડોડાઈ વિશે એમણે ઉલ્લેખ કર્યો. હવે પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે, બી.આર. ચોપરાએ મધુબાલા વિરુદ્ધ ક્રિમિનલ કોર્ટમાં કોન્ટ્રાક્ટ કર્યા પછી ફિલ્મમાં કામ કરવાનો, ઈન્કાર કરવા માટે કેસ કરી દીધો.

ગિરગાંવ કોર્ટમાં મુકદ્દમો ચાલ્યો. હું જાણું છું કે, આ ખોટી જ વાત હતી, પરંતુ અબ્બુનું અપમાન કરવાની કે એમની વિરુદ્ધ જવાની મારી તાકાત નહોતી. મને મારી આજ્ઞાકારિતા સતત નડી. દિલીપ કુમારને સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યા. એમણે ગિરગાંવ કોર્ટમાં કુરાન પર હાથ મૂકીને એડવોકેટ બી.એમ. મિસ્ત્રીના સવાલનો જવાબ આપ્યો, ‘મને મધુબાલા ખૂબ ગમતી હતી, પણ એ પાંચ વર્ષ પહેલાંની વાત છે. એ સમયે હું વારંવાર તેના ઘરે જતો. મને ખાતરી હતી કે તે મારી સાથે લગ્ન કરશે. અમે તેના બંગલાના કોઈપણ રૂમમાં આરામથી બેસતા, વાતો કરતા. હું કોઈપણ પ્રતિબંધ વિના તેના રૂમમાં પણ જઈ શકતો. અમે પ્રેમમાં હતા. પછીથી, મને તેના ઘરે જવાની મનાઈ કરવામાં આવી. તેના પિતા, અતાઉલ્લાહ ખાને મને એક પત્ર લખીને મધુબાલાથી દૂર રહેવાનું કહ્યું. મને આ વાતનું દુઃખ નથી. તેથી, હું નિરાશ પ્રેમી જેવું વર્તન કરી રહ્યો છું એ આક્ષેપ સંપૂર્ણપણે ખોટો છે.’

બીજે દિવસે અખબારોએ હેડલાઈન છાપી, ‘મધુબાલાને હું આજે પણ પ્રેમ કરું છું-દિલીપ કુમાર.’ અબ્બુ આ વાતથી ખૂબ નારાજ થયા… ને મને, કોઈ વિચિત્ર પ્રકારની તસલ્લી થઈ. જે માણસને મેં પ્રેમ કર્યો હતો એ માટીપગો કે ડરપોક નથી બલ્કે, એણે મને પ્રેમ કર્યો છે એ વાત એ સ્વીકારે છે એ વાતથી મને ખૂબ સંતોષ થયો. જોકે, અબ્બુએ મારી પાસે ખોટી ગવાહી અપાવડાવી જેમાં મારે કહેવું પડ્યું કે, ‘દિલીપ કુમાર એક રાત્રે મારા ઘરે આવ્યા. એમણે ખૂબ શરાબ પીધી હતી. એ મને બહાર લઈ જવાનો આગ્રહ કરતા હતા. મેં ના પાડી એથી એમણે મને તમાચો માર્યો… એ પછી અમારો સંબંધ તૂટી ગયો તેથી દિલીપ કુમાર મારા પર વેર લઈ રહ્યા છે…’ મારી જુબાની પછી હું બહાર નીકળતી હતી ત્યારે યુસુફે જે રીતે મારી સામે જોયું એ નજરની તકલીફ અને ફરિયાદ હું આજ સુધી ભૂલી નથી શકી. મને ખબર છે કે હું જુઠ્ઠું બોલી હતી, પણ…

એ પછી યુસુફ સાથે કામ કરવાનું તો સપનાંમાં પણ વિચારી ન શકાય! એણે પણ ગાંઠવાળી લીધી હતી…

નઝીર નામના ચરિત્ર અભિનેતાનો ભાણો કરીમુદ્દીન આસિફ ૧૯૩૮-૩૯માં મુંબઈ આવ્યો. લેડીઝ ટેલરનું કામ શરૂ કર્યું, પરંતુ એનો જીવ તો સિનેમામાં હતો. મામાએ ઘણો પ્રયત્ન કર્યો, પણ જ્યારે કરીમ ન માન્યો ત્યારે એમણે એને જે કરવું હોય તે કરવાની છૂટ આપી. કરીમે પહેલી ફિલ્મ બનાવી, ‘ફુલ’. ભારત-પાકિસ્તાનના ભાગલા પહેલાંની આ ફિલ્મ સુપરહીટ પુરવાર થઈ. કરીમુદ્દીન આસિફ હવે કે.આસિફના નામે જાણીતા થયા. એમણે બીજી ફિલ્મની જાહેરાત કરી, ‘હીરરાંઝા’ પરંતુ એ ફિલ્મ શરૂ થાય એ પહેલાં ઈમ્તિયાઝ અલી તાજનું લખેલું એક નાટક ‘મોગલ એ આઝમ’ કે.આસિફના હાથમાં આવ્યું. એમણે દુર્ગા ખોટેને જોધાબાઈના રોલમાં, ચંદ્રમોહન નામના અભિનેતાને અકબરના રોલમાં, નરગિસને અનારકલી અને સપ્રુને સલીમના રોલમાં અનુબંધ કરવામાં આવ્યા. જોકે, એ વખતે જ દિલીપ કુમારે સલીમ બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, પરંતુ એ વખતે દિલીપ કુમાર દુબળા-પાતળા અને હાઈટમાં નીચા લાગ્યા! સંવાદ લેખનનું કામ કમાલ અમરોહીને સોંપવામાં આવ્યું…

‘મોગલ એ આઝમ’ને વિશ્વની સૌથી મોંઘી અને અદ્‌ભુત ફિલ્મ બનાવવાના દ્રઢ નિર્ધાર સાથે કે.આસિફે વિશ્વબજારમાં શોધખોળ કરવા માંડી. કે.આસિફે પોતાની પ્રોડક્શન કંપની શરૂ કરી અને એસ.કે. ઓઝાના દિગ્દર્શનમાં પહેલી ફિલ્મ બનાવી, ‘હલચલ’. ફિલ્મ નિષ્ફળ ગઈ. નરગિસ અને દિલીપ કુમાર વચ્ચે મતભેદ થયો. ફિલ્મ સેન્સરમાં ગઈ ત્યારે નરગિસે કેટલાંક દ્રશ્યો કઢાવી નાખવાનો આગ્રહ રાખ્યો. માખનલાલ જૈન અને રાજેન્દ્ર જૈન નામના પિતા-પુત્રની સાથે કમાલ અમરોહીએ લેખન-દિગ્દર્શનની બાગડોર સંભાળીને ફિલ્મ ‘અનારકલી’ની જાહેરાત કરી દીધી… કોર્ટ કેસ થયા, ઝઘડા થયા અને અંતે, પિતા-પુત્રએ પોતાનું સ્વપ્ન પડતું મૂકવું પડ્યું.

‘અનારકલી’ના રોલ માટે ૧૬થી ૨૨ વર્ષની યુવતીઓને ઓડિશન માટે બોલાવવામાં આવી. પહેલા ઓડિશન પછી દિલીપ કુમાર અને કે.આસિફ સેકન્ડ ઓડિશન લેવાના હતા. પાંચ યુવતીઓ ફાઈનલિસ્ટ સુધી પહોંચી જેમને મુંબઈ બોલાવવામાં આવી, પરંતુ એમાંથી કોઈ દિલીપ કુમારને ગમી નહીં. કે.આસિફ પણ આ પાંચ યુવતીઓના સ્ક્રીન ટેસ્ટથી સંતુષ્ટ તો નહોતા જ…

રાજેન્દ્ર જૈનવાળી ફિલ્મમાં ‘અનારકલી’ના રોલ માટે મને બોલાવવામાં આવી હતી, પરંતુ એ વખતે યુસુફ સાથેના મારા સંબંધો બહુ સારા હતા. એણે દાદરના શ્રી સાઉન્ડ સ્ટુડિયોમાં મને બોલાવીને ‘અનારકલી’ માટે ના પાડવાનું કહ્યું. સામે ‘મોગલ એ આઝમ’માં રોલ અપાવવાનું વચન આપ્યું. મેં ‘અનારકલી’ની ના પાડી દીધી… અને અંતે, કે.આસિફ અને અતાઉલ્લા ખાન સામસામે બેઠા. મારા અબ્બુએ સ્વભાવ મુજબ અશક્ય શરતો મૂકવા માંડી. યુસુફ હાજર હતા. એમણે મારી સામે જોયું. મારા અબ્બુ નારાજ થઈને જતા રહ્યા. કે.આસિફ પણ ચીડાઈને બહાર જવા તૈયાર થયા, ત્યારે મેં કહ્યું, ‘તમે હમણા કોન્ટ્રાક્ટ કરી લો. ફિલ્મ મારે કરવાની છે. તમે જે કહેશો તે પ્રમાણે કરવા હું તૈયાર છું, પરંતુ અનારકલીનો રોલ તો હું જ કરીશ… યુસુફની અનારકલી બીજું કોઈ જ ન હોઈ શકે.’

કોન્ટ્રાક્ટ થયો. ‘મોગલ એ આઝમ’ની જાહેરાત થઈ અને મને અનારકલીના રોલ માટે પસંદ કરી લેવામાં આવી. હવે દુર્ગા ખોટે તો હતા જ, પરંતુ ચંદ્રમોહનની જગ્યાએ પૃથ્વીરાજ કપૂર અને બહારની ભૂમિકા માટે કે.આસિફની પત્ની નિગાર સુલતાનને પસંદ કરવામાં આવી. દુર્જનસીના રોલ માટે વિલન અજિત અને સલીમના રોલમાં દિલીપ કુમાર ફાઈનલ થઈ ગયા…

ત્યારે કોને ખબર હતી કે, અમારા સંબંધો એટલા વણસી જશે કે, ફિલ્મના છેલ્લાં દ્રશ્યોમાં અમે એકબીજા સાથે અબોલા સાથે શુટ કરીશું…

(ક્રમશઃ)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

## ઘોડા જેવું થવામાં મજા પડે ખરી?



ઘણીવાર કેટલાક યુવાનોને ‘અરે! એ તો ઘોડા જેવો પઠ્ઠો છે.’ એમ કહેવાતું. અમારાં ગામમાં ઘણા નવરા ઘોડાઓને બેઠાબેઠા મફતનું ખવડાવીને તરોતાજા રાખવામાં આવતા. ગામના શ્રીમંતો શોખ માટે અને પોતાનો વટ પાડવા માટે, રેસ લગાવવા માટે કે ઘોડાગાડી ચલાવવા માટે ઘોડા રાખતા, પણ સમય જતાં સ્કૂટર, રિક્ષા, કાર, ટ્રેન, બસે ઘોડાનું સ્થાન લીધું. આમ છતાં રહી ગયું એક વાક્ય - ‘છોકરો તો ઘોડા જેવો છે!’

ઘોડો સુંદર અને જોરાવર હોય તોય તે પરણવા જતાં વરરાજાનો ઘોડો બની વરરાજા કરતાં પણ વધારે વટ પાડતો. એ સુંદર ઘોડાને એનો માલિક બરાબર શણગારતો અને ખવડાવી પીવડાવીને તરોતાજા રાખતો. ઘણીવાર લગ્ન સિઝનમાં ઘોડો મળવો મુશ્કેલ થઈ જતો. ઘોડાનો માલિક લગ્ન સિઝનમાં ગરજાઉ વરરાજાને જોઈને પોતાના ઘોડાના ભાવ વધારી દેતો.

લગ્ન સિઝન શરૂ થવા પહેલાં એનો માલિક ઘોડા ઉપર હાથ ફેરવવાનું, વારેવારે ખવડાવવા-પીવડાવવાનું શરૂ કરે એટલે ઘોડો પણ સમજી જતો હશે કે આપણી પાનખર ગઈ ને લીલીછમ વસંત આવી છે. જોકે એ લગ્નના ઘોડાને ખબર છે કે આ વસંત લાંબી ચાલવાની નથી. લગ્ન સિઝન પછી પાનખરમાં ભૂખે જ મરવાનું છે. જ્યારે હોંશે હોંશે ઘોડે ચડી જતાં વરરાજાને જરા પણ ખબર નથી કે હાલ જે આનંદ-ઉત્સવ, નાચગાન, માનપાન અને ખાટલેથી પાટલે થાય છે, એ બધા આળપંપાળ ક્ષણજીવી છે. બાકી હવે પછીનું જીવન કંટકોથી ભરેલું ઉબડખાબડવાળું છે. ઘોડા જેવો ટટ્ટાર ચાલનારો પછી ખચ્ચર થઈને માલ વહન કરનારો બની રહેવાનો છે. ‘આજ મેરે યાર કી શાદી હૈ…’ ગાનારા ને નાચનારાઓ સરસ મજાનું જમી કરીને હસતાં હસતાં ઘરે જતાં હશે અને એકબીજાને તાળી આપતાં હશે કે ‘આવ્યો હવે લાગમાં!’ એકાદ મિત્ર તો ગાતો પણ હશે કે ‘યે ફસા… યે ફસા…’ આમ હોંશે હોંશે ઘોડે ચડનારાઓ થોડા સમયમાં જ ખચ્ચરની જેમ ધૂંસરી બાંધીને નીચા મોઢે ફરતા હોય છે ત્યારે ભૂલેચૂકે એમને કોઈ પૂછશે નહીં કે ‘લગ્ન બાદ હવે તમને જિંદગી કેવી લાગે છે?’

યુવાનને ઘોડા જેવો કહો તો એનું સવાશેર લોહી વધી જાય. પણ કોઈ છોકરીને ઘોડી કહો તો એ ક્યાં રિસાઈ જશે ક્યાં તો ગુસ્સો કરશે તો કેટલીક જેમ્સ બોન્ડ જોનરમાં આવનારી છોકરી ખુશ પણ થશે. શહેરમાં હવે ઘોડા કે ઘોડી મળવા મુશ્કેલ થઈ ગયાં છે. નાનાં બાળકો ઘોડા પર બેસવાની જીદ કરે ત્યારે ઘોડાગાડીમાં બેસાડો ત્યાં સુધી તો ઠીક, પણ ભૂલેચૂકે ઘોડા ઉપર ચડવાનું બની શકે તો ટાળવું સારું. દસ ગણા ભાવ આપીને અમે એક અમેરિકનને ઘોડે બેસાડેલા. પણ ઘોડો જરાક ચાલીને બેસી પડતો હોય એમ લાગ્યું. એણે ધરાર પેલા ભાઈને ગબડાવ્યા. એ તો રેતીનો પટ હતો એટલે વાગ્યું નહીં. પણ જો પથરા હોત તો? જો કે બિચારા અમેરિકને પુઅર હોર્સને કશુંક સારું ખવડાવવા માટે હોર્સમેનને પાંચસોની બે નોટ આપી અને પોતાનું વાગવાનું ભૂલીને ઘોડા ઉપર પ્રેમથી દસ વાર હાથ ફેરવ્યો. આપણા ઘોડા ક્યારે આપણને દગો દેશે એ હવે કહી શકાય એમ નથી. છતાં હજી મોંઘીદાટ કારમાં બેસી પરણવા નહીં જતા અને ટટ્ટુ જેવા ઘોડા ઉપર જનારા વરરાજાને ભગવાન જ બચાવે!

‘ક્યાં અશ્વમેધના ઘોડા અને ક્યાં ઘોડો ચેતક? ક્યાં મહાભારત જેવા યુદ્ધ લડનારા ઘોડાઓ?’ એવું માર્મિક બોલીને પોતાના જુવાન બેકાર છોકરા તરફ જોઈને મોહનભાઈ હજી વધારે વેધક બોલવા જાય, તે પહેલાં જ મોહનભાઈના બંને યુવાન ઘોડાઓએ હણહણાટી બોલાવી દીધી.

‘બાપા, તમે તો હવે રહેવા જ દેજો. તમે તમારા બાપાના હોનહાર ઘોડા નહીં, પણ ખચ્ચર જ પુરવાર થયા છો. દાદાની જમીન વેંચી વેંચીને મજા કરી અને બેઠાબેઠ ખાધું. એક તણખલું તોડ્યું નથી અને હવે અમને મહાભારતની વાર્તા કરવા બેઠા છો? ઘોડાને દોડાવવા હોય તો દબાવીને રાખેલો તમારો ખજાનો વહેંચો તો તમારા ઘોડા પણ ખાઈ પીને દોડવા લાગશે. સમજ્યા? પહેલાંના રાજા- મહારાજા પણ ઘોડાઓને ભરપેટ જાતજાતનું ખવડાવતા હતા. સમજ્યા? મહાભારતના ઘોડા બનાવવા હોય તો થોડું રોકાણ ઢીલું કરો.’

ઘરમાં મહાભારત શરૂ થઈ ગયું. એ તો સારું હતું કે ઘરની મહારાણી સમજુ હતી. એટલે તમામ ઘોડાને થોડું થોડું આપીને છૂટા મૂકી દેવાનો કઠણ, પણ ઉત્તમ નિર્ણય તાત્કાલિક લીધો. પરિણામે મહેલમાં શાંતિ છવાઈ. બાકી કૌરવોની જેમ ‘એક તસુ જમીન પણ નહીં આપીએ.’ એવું જો બાપાએ કહ્યું હોત તો તરત જ યુદ્ધ જાહેર થઈ જાત એ નક્કી.

એમ પણ અત્યારની પરિસ્થિતિ જોતાં જમીન વેંચી વેંચીને કેટલાય ઘોડાઓ પાન -માવા અને કંઈક વ્યસનોના ગુલામ થતા જાય છે. બિલ્ડરો ખેતરો ખરીદીને સિમેન્ટનાં મકાનો ચણી રહ્યાં છે. સાવ વિવેકબુદ્ધિ વગરનાઓ માત્ર તમાશો જોતાં રહેશે તો ઘોડાઓની તાકાત તો વધશે, પણ એ તાકાત માત્ર ગેરરીતિમાં જ વપરાશે. બાકી તો અશ્વમેધના ઘોડાઓ અને અશ્વમેધ કરનારાઓ પણ ઘણા છે. ઘોડો પલાણતા અને ઘોડા રાજમાર્ગ ઉપર કઈ રીતે દોડશે એવું વિચારનારા પ્રમાણમાં ઓછા થતા જાય છે. જરા જોજો, ઘોડા કરતાં ઘોડી રેસમાં આગળ ના નીકળી જાય! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

## તીખાશનો તરખાટ

**સવારના** પાંચ વાગ્યા હતા. અલાર્મ વાગતાં પહેલાંજ અનુની આંખ ખુલી ગઈ. બારી બહાર ચોતરફ અંધારું છવાયેલું હતું. એના મનમાં ચાલી રહેલી ચીસ એ અંધારાને ચીરતી સોંસરવી નીકળી. અગિયારમા ધોરણમાં ભણતી અનુ આમ બધી રીતે સામાન્ય હતી, પરંતુ સ્કૂલમાં એનું નામ હંમેશાં એક વાતે ચગેલું રહેતું. એ બહુ ઝગડા કરતી. તેજ જબાન, ગુસ્સૈલ ચહેરો, તીખો અવાજ એનાં ઘરેણાં હતાં. જબરી, રાડકી કે વાયડી જેવા ઉપનામથી અનુને લોકો નવાજતા રહેતા.

અનુનો પરિવાર મધ્યમવર્ગીય. ખાનારા સાતને કમાનાર એક. પપ્પા દિવસ-રાત બે પાળીમાં નોકરી કરતાં, મમ્મી ઘરના બે છેડાં ભેગાં કરવામાં વ્યસ્ત રહેતી. ઘરનું ગાડું હંકારવામાં સહુ વ્યસ્ત. કોઈને એ જાણવામાં ક્યારેય રસ નહોતો પડ્યો કે, અનુની અંદર કંઈક એવું હતું જે સામાન્ય નહોતું. એ સતત આવેશમાં જીવતી. એનો સ્વભાવ એવો હતો કે દરેક ક્ષણ બેચેની રહ્યાં કરતી. અનુને કોઈની વાત ખોટી લાગે એટલે એ તુરંત તીખી પ્રતિક્રિયા આપે. સામેવાળાને સણસણતો જવાબ અને એ પણ તીવ્ર અવાજે મળે. એકાદ વખત તો એ મારામારી પર ઊતરી આવેલી. સ્કૂલમાંથી સતત એની ફરિયાદો આવ્યા કરે : ‘આવું તે કંઈ છોકરીઓને શોભે?’ મોટા અવાજે ચર્ચાઓ, ઉગ્ર દલીલો, શિક્ષકો સામે ગેર વર્તૂણૂકના આરોપ લાગવાના દિન-પ્રતિદિન વધવાં લાગ્યાં.

દરેક વખતે પપ્પાએ સ્કૂલે મળવા જવું પડતું. હજી તો બે-પાંચ દિવસ થયા નથી કે અનુબેનની સ્કૂલથી તેડાં આવ્યા નથી. છાશવારે પ્રિન્સિપાલનો ઠપકો સાંભળી શાંત રહેતાં પપ્પાને જોઈ અનુ વધારે ગિન્નાતી. પપ્પા આ લોકોને સામે કંઈ કહેતા કેમ નહીં હોય? આ ખોટાડાઓને મોંઢામોંઢ ચોપડાવી દીધી હોય ને તો ખબર પડે. જોકે આ કંઈ આજકાલની વાત થોડી હતી? અનુ જયારે પ્રાથમિક સ્કૂલમાંથી માધ્યમિકમાં આવી. ટીનએજ માથે ચડવા લાગી ત્યારથી એની હાલત બગડેલી. ઘરમાં નાની-નાની વાતોમાં જુઠ્ઠું બોલવું, સામે જવાબો આપવા, રોષ કરવો એ અનુના વ્યક્તિત્વનો ભાગ બનવા લાગેલા. એને ખુદને ખ્યાલ નહોતો આવતો કે, આવું પોતે શા માટે કરી રહી છે. બસ, એ માત્ર એટલું જાણતી હતી કે પોતાની અંદર કંઈક બદલાય રહ્યું છે, જેના લીધે એ વારંવાર ખીજાય જાય છે, ચીડાય ઊઠે છે.

અનુના આ ટીનએજ તરખાટે એના પપ્પાને ગજબ થકવી દીધેલા. અનેકવાર એ કહેતાં : ‘તું જો છોકરો હોત ને તો બે અડબોથ ઠોકી દેત બધાંની સામે જ. છોકરીની જાતને આવો સ્વભાવ! આ બધું શોભા નથી દેતું. તું થોડું સમજ તો સારી વાત છે.’

અનુને પપ્પાનાં વાક્યો તીર માફક ચૂભતાં. થોડો સમય અનુમાં થોડો સુધાર આવ્યો. એ હવે ઓછું ખોટું બોલતી. ઘરમાં બધાએ રાહતનો શ્વાસ લીધો. ત્યાંતો ફરી પાછું તરુણાવસ્થાનું ભૂત ધણધણ્યું, જેવું અનુ પર દબાણ વધ્યું. ભણતરનું, ભવિષ્યનું, અપેક્ષાઓનું ભારણનું એ ફરી પાછી જૂની અનુ બનવા તરફ આગળ વધી.

એક દિવસ સ્કૂલથી ફરી ફોન આવ્યો. એની નજર પપ્પા પર પડી. હાથમાં ફોન, આંખોમાં થાક. ‘આજે મારે તને કશું જ નથી કહેવું’.



બસ, પપ્પાએ આટલું જ કહ્યું. આ શબ્દો અનુને વધારે ખૂંચ્યા, કેમકે મૌન કરતાં ચીસો એને વધુ વ્હાલી હતી ને! જોકે રાત્રે જમ્યા પછી પપ્પા એના રૂમમાં આવ્યા. અનુને હતું કે હવે તો ગુસ્સો કરશે, પણ એવું ના થયું. એ શાંતિ પકડી બોલ્યાં,

‘અનુ, હું દર વખતે તું ખોટી છે કે તારો વાંક છે એમ માની લઈ તને ખીજાઉ છું. મેં તને ક્યારેય એમ નથી પૂછ્યું કે, તને શા માટે આવું થાય છે. તું કેમ હંમેશાં ગુસ્સામાં રહે છે.’

અનુની આંખો ભરાય આવી. આટલાં વર્ષોમાં કદાચ પહેલીવાર કોઈએ પૂછ્યું કે તને શું થાય છે, તું કેમ આમ કરે છે…? એણે ડૂમો બાઝેલા અવાજે કહ્યું :

‘પપ્પા, બધાં મને સતત ટોણાં મારે છે. મને પણ નથી ગમતું આમ શોર્ટ ટેમ્પર્ડ રહેવું. છોકરીઓએ હંમેશાં શાંત અને સહનશીલ હોવું જોઈએ. આવું નક્કી કોણ કરે છે? બીજી છોકરીઓને પણ ગુસ્સો આવે છે. ફર્ક માત્ર એટલોજ કે હું એમની જેમ છુપાવી નથી શકતી.’ અને એ ધ્રાણીફૂટ રોવાં લાગી.

અંતે અનુ માટે એના મામાએ એક કાઉન્સેલરની મદદ માગી. એની સાથેના સેશન્સ દરમિયાન અનુને ખ્યાલ આવ્યો કે, ગુસ્સો એની નબળાઈ નહોતી, પણ એક દિશાહીન તાકાત હતી, જેને કાબૂ કરવાં તાક્વાંડોના ક્લાસ કરાવવા એવું નક્કી થયું. ટીનએજમાં હોર્મોન્સના ઘોડાપૂરને નાથવા ક્યારેક સ્પોર્ટ્સ બહુ ઉપયોગી સાબિત થાય છે. અનુના કિસ્સામાં પણ થયું.

તાક્વાંડોથી એને શીખવા મળ્યું કે, તાકાતનો સાચો મતલબ મારવું નથી, પણ નિયંત્રણ છે. હવે એના દરેક પંચ સાથે ગુસ્સો પરસેવો બની વહેવા લાગ્યો. ધીરે-ધીરે અનુમાં બદલાવ દેખાયો. એની સામે ફરિયાદો ઓછી થઇ. ઘરમાં પણ એને સહકાર મળ્યો ને સ્કૂલમાં પણ. આ સ્વીકૃતિ અનુ માટે ચાલકબળનું કામ કરી ગઈ.

એક દિવસ સ્કૂલમાં કોઈએ એને ઉશ્કેરવા પ્રયત્ન કર્યો. પહેલાની અનુ હોત તો એક ફેંટ મારી દેતા અચકાત નહીં, પણ આજે એણે સંયમ રાખ્યો. ટીચરને ફરિયાદ કરી. આ જોઈ સહુ અચંબિત થયાં. અનુને વખાણી. એના સંયમને દાદ આપી. ટીચરે કહ્યું પણ ખરાં, ‘તું બહુ બદલાય ગઈ છો. સરસ, આવી જ રહેજે. એણે આખો બનાવ પપ્પાને વર્ણવ્યો.

‘જોયું, બેટા ગુસ્સો રોકવાના ઘણાં ફાયદા છે. એમાં પ્રશ્નોનું નિરાકરણ જલ્દીથી મળે અને આપણી છાપ પણ સુધરે.’

એ રાત્રે અનુ બારી પાસે ઊભી હતી. બહાર અંધકાર છવાયેલો હતો, પણ આજે એની અંદર રોશની ઉગેલી. ટીનએજ તરખાટને આજે નાથવાની શરૂઆત જો થઈ હતી.! ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback.ladki@bombaysamachar.com

# ન્યાયના મંદિરના દરવાજા મહિલાઓ માટે ખોલનારાં અન્ના ચાંડી

**કાયદાના** ક્ષેત્રમાં ન્યાયના પ્રતીક તરીકે એક દેવી છે. પરંતુ એ જ ન્યાયના મંદિરમાં એક સમયે એકપણ મહિલા નહોતી એ કેવી વિડંબણા! આ પ્રથાને તોડનારી એક મહિલાની કથા પણ જાણવા જેવી છે.

ન્યાયાધીશ અન્ના ચાંડી, ભારતમાં પ્રથમ મહિલા ન્યાયાધીશ અને બ્રિટિશ સામ્રાજ્યના પ્રથમ મહિલા ન્યાયાધીશોમાંના એક હતા. અન્ના ચાંડીનો જન્મ ૧૯૦૫માં તે વખતના ત્રાવણકોરના રાજ્યમાં થયો હતો અને તેમનો ઉછેર ત્રિવેન્દ્રમમાં થયો હતો. તેમની માતા સ્થાનિક શાળામાં કામ કરતા હતા. ત્રાવણકોર રાજ્યમાં પ્રબળ નાયર સમુદાય દ્વારા અનુસરવામાં આવતી માતૃવંશીય પરંપરાઓના કારણે સ્ત્રીઓ ઘણીવાર પોતાના ભાગ્યની સ્વયં માલિક હતી. એટલે સુધી, કે રાજ્યના રાજવી પરિવારમાં પણ માતૃસત્તાનું પાલન કરવામાં આવતું હતું. તે સમયે ત્રાવણકોરના કારભારી અને હકીકતમાં મુખ્ય સાર્વભૌમ અને શક્તિ કેન્દ્ર, મહારાણી સેતુ લક્ષ્મીબાઈ હતા .

અન્ના ચાંડીને સુધારાના એવા મોજાનો લાભ મળ્યો જેણે મહિલાઓ માટે નવા રસ્તા ખોલ્યા. ૧૯૨૭માં, મહારાણી સેતુ લક્ષ્મીબાઈએ ભારે વિરોધ છતાં ત્રિવેન્દ્રમની સરકારી કાયદા કોલેજમાં મહિલાઓ માટે પ્રવેશ ખોલ્યો. અન્ના ભણવામાં હોંશિયાર હતા. સ્વાભાવિક રીતે રાજસત્તા સામે વધુ બોલવાની કોઈની હિંમત નહોતી, પણ અન્ના ચાંડી જેવી સ્ત્રી, જે કાયદાના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઇચ્છતા હતા, તેમનો માર્ગ મોકળો થયો. પોતાની વચ્ચે એક મહિલા સહાધ્યાયીને જોઈને પુરુષ વિદ્યાર્થીઓના ભવાં ચોક્કસ ઊંચકાયા હતા. તે સમયે કોલેજોમાં મહિલાઓને ધ્યાનમાં રાખીને સુવિધાઓનો અભાવ પણ હતો. તેમ છતાં, અન્ના મક્કમ હતા. સમાજ અને તેમના પુરુષ સાથીદારોના તિરસ્કારભર્યા વલણનો સામનો કરીને, અન્ના કેરળમાં કાયદાની ડિગ્રી મેળવનાર પ્રથમ મહિલા બન્યા. તેમણે ૧૯૨૬માં ત્રિવેન્દ્રમની સરકારી કાયદા કોલેજમાંથી ડિસ્ટિંકશન સાથે અનુસ્નાતકનો અભ્યાસ પૂર્ણ કર્યો. આવું કરનારા તે ફક્ત ત્રાવણકોર જ નહીં, પરંતુ સમગ્ર કેરળના પ્રથમ મહિલા હતા. તેમણે ૧૯૨૯ માં બેરિસ્ટર તરીકે પ્રેક્ટિસ શરૂ કરી અને ફોજદારી કાયદામાં વિશેષતા મેળવી.

૧૯૩૦ના દાયકામાં, જ્યારે ભારતીય કોર્ટરૂમમાં માત્ર પુરુષોનું વર્ચસ્વ હતું, ત્યારે ત્રાવણકોરની એક યુવતી શાંત નિશ્ચય સાથે અંદર આવી, જેણે બધાનું ધ્યાન ખેંચ્યું. કેટલાકે ધીમો ગણગણાટ કર્યો, કેટલાકે શંકા વ્યક્ત કરી, અને કેટલાકે ખુલ્લેઆમ પ્રશ્ન કર્યો કે એક મહિલાએ કાયદાનો માર્ગ કેમ પસંદ કર્યો. પરંતુ ચાંડીએ પોતાની બેઠક લીધી, પોતાના કાગળો ગોઠવ્યા અને શાંતિથી ઇતિહાસ ફરીથી લખવાનું શરૂ કર્યું.



વકીલ તરીકેના શરૂઆતના વર્ષોમાં, ચાંડીને નિયમિતપણે એવા સાથીદારો તરફથી વિરોધનો સામનો કરવો પડતો હતો જેઓ માનતા હતા કે મહિલાઓ કોર્ટરૂમનો હિસ્સો ન હોવી જોઈએ. આવી જ એક સુનાવણી દરમિયાન, એક વરિષ્ઠ વકીલે ''મહિલાઓના વ્યવસાયમાં પ્રવેશ'' અંગે ખુલ્લેઆમ પોતાની અસ્વસ્થતા વ્યક્ત કરી હતી. અન્ના ચાંડીએ ગુસ્સાથી પ્રતિક્રિયા આપી નહીં. તે ફક્ત ઊભા થયા, ન્યાયાધીશને સ્પષ્ટતાથી સંબોધિત કર્યા, અને પોતાના કેસની દલીલ એટલી શાંતિથી કરી કે કોર્ટરૂમમાં સન્નાટો છવાઈ ગયો!

આ ઘટના ત્રાવણકોરના કાનૂની વર્તુળોમાં ચર્ચાનો વિષય બની, કે કેવી રીતે તે યુવતીએ વિરોધથી હચમચી જવાને બદલે, પૂર્વગ્રહ સામે લડી, અને એક શાંત શક્તિથી તેનો પ્રતિકાર કરીને તેને તોડી પાડ્યો હતો.

ન્યાયના યુદ્ધ ઉપરાંત, અન્નાએ મહિલાઓના ઉત્થાન માટે પણ કામ કર્યું. ૧૯૩૦માં તેમણે 'શ્રીમતી' નામના મલયાલી મેગેઝિનની શરૂઆત કરી, જે મહિલાઓના અધિકારો માટે એક મંચ બન્યું હતું. પોતાના સામયિકમાં, અન્નાએ વિધવા પુનર્લગ્ન, મહિલાઓની સ્વતંત્રતા, સ્ત્રી-દ્વેષપૂર્ણ સામાજિક ધારાધોરણો અને કામ કરતી મહિલાઓ સાથે ભેદભાવ પર પ્રશ્ન ઉઠાવ્યા હતા. તેમણે ત્રાવણકોર રાજ્યની પ્રતિનિધિ સંસ્થા (શ્રી મુલમ પોપ્યુલર એસેમ્બલી) ની ચૂંટણીમાં ઊભા રહેવાનું નક્કી કર્યું. તેમનો વિરોધ કરવામાં આવ્યો અને આ માટે તેમના ચરિત્ર ઉપર કાદવ ઉછાળવામાં આવ્યો હતો. પણ મજબૂત ઈરાદા સાથે ચૂંટણી લડેલા અન્ના ચાંડી વિધાનસભાની બેઠક જીત્યા હતા.

જ્યારે એક સાથી ધારાસભ્યએ મહિલાઓને સરકારી નોકરી આપવાનો વિરોધ કર્યો, ત્યારે અન્ના ચાંડીએ તેમના ભાષણમાં આ રૂઢિવાદી ટિપ્પણીનો કડક જવાબ આપ્યો હતો. સરકારી નોકરીઓમાં મહિલાઓ માટે અનામત માટે તેમની અવિરત લડાઈને કારણે જ સરકારી નોકરીઓમાં મહિલાઓને કામ કરવાથી રોકતા કાયદાને નાબૂદ કરવામાં આવ્યો. આ સાથે, તેઓ મહિલા અનામત માટે લડનાર દેશની પ્રથમ મહિલાઓમાંની એક બન્યા. કાયદો બધા માટે સમાન હોવો જોઈએ તે વિચાર સાથે, ૧૯૩૫માં તેમણે મહિલાઓને મૃત્યુદંડની સજામાંથી મુક્તિ આપતા કાયદા સામે પ્રશ્નો ઉઠાવ્યા. તેમણે ત્રાવણકોર રાજ્યના એ કાયદાનો પણ વિરોધ કર્યો જે પુરુષોને તેમની પત્નીઓની સંમતિને ધ્યાનમાં લીધા વિના વૈવાહિક અધિકારોની મંજૂરી આપતો હતો.

૧૯૩૭માં ત્રાવણકોરમાં તેઓ ત્રાવણકોરમાં મુનસિફ (ન્યાયાધીશ) તરીકે નિયુક્ત થયા ત્યારે અન્ના દેશના પ્રથમ મહિલા ન્યાયાધીશ બન્યા. બાદમાં, તેમને ૧૯૪૮માં જિલ્લા ન્યાયાધીશના પદ પર બઢતી આપવામાં આવી. ૯ ફેબ્રુઆરી ૧૯૫૯ના રોજ કેરળ હાઈ કોર્ટમાં નિમણૂક પામીને, અન્ના ચાંડી ભારતીય હાઈ કોર્ટમાં પ્રથમ મહિલા ન્યાયાધીશ બન્યા, જેમણે વધુ એક ઐતિહાસિક દાખલો બેસાડ્યો. તેઓ માત્ર ભારતના પ્રથમ મહિલા ન્યાયાધીશ જ નહીં, પરંતુ કોમનવેલ્થ દેશોમાં હાઈ કોર્ટના ન્યાયાધીશ બનનાર પ્રથમ મહિલા પણ બન્યા. તેમણે ૫ એપ્રિલ ૧૯૬૭ સુધી આ પદ સંભાળ્યું અને નિવૃત્તિ પછી ભારતના કાયદા પંચમાં કામ કર્યું. 'આત્મકથા' નામની તેમની આત્મકથા ૧૯૭૩માં પ્રકાશિત થઈ હતી અને ૧૯૯૬માં ૯૧ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું. ■

ફેશન

ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# મસ્ટ હેવ દુપટ્ટા



**મહિલાઓના** વોર્ડરોબમાં અરમુક દુપટ્ટાઓ હોવા જ જોઈએ જે ક્યારેય પણ આઉટ ઓફ ફેશન ન થાય. એવા એવરગ્રીન દુપટ્ટાઓ કે જે કોઈ પણ ડ્રેસ સાથે આસાનીથી મિક્સ એન્ડ મેચ કરી શકાય. દુપટ્ટામાં ઘણી સ્ટાઇલ આવે છે, અને ઘણા ફેબ્રિક પણ આવે છે જેમકે, કોટન, સિલ્ક, રેયોન કે પછી શિફોન કે જોર્જેટ. દુપટ્ટાની પસંદગી ડ્રેસ પ્રમાણે કરવાની હોય છે. પરંતુ આજે આપણે અમુક ટાઈપના દુપટ્ટા વસાવવાની વાત કરવાના છીએ જે કોઈ પણ મહિલા માટે સંકટ સમયની સાંકળ બની શકે. ચાલો જાણીયે કઈ ટાઈપના દુપટ્ટા મહિલા પાસે હોવા જ જોઈએ.

## લહેરિયા / બાંધણી

લહેરિયા અને બાંધણીના દુપટ્ટા મોટા ભાગની મહિલાઓ પાસે હોય જ છે. આ દુપટ્ટા ફલોઈન્ગ ફેબ્રિકમાં વધારે સારા લાગે છે. લ્હેરિયાં અને બાંધણીના દુપટ્ટા વેચાતા લેતી વખતે એક વસ્તુ ખાસ ધ્યાન રાખવી કે, દુપટ્ટાનું ફેબ્રિક સિલ્કનું હોવું જોઈએ. તોજ તે દુપટ્ટાની ગરિમા જળવાશે. આર્ટિફિશિયલ ફેબ્રિકમાં લહેરિયાં અને બાંધણીના દુપટ્ટા સારા નહિ લાગે.

લહેરિયા દુપટ્ટા શિફોન કે જોર્જેટ ફેબ્રિકમાં સારા લાગશે અને બાંધણીના દુપટ્ટા સિલ્ક ફેબ્રિકમાં સારા લાગશે. જેટલું પ્યોર ફેબ્રિક હશે તેટલા જ દુપટ્ટા પર ડાઈંગનો કલર સારી રીતે ચડશે. આ દુપટ્ટા તમે કોઈ પણ પ્લેન ડ્રેસ સાથે મિક્સ એન્ડ મેચ કરી શકો. અથવા તો ટ્રાય કલર કોમ્બિનેશન પણ કરી શકાય. જેમકે, જો તમારી પાસે પિન્ક કલરનો બાંધણીનો દુપટ્ટો છે તો તેની સાથે રોયલ બ્લુ કલરનો કુર્તો અને રાણી કે ઓરેન્જ કલરનો ફલેરી પ્લાઝો પહેરી શકાય.



## કલમકારી દુપટ્ટા

કલમકારી દુપટ્ટા મોટાભાગે કોટન ફેબ્રિકમાં જ હોય છે અથવા તો કોટન સિલ્ક ફેબ્રિકમાં હોય છે. આ દુપટ્ટાની પ્રિન્ટ જ તેનો પ્લસ પોઇન્ટ છે.કલમકારી દુપટ્ટા ખાસ કરીને લાઈટ કલરના બેઝમાં હોય છે. જેમકે, લાઈટ બેજ, લાઈટ યેલો, લાઈટ પિન્ક વગેરે વગેરે. દુપટ્ટાનો બેઝ જેટલો લાઈટ હશે તેટલી જ તેની પર પ્રિન્ટ ઊઠીને આવશે. કલમકારી દુપટ્ટાની પ્રિન્ટ મોટાભાગે ફ્લોરલ જ હોય છે.

બ્લેક કલરના ડ્રેસ સાથે બેજ કલરનો દુપટ્ટો સારો લાગશે, પિન્ક કલરના ડ્રેસ સાથે લાઈટ યેલો કલરનો ડ્રેસ સારો લાગશે તેમજ લાઈટ મરૂન કલરના દુપટ્ટા સાથે બેજ કલરનો ડ્રેસ સારો લાગશે. કલમકારી દુપટ્ટો આખો ખોલીને પહેરવાથી વધારે સુંદર લાગશે અથવા તો કલમકારી દુપટ્ટો પ્લીટ લઈને એક સાઈડ પહેરવાથી પણ સારો લાગશે. કલમકારી દુપટ્ટામાં ખાસ કરીને ફ્લોરલ પ્રિન્ટ હોય છે. કલમકારી દુપટ્ટો પહેર્યા પછી એક એલિગન્ટ લુક આપે છે.

## ફૂલકારી દુપટ્ટા

ફૂલકારી દુપટ્ટો એ પંજાબ પ્રદેશની પરંપરાગત ભરતકામ (એમ્બ્રોઇડરી) છે, જેમાં ''ફુલ'' (ફૂલ) અને 'કારી' (કલા/કામ) શબ્દો પરથી નામ પડ્યું છે, જે ફૂલોની આકૃતિઓ દર્શાવે છે. આ દુપટ્ટાઓ મુખ્યત્વે હાથથી રેશમી દોરા વડે, તેજસ્વી રંગોમાં, હાથવણાટના સુતરાઉ કાપડ (ખાદર) પર ભરતકામ કરીને બનાવવામાં આવે છે, જે પંજાબી સંસ્કૃતિની ઓળખ છે અને લગ્ન પ્રસંગોએ કન્યાદાનમાં અપાતી મહત્ત્વની વસ્તુ છે. ફૂલકારી દુપટ્ટામાં આવતી એમ્બ્રોઇડરી ખૂબ જ બ્રાઇટ હોય છે. તેથી ફૂલકારી દુપટ્ટા પણ પ્લેઇન ડ્રેસ સાથે સારા લાગે છે. ફૂલકારી દુપટ્ટા પંજાબના હોવાથી શોર્ટ કુર્તા અને સેમી પટિયાલા સાથે વધારાએ પહેરવામાં આવે છે. પરંતુ જો તમને કોઈ અલગ રીતે પહેરવું હોય તો, લોન્ગ કણીદાર કુર્તો અને તેની નીચે પ્લાઝો અને તેની પર ફૂલકારી દુપટ્ટો પહેરી એક એટ્રેક્ટિવ લુક આપી શકાય.

## બનારસી દુપટ્ટા

બનારસી દુપટ્ટો એ એક વૈભવી સ્કાર્ફ અથવા પડદો છે જે ઉત્તર ભારતમાં વારાણસી (જેને બનારસ તરીકે પણ ઓળખવામાં આવે છે) માંથી ઉદભવે છે, જે તેના સમૃદ્ધ ઝરી (સોના અથવા ચાંદીના બ્રોકેડ) કામ, બારીક રેશમી કાપડ અને ભવ્ય વણાટ માટે પ્રખ્યાત છે. બનારસી દુપટ્ટાની કિંમત ખૂબ જ વધારે હોવાને કારણે સૌ કોઈ પાસે આ દુપટ્ટા નથી હોતા. બનારસી દુપટ્ટા નો લૂક ખૂબ જ હેવી હોવાને કારણે લગ્ન પ્રસંગમાં વધારે શોભે છે.

બનારસી દુપટ્ટા સિલ્કના ડ્રેસ સાથે જ સારા લાગી શકે. જેમકે, ઑફ વાઈટ કલરના સિલ્કના ડ્રેસ સાથે રેડ કે મરૂન કલરનો બનારસી દુપટ્ટો સારો લાગી શકે. અથવા તો ગોલ્ડન કલરના ચણિયા સાથે મરૂન કલરનો બનારસી દુપટ્ટો પહેરી શકાય.

## ફૂલ દુપટ્ટો કે પછી સ્ટ્રોલ

ફૂલ દુપટ્ટો એટલેકે જે ૨.૫ મિત્રનો હોય અને તેની પહોળાઈ ૪૪ ઇંચ જેટલી હોય. આ દુપટ્ટો ખાસ કરીને ખુલ્લો રાખી પહેરવાથી વધારે સારો લાગે છે. અને સ્ટ્રોલ એટલે કે જે ૧.૫ મીટર કે વધારેમાં વધારે ૨ મીટરનો હોય છે. સ્ટ્રોલ માત્ર સ્ટાઇલિંગ માટે જ હોય છે.

સ્ટ્રોલમાં બધી જ ટાઇપની પ્રિન્ટ આવે છે. સ્ટ્રોલને પણ પહેરવાની એક સ્ટાઇલ હોય છે. સ્ટ્રોલને માત્ર એક સાઈડ પહેરી શકો અથવા ગળામાં નાખી આગળની બાજુએ પણ રાખી શકો. દુપટ્ટા સલવાર કમીઝ સાથે કે પછી લોન્ગ કુર્તા અને પ્લાઝો સાથે સારો લાગી શકે. સ્ટ્રોલ મોટે ભાગે ડેનિમ પર સારો લાગે છે. અથવા આતો કોઈ સ્પેસિફિકેડ ડ્રેસિસમાં સ્ટાઇલિંગ હોય તો સારો લાગે. ■

ફોકસ

ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# દીકરી ને ગાય દોરે ત્યાં જાય ખરેખર?



**બંગાળીમાં** એક કહેવત છે કે છોકરી કેળના વૃક્ષ જેવી છે. જેટલું વધુ પાણી પાઓ એટલી ઝટ મોટી થઈ જાય. એટલે એને થોડી ભૂખી રહેવા દો.

- છોકરી ખાઈ પીને, સુંદર સ્વસ્થ બનશે તો એવો વર શોધવો કઠિન થશે અને આમેય તે બીજાના ઘરની 'અમાનત' છે, એના શું કામ એટલાં જતન? વૃદ્ધ થયેલા મા-બાપની સંભાળ રાખવાની નથી કે એનાં બાળકોથી તમારા આંગણામાં અજવાળું નહીં રેલાય.

- એક લેડી ડૉક્ટર ગાઈનેકોલોજિસ્ટે મને કહેલું તે મને હજી યાદ છે. એ લેડી ડૉક્ટરે કહેલું કે, મારો વર્ષોનો અનુભવ છે કે શ્રીમંત કે ભણેલા હોય કે ગરીબ વર્ગમાંથી આવતા લોકો દીકરાનો જન્મ થાય ત્યારે 'હાશ' કરે અને દીકરીનો જન્મ થાય ત્યારે 'હાય' કરે.

- અને એટલે જ આપણા દેશમાં હોમહવન, પૂજાપાઠની ક્યાં નવાઈ છે?

- જાહેરમાં તો કબૂલ થાય નહીં, એટલે લોકો દૂરના અજ્ઞાત સ્થળે જઈ 'પુત્રયોગ' કરાવે છે.

- 'મુંબઈ સમાચાર'ની 'લાડકી પૂર્તિ'ની વ્હાલી વાચક બહેનો! મને યાદ છે. ઘણાં વરસો પહેલાં મારા પતિ સાથે પહેલી વખત મારા પિયર ચિત્રાવડ, ગીર ગઈ હતી. માર્ગમાં આવતા જૂનાગઢ, ગિરનારમાં આવેલા એક આશ્રમમાંથી પસાર થતાં જોયું હવન ચાલી રહ્યો હતો અને જોગાનુજોગ તે કેવો?

- મુંબઈની એક મોટી કંપનીના ચેરમેન ત્યાં બિરાજ્યા હતા અને ત્રણ પુત્રીઓ પછી પુત્ર માટે યજ્ઞ કરાવી રહ્યા હતા.

- તો પછી ઝૂંપડપટ્ટીમાં કે સ્લમમાં રહેતી સ્ત્રી સાસરિયા અને પતિના આગ્રહથી; જુલમથી છ છ છોકરીઓની મા બને દીકરાની આશાએ એનો તે શે વાંક કાઢવો?

- 'દીકરી અને ગાય દોરે ત્યાં જાય' એ કહેવત જુદી રીતે સાચી પડતી જાય છે.

- આજે જ્યારે આપણે ૨૧મી સદીમાં જઈ રહ્યા છીએ ત્યારે

* ઘર અને બહાર,
* સમાજથી અને પરંપરાઓથી,
* પોતાની નિર્ધારિત ભૂમિકાઓથી અને
* પુરુષોનાં રૂઢિગત વિચારોથી
* સ્ત્રી ચારે બાજુથી એવી ભીંસાયેલી છે કે એમાંથી છટકીને જાય તો ક્યાં જાય?

- સ્ત્રીઓ અવકાશયાનમાં બેસીને આકાશમાં હરણફાળ ભરે છે, એ ચિત્ર સાચું છે,
- સામે અસંખ્ય સ્ત્રીઓ ધરતી પર સતત જીવન સંઘર્ષ કરે છે એય ચિત્ર સાચું છે.
- શા માટે દીકરીએ દોરાવવું જોઈએ?
- એ પ્રશ્નનાં મૂળમાં આવા અસંખ્ય બીજા પ્રશ્નો પડેલાં છે જેનાં જવાબો અને ઉકેલ બન્ને શોધવાના બાકી છે.

**સમાજ કો બદલ દાલો**

- સમાજને બદલવાની શરૂઆત સ્વયં પોતાનાથી જ શક્ય બને.

* શિક્ષણ,
* કાયદા-કાનૂનોના ન્યાયીપણા,
* આર્થિક સમાન તકો,
* અંધશ્રદ્ધાઓ દૂર કરવાથી,
* સસ્તી, શુદ્ધ અને સાત્ત્વિક ખોરાકથી,
* સસ્તી, સારી આરોગ્ય સેવાઓથી,
* વ્યસનોને જાકારો આપવાથી
* ભ્રષ્ટાચારો ન થાય તેવા સરળ, આસાન કાયદા-કાનૂનથી
* સાધુ-સંતોના સત્સંગથી અને ખાસ તો
* સારા વાંચનથી શક્ય બને.

- સનાતન સત્ય એવાં આ વાક્યો કદી પણ મિથ્યા થવાનાં નથી. ■

**સચિન વર્લ્ડ કપ વિજેતા મહિલાઓની બ્લાઇન્ડ ક્રિકેટ ટીમને મળ્યો**

# વર્લ્ડ કપની ટ્રોફી અંતિમ સિદ્ધિ નથી, આ તમારી લાંબી સફરની શરૂઆત છેઃ માસ્ટર બ્લાસ્ટર



મુંબઈઃ તાજેતરમાં બ્લાઇન્ડ મહિલા ક્રિકેટરો માટેનો સૌપ્રથમ ટી-૨૦ વર્લ્ડ કપ જીતનાર ભારતીય ક્રિકેટ ટીમની ખેલાડીઓને સચિન તેન્ડુલકર બુધવારે બાંદરા (પૂર્વ)ની એમઆઇજી ક્રિકેટ ક્લબમાં મળ્યો હતો અને વિશ્વ કપની ટ્રોફીની અસાધારણ સિદ્ધિ બદલ તેમને ખૂબ બિરદાવી હતી તેમ જ પોતાના અનુભવ પરથી તેમને સલાહ-સૂચનો આપીને તેમને પ્રોત્સાહિત કરી હતી.

માસ્ટર બ્લાસ્ટર લગભગ એક કલાક તેમની વચ્ચે હતો, તેમની સાથે ખૂબ વાતો કરી હતી, તેમને ઑટોગ્રાફ આપ્યા હતા અને તેમની સાથે ફોટા પડાવ્યા હતા. સચિને દીપિકા ટી. સી.ના નેતૃત્વમાં અને મહારાષ્ટ્રની ગંગા કદમની વાઇસ-કૅપ્ટન્સીમાં ઐતિહાસિક વર્લ્ડ કપ જીતનારી ભારતીય ખેલાડીઓની તનતોડ મહેનત, આત્મવિશ્વાસ, દ્રઢતા અને સંકલ્પશક્તિ બદલ તેમની પ્રશંસા કરી હતી અને તેમને કહ્યું હતું કે 'તમે ટૂર્નામેન્ટમાં અપરાજિત રહેવાની સાથે અનેક મુશ્કેલીઓનો હિંમત અને સમજદારીથી સામનો કર્યો અને પોતાનું તથા દેશનું સપનું સાકાર કરી જ લીધું.'



સચિને આ મહિલા ખેલાડીઓના પરિવારની ભૂમિકાને પણ વખાણી હતી. સચિને ખેલાડીઓને કહ્યું, 'હંમેશાં સફળતા વધુ મોટી જવાબદારીઓ લઈને આવતી હોય છે. તમારા પ્રત્યેની જનતાની અને દેશની અપેક્ષા વધશે એટલે તમારે એ પરિપૂર્ણ કરવા વધુ મહેનત કરવી પડશે અને એકાગ્રતા વધારવી પડશે.' લિટલ ચૅમ્પિયનને તેમને વધુમાં કહ્યું, 'વર્લ્ડ કપની ટ્રોફી અંતિમ સિદ્ધિ ન કહેવાય. આ તો તમારી લાંબી સફરની હજી શરૂઆત છે. તમે જે કંઈ હાંસલ કર્યું અને હવે પછી કરશો એ અન્ય અનેક લોકો માટે પ્રેરક બની રહેશે.' ■

## ચોથી ટી-૨૦ છેવટે રદઃ ભારત હવે શ્રેણી નહીં હારે

લખનઊઃ અહીં ગઈ કાલે ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની ચોથી ટી-૨૦ ગાઢ ધુમ્મસને કારણે છેવટે રદ જાહેર કરવામાં આવી હતી. આ મૅચનો ટૉસ પણ નહોતો થઈ શક્યો અને અમ્પાયરોએ વારંવાર (લગભગ ૧૫ વખત) પરિસ્થિતિનું અવલોકન કરવું પડ્યું હતું. સત્તાવાર રીતે પાંચ વાર નિરીક્ષણ કરાયું હતું. અંતિમ મૅચ શુક્રવારે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) અમદાવાદમાં રમાવાની છે. એક વાત નક્કી છે કે ભારત હવે આ સિરીઝ નહીં હારે. ભારત ૨-૧થી આગળ છે અને અમદાવાદની મૅચ જીતીને ભારતીયો ૩-૧થી ટ્રોફી જીતી શકશે અને જો પ્રવાસી ટીમ જીતી જશે તો ટ્રોફી પર બન્ને ટીમનો ૨-૨થી કબજો કહેવાશે. ■

## આજે હરિયાણા અને ઝારખંડ વચ્ચે ફાઇનલ

પુણેઃ સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ટી-૨૦ ટૂર્નામેન્ટમાં આજે (સાંજે ૪.૩૦ વાગ્યાથી) હરિયાણા અને ઝારખંડ વચ્ચે ફાઇનલ રમાશે. મંગળવારે રાજસ્થાન સામે મુંબઈએ અજિંક્ય રહાણેના અણનમ ૭૨ રન તથા સરફરાઝ ખાનના ૭૩ રનની મદદથી ત્રણ વિકેટે વિજય મેળવ્યો હતો છતાં પૉઇન્ટ્સ-ટેબલમાં મુંબઈની ટીમ નબળા રનરેટને લીધે ફાઇનલથી વંચિત રહી હતી. ■

# કૅમેરન ગ્રીનઃ ઑક્શનનો હીરો, એડિલેઇડમાં ઝીરો

### ▶ ઍલેક્સ કૅરી અને ખ્વાજાએ ટીમની લાજ રાખી, ઑસ્ટ્રેલિયા ૮/૩૨૬

એડિલેઇડઃ મંગળવારે અબુ ધાબીમાં કોલકાતાએ મિની ઑક્શનમાં ઑસ્ટ્રેલિયાના ઑલરાઉન્ડર કૅમેરન ગ્રીનને ૨.૦૦ કરોડ રૂપિયાની મૂળ કિંમત સામે ૨૫.૨૦ કરોડ રૂપિયામાં ખરીદીને તેને આ ટૂર્નામેન્ટનો સૌથી મોંઘો વિદેશી ખેલાડી બનાવ્યો એના પંદર જ કલાકમાં (બુધવારે) ગ્રીને પોતાના દેશના જ મેદાન પર દાટ વાળ્યો જેમાં તે એશિઝ ટેસ્ટમાં ઇંગ્લેન્ડ સામે શૂન્યમાં આઉટ થઈ ગયો હતો.

કૅમેરન ગ્રીન ત્રીજી ટેસ્ટના પહેલાં દાવમાં જોફ્રા આર્ચરના બૉલમાં બ્રાઇડન કાર્સના હાથમાં કૅચઆઉટ થઈ ગયો હતો. ગ્રીન ફક્ત એક બૉલનો સામનો કરી શક્યો હતો અને બીજા બૉલ પર વિકેટ ગુમાવી બેઠો હતો.

ટ્રેવિસ હેડ (૧૦), જેક ફ્રેઝર મેકગર્ક (૧૮) અને માર્નસ લાબુશેન (૧૯) પણ સસ્તામાં આઉટ થઈ ગયા હતા, પણ ઍલેક્સ કૅરી (૧૦૬) અને ઉસ્માન ખ્વાજા (૮૨)ની જોડીએ ૧૨૫-પ્લસ બૉલ રમીને ટીમની આબરૂ સાચવી લીધી હતી. પહેલાં દિવસની રમતના અંતે ઑસ્ટ્રેલિયાનો સ્કોર ૮/૩૨૬ હતો. ઑસ્ટ્રેલિયા સિરીઝમાં ૨-૦થી આગળ છે. ■

# શિક્ષક-પિતાની મહિને ૧૨,000ની આવક, દીકરો એકઝાટકે ૧૪.૨૦ કરોડ લઈ આવ્યો!

અમેઠીઃ ઉત્તર પ્રદેશના ૨૦ વર્ષની ઉંમરના અનકૅપ્ડ ખેલાડી લેફ્ટ-આર્મ સ્પિન ઑલરાઉન્ડર પ્રશાંત વીરને ચેન્નઈ સુપર કિંગ્સના ફ્રેન્ચાઇઝીએ મંગળવારના અબુ ધાબીના મિની ઑક્શનમાં ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૧૪.૨૦ કરોડ રૂપિયાના રેકોર્ડ-બ્રેક ભાવે ખરીદીને સનસનાટી તો મચાવી જ દીધી છે, પ્રશાંતના પરિવારમાં બે મહિને ફરી દિવાળી આવી છે. પ્રશાંતે આઈપીએલમાં પોતાની પહેલી જ સીઝનમાં ધીકતી કમાણી કરીને શિક્ષક-પિતાના માથેથી બોજ ઊતારી દીધો છે.

ચેન્નઈએ પીઢ સ્પિન ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાને હરાજી પહેલાંના ટ્રેડિંગમાં રાજસ્થાન રોયલ્સને આપી દીધો એટલે હવે રિપ્લેસમેન્ટ તરીકે પ્રશાંત વીરને મેળવ્યો છે. પ્રશાંતના શિક્ષક-પિતા મહિને માંડ ૮,૦૦૦થી ૧૨,૦૦૦ રૂપિયા કમાતા હોવાથી પુત્રના ક્રિકેટ કોચિંગ પાછળ ખર્ચ કરી શકે એમ નહોતા, પરંતુ તેની ટેલન્ટને લીધે તેને તેના દાદાની તેમ જ બે સ્થાનિક કોચ (ગોયલ સર અને અકરમ સર)ની આર્થિક મદદ પણ મળી હતી અને તે કોચિંગ મેળવીને સ્થાનિક સ્તરે અને પછી (ઉત્તર પ્રદેશ) રાજ્ય વતી કેટલીક મૅચ-વિનિંગ ઇનિંગ્સ રમ્યો હતો અને સીએસકેની ગુડ-બુકમાં આવી ગયો હતો.

હરાજીમાં પ્રશાંતના મુંબઈ ઇન્ડિયન્સે બિડ શરૂ કર્યા બાદ એની અને લખનઊ વચ્ચે હરીફાઈ થઈ હતી. ત્યાર બાદ ચેન્નઈએ એન્ટ્રી કરી અને રાજસ્થાન તથા હૈદરાબાદે પણ રેસમાં ઝૂકાવ્યું હતું, પણ છેલ્લે ચેન્નઈ ફાવી ગયું. ■

**ઑલ ટાઇમ અનકૅપ્ડ રેન્કિંગ્સ**

(૧) પ્રશાંત વીર, ૧૪.૨૦ કરોડ
(૨) કાર્તિક શર્મા, ૧૪.૨૦ કરોડ
(૩) આવેશ ખાન, ૧૦ કરોડ
(૪) ક્રિષ્નપ્પા ગૌતમ, ૯.૨૫ કરોડ
(૫) ઑકિબ નબી, ૮.૪૦ કરોડ

# પૃથ્વી શૉની ભાવુક પોસ્ટ કામ કરી ગઈ, સાત મિનિટમાં ભાગ્ય પલટાઈ ગયું

### ▶ હરાજીમાં દિલ્હીએ છેવટે ૭૫ લાખ રૂપિયાની મૂળ કિંમતે ખરીદી લીધો

નવી દિલ્હીઃ દિલ્હી કૅપિટલ્સના સહ-માલિક કિરણ કુમાર ગ્રાંધીએ મંગળવારે અબુ ધાબીમાં મિની ઑક્શનમાં ઓપનિંગ બૅટ્સમૅન પૃથ્વી શૉને ખરીદીને પોતાની ટીમમાં ફરી સામેલ થવાનો અવસર આપ્યો એ વિશે એક ઇન્ટરવ્યૂમાં આશા વ્યક્ત કરી છે કે પૃથ્વી શૉ આ વખતે નવા અવસરનો પૂરો લાભ ઉઠાવશે. બીજી તરફ, પૃથ્વી શૉએ મંગળવારે શરૂઆતની નિરાશા બાદ મીડિયામાં જે ભાવુક પોસ્ટ મોકલી એ ટર્નિંગ પૉઇન્ટ સાબિત થઈ હતી.

પૃથ્વી શૉને મંગળવારે પહેલા બે રાઉન્ડમાં કોઈએ પણ નહોતો ખરીદ્યો. તેણે ૭૫ લાખ રૂપિયાની મૂળ કિંમત રાખી હતી. તેને ૨૦૧૮માં દિલ્હીએ જ સૌથી પહેલાં ખરીદ્યો હતો. ત્યારે પૃથ્વીના સુકાનમાં ભારતે અન્ડર-૧૯ વર્લ્ડ કપ જીતી લીધો હતો. ત્યારે પૃથ્વીની ગણના ભાવિ ક્રિકેટના સૌથી પ્રભાવશાળી ખેલાડીઓમાં થતી હતી. જોકે સાત સીઝન સુધી દિલ્હી વતી રમનાર પૃથ્વીને ૨૦૨૫ની આઇપીએલ પહેલાં આ ટીમને હરાજી માટે છૂટો કરી દીધો હતો અને ત્યારે તેને એક પણ ફ્રેન્ચાઇઝીએ નહોતો ખરીદ્યો.

મંગળવારે બે વખત (પ્રારંભમાં નામની જાહેરાત વખતે અને પછી નામની ઝડપી જાહેરાતમાં) પૃથ્વીને કોઈએ પણ ખરીદવામાં રસ ન બતાવ્યો એટલે તે નિરાશ થઈ ગયો હતો. ત્યારે (રાત્રે ૯.૧૦ વાગ્યે) પૃથ્વીએ ઇન્સ્ટાગ્રામ પરની સ્ટોરીમાં ભાવુક થઈને ' ઇટ્સ ઓકે' એવું લખ્યું હતું અને એ સાથે દિલ તૂટ્યું હોય એવું ઇમોજી જોડ્યું હતું. જોકે સાત જ મિનિટ બાદ પૃથ્વીને ત્રીજા રાઉન્ડમાં દિલ્હીના ફ્રેન્ચાઇઝીએ ૭૫ લાખ રૂપિયાની મૂળ કિંમતે ખરીદી લીધો હતો. ત્યાર બાદ ખુશખુશાલ પૃથ્વીએ અગાઉની પોસ્ટ ડીલીટ કરી નાખી હતી અને ઈશ્વરનો આભાર માનીને ગૉડ્સ પ્લાન એવું લખવાની સાથે સકારાત્મક ઇમોજી જોડ્યું હતું. ફ્રેન્ચાઇઝીની પોસ્ટમાં પૃથ્વીની કૅપ્ટન અક્ષર પટેલ સાથેની જૂની તસવીર વેલકમ બૅકના સંદેશ સાથે બતાવવામાં આવી હતી.

દિલ્હી કૅપિટલ્સના કો-ઓનર કિરણ કુમાર ગ્રાંધીએ એક મુલાકાતમાં કહ્યું છે, ' દરેક ખેલાડીની કારકિર્દીમાં ઉતાર-ચઢાવ આવે. પૃથ્વીને આ વખતે અમે મજબૂત વાપસી કરવાનો મોકો આપ્યો છે. ખુદ હું તેને દિલ્હીની જર્સીમાં રમતો જોવા ઉત્સુક છું. આશા રાખું છું કે આ વખતે તે આ તકને ગંભીરતાથી લેશે અને ટીમ માટે પોતાનું સર્વસ્વ આપશે.' અગાઉ દિલ્હી વતી પૃથ્વીએ ૭૯ મૅચમાં કુલ ૧,૮૯૨ રન કર્યા હતા. ■

# રાતોરાત કરોડપતિ બની ગયેલો અનકૅપ્ડ પ્લેયર મુકુલ ચૌધરી કોણ છે?

નવી દિલ્હીઃ મંગળવારની આઇપીએલ-હરાજીમાં પ્રશાંત વીર અને કાર્તિક શર્માને (દરેકને) ચેન્નઈએ ૧૪.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યા અને જમ્મુ-કાશ્મીરના ઑકિબ નબીને દિલ્હીએ ૮.૪૦ કરોડ રૂપિયામાં મેળવ્યો એટલે (ડોમેસ્ટિક ક્રિકેટમાં તેમના દમદાર પર્ફોર્મન્સને પગલે) તેમનું ભાગ્ય રાતોરાત ચમકી ગયું કહેવાય એ વાત સાચી, પણ રાજસ્થાનમાં જન્મેલા વિકેટકીપર-બૅટ્સમૅન મુકુલ ચૌધરીની કિસ્મત પણ કંઈ ઓછી નથી ચમકી. તે પણ રાતોરાત કરોડપતિ બની ગયો છે. તેને લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)એ ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૨.૬૦ કરોડ રૂપિયામાં ખરીદી લીધો છે.

૨૧ વર્ષના મુકુલને ડોમેસ્ટિક ક્રિકેટમાં હજી માંડ બે વર્ષ થયા છે. મુંબઈ ઇન્ડિયન્સે મુકુલને મેળવવા બોલી લગાવી હતી. જોકે ૯૦ લાખ રૂપિયાના તબક્કે મુંબઈ રેસમાંથી આઉટ થઈ ગયા બાદ લખનઊએ એન્ટ્રી કરી હતી અને રાજસ્થાન રૉયલ્સે ૨.૪૦ કરોડ રૂપિયાની બોલી વખતે બહાર નીકળી જતાં લખનઊએ મુકુલને ૨.૬૦ કરોડ રૂપિયામાં મેળવી લીધો હતો. તેની બૅટિંગની તુલનામાં તેની વિકેટકીપિંગની કુશળતા ઘણી સારી છે. મુકુલ ચૌધરી તેના ક્રિકેટપ્રેમી-પિતા દલિપ કુમાર ચૌધરીનું સપનું સાકાર કરી રહ્યો છે. ■



**અનકૅપ્ડ ખેલાડીઓને કોણે કેટલા કરોડ રૂપિયામાં ખરીદ્યા**

(૧) પ્રશાંત વીર (ચેન્નઈ): ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૧૪.૨૦ કરોડ રૂપિયા

(૨) કાર્તિક શર્મા (ચેન્નઈ): ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૧૪.૨૦ કરોડ રૂપિયા

(૩) ઑકિબ નબી (દિલ્હી): ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૮.૪૦ કરોડ રૂપિયા

(૪) મંગેશ યાદવ (બેંગલૂરુ): ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૫.૨૦ કરોડ રૂપિયા

(૫) તેજસ્વી દહિયા (કોલકાતા): ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૩.૦૦ કરોડ રૂપિયા

(૬) મુકુલ ચૌધરી (લખનઊ): ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૨.૬૦ કરોડ રૂપિયા

(૭) અક્ષત રઘુવંશી (લખનઊ): ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૨.૨૦ કરોડ રૂપિયા

(૮) સલિલ અરોરા (હૈદરાબાદ): ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૧.૫૦ કરોડ રૂપિયા

(૯) નમન તિવારી (લખનઊ): ૩૦ લાખ રૂપિયાની મૂળ કિંમત સામે ૧.૦૦ કરોડ રૂપિયા ■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| ઘાઈ | કોળિયો |
| ઘાણ | ઉતાવળ |
| ઘામ | ચોટ |
| ઘાસ | પરસેવો |
| ઘાવ | ગંદવાડ |

## જાણવા જેવું

અ ગુજરાતી ભાષાના મૂળાક્ષરોમાંનો પહેલો હ્રસ્વ સ્વર અક્ષર છે જેમાંથી બીજા સ્વર ઉત્પન્ન થાય છે. તેનો ઉચ્ચાર ગમે તેટલો લંબાવી શકાય છે. અન્ય વર્ણની મદદ વગર તેનો ઉચ્ચાર થતો હોવાથી તે સ્વર કહેવાય છે. તેનો ઉચ્ચાર કરવામાં મોઢાના કોઈ ભાગનો ઉપયોગ થતો નથી, પણ તેનો અવાજ કંઠમાંથી નીકળે છે, તેથી તે કંઠસ્થ કહેવાય છે.

## ગુજરાત મોરી મોરી રે


અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષના સગા ભાભીના પતિના પિતાની પત્નીના પિતાનો પુત્ર એ પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભાણેજ બ) કાકા
ક) મામા ડ) માસા

## નોંધી રાખો મનુષ્ય

ધુમ્મસમાંથી શીખવા મળે છે કે જીવનમાં રસ્તો ન દેખાય ત્યારે દૂર જોવાની કોશિશ ન કરવી, ધીરે ધીરે, પગથિયાં ચડશો તો રસ્તો ખુલશે.

## શબ્દલાલિત્ય



### આડી ચાવી

૧. પીડિત, દુઃખી (૩)
૪. ઠીંગણું (૩)
૬. ભૂતકાળ ભૂલી --- માં જીવો (૪)
૭. કમળ (૩)
૯. માગનાર (૩)
૧૧. રહેઠાણ (૩)
૧૩. મુખ, ચહેરો (૩)
૧૫. વળવું તે (૩)
૧૭. કામદેવની પત્ની (૨)
૧૮ સમાચાર, ભાળ (૩)
૨૦. કપરું, માઠું (૩)
૨૨. આકાશ (૩)
૨૩. ચડાણ, ચડાવ (૩)
૨૫ વીતી ગયુલું (૨)
૨૬. પરવાનો (૩)
૨૮. --- વગર સિદ્ધિ નહીં (૩)
૩૦. રસ્તો (૩)
૩૨. પત્ની (૩)
૩૪. શાંત (૩)
૩૬. ઝાડોની લાંબી હાર, લાંબો જંગલનો પ્રદેશ (૪)
૩૮. વશીકરણ, ટુચકો (૩)
૩૯. ઋણ, દેવું (૩)

**ગયા વખતનો ઉકેલ**



### ઊભી ચાવી

૧. દુઃખનો પોકાર (૪)
૨. લક્ષ્મી (૨)
૩. દીકરી (૩)
૪. આરા પછી --- અને તારા પછી મારો (૨)
૫. સહિયારું (૩)
૭. સર્વ, તમામ (૩)
૮. અનુમતિ, કબૂલાત (૩)
૧૦. મુશ્કેલીથી તૂટે કે ચવાય તેવું (૩)
૧૨. ભયંકર (૩)
૧૩. શરીર (૨)
૧૪. મુસલમાન રાજા (૩)
૧૬. કામધંધા વગરનો, બેકાર (૩)
૧૯. ત્રણસો પાંસઠ દિવસ (૩)
૨૧. ઓચિંતું, વિચાર કર્યા વિના (૩)
૨૨. ભેદ, જુદાઇ (૩)
૨૩. સન્માન (૩)
૨૪. બંધિ, નિષેધ (૨)
૨૫. મૂર્ખ, બેવકૂફ (૩)
૨૭. ગુજારો, પોષણ (૩)
૨૯. યુધિષ્ઠિર (૪)
૩૧. દુશ્મન (૩)
૩૩. ખરચ, ઉધારેલી રકમ (૩)
૩૫. રેતીનું મેદાન (૨)
૩૭. જીવતો --- ભદ્રા પામે (૨)

## ઓળખાણ પડી?

યુએસ પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પના કેબિનેટના અગ્રણી મિનિસ્ટરની પત્નીની ઓળખાણ પડી? ધર્મના મુદ્દે એ ખાસ્સી ચર્ચામાં રહી હતી.

અ ) કમલા બ ) ઉષા
ક ) પ્રમીલા ડ) સંજના



## ચતુર આપો જવાબ

### અર્થ જણાવો

આપેલા વાક્યમાં અવાજ માટેનો પર્યાયવાચી શબ્દ સંતાયો છે એ શોધી કાઢો જોઉં.
માતૃભાષાનું ગૌરવ જાળવવું આપણી ફરજ છે.

## માઈન્ડ ગેમ

હાથ ઘડામણથી તૈયાર કરવામાં આવેલી ચાંદીની ફીલીગરી જવેલરી આપણા દેશના કયા રાજ્યની ખાસિયત છે એ કહી શકશો?

અ) મધ્ય પ્રદેશ બ) ઓડિશા ક) પંજાબ ડ) ઝારખંડ

## સુડોકુ-૯૧૭૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | | | | | | ૯ | ૪ |
| | ૫ | | ૯ | | ૪ | | ૬ | |
| | | ૪ | ૩ | | ૮ | ૧ | | |
| ૪ | ૯ | | | ૧ | | | ૫ | ૩ |
| | | | ૫ | | ૬ | | | |
| ૫ | ૧ | | | ૪ | | | ૮ | ૯ |
| | | ૯ | ૨ | | ૭ | ૫ | | |
| | ૩ | | ૧ | | ૯ | | ૪ | |
| ૧ | ૨ | | | | | | ૩ | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૧૭૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | ૧ | ૯ | ૫ | ૭ | ૪ | ૬ | ૩ |
| ૫ | ૬ | ૯ | ૪ | ૩ | ૧ | ૭ | ૮ | ૨ |
| ૪ | ૭ | ૩ | ૬ | ૨ | ૮ | ૫ | ૯ | ૧ |
| ૮ | ૩ | ૬ | ૧ | ૯ | ૪ | ૨ | ૭ | ૫ |
| ૧ | ૨ | ૭ | ૫ | ૮ | ૩ | ૯ | ૪ | ૬ |
| ૯ | ૫ | ૪ | ૨ | ૭ | ૬ | ૩ | ૧ | ૮ |
| ૩ | ૪ | ૮ | ૭ | ૬ | ૨ | ૧ | ૫ | ૯ |
| ૬ | ૧ | ૫ | ૩ | ૪ | ૯ | ૮ | ૨ | ૭ |
| ૭ | ૯ | ૨ | ૮ | ૧ | ૫ | ૬ | ૩ | ૪ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| ઘનદાટ | ગાઢ |
| ઘનવટ | નક્કર |
| ઘબાડ | શુભ મુહૂર્ત |
| ઘમધમિત | મઘમઘતું |
| ઘમંડ | અહંકાર |

**ગુજરાત મોરી મોરી રેઃ**
સસરા

**ઓળખાણ પડી?**
દીક્ષા ડાગર

**માઈન્ડ ગેમ :**
આસામ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
ભાર

**ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.**

(૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપૂર (૪) સુભાષ મોમાયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) હર્ષા મહેતા (૭) શ્રદ્ધા આશર (૮) પુષ્પા પટેલ (૯) લજિતા ખોના (૧૦) જ્યોતિ ખાંડવાલા (૧૧) મીનળ કાપડિયા (૧૨) કિરીટ છેડા (૧૩) ચેતના છેડા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) જયશ્રી બુચ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) તાહેર ઔરંગાબાદવાલા (૧૯) શીરીન ઔરંગાબાદવાલા (૨૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) ભરત કજરિયા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) અરવિંદ કામદાર (૨૭) ભાવના કર્વે (૨૮) દેવેદ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) પુષ્પા ખોના (૩૧) ડાયના સંતોકે (૩૨) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૩) મહેશ સંઘવી (૩૪) કમલ માતલિયા (૩૫) નિતીન જયંતિલાલ બજરિયા (૩૬) પ્રવીણ વોરા (૩૭) ડો. પ્રકાશ કટકિયા (૩૮) પ્રતિમા પમાણી (૩૯) ધીરેન્દ્ર મુલરાજ (૪૦) ગીતા ઉદેશી (૪૧) મહેશ દોશી (૪૨) અલકા વાણી (૪૩) વિપીન શાહ (૪૪) નૂતન વિપીન શાહ (૪૫) પ્રજ્ઞા પુરોહિત - જામનગર (૪૬) પ્રમોદ પુરોહિત - જામનગર

## પાલિકા ચૂંટણીઓ વચ્ચે મહારાષ્ટ્રના રાજકારણમાં ઘમસાણ!

# કોકાટેનું રાજીનામુંઃ તેમના ખાતાનો હવાલો અજિત પવારને

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ચૂંટણીઓની જાહેરાત થઇ ગઈ છે ત્યારે રાજકારણ પણ ગરમાયું છે. સદનિકા કૌભાંડ કેસમાં નાસિક જિલ્લા કોર્ટે ૧૬ નવેમ્બરના રોજ પોતાનો ચુકાદો આપ્યો હતો. ચુકાદામાં મહારાષ્ટ્રના રમતગમત પ્રધાન માણિકરાવ કોકાટેને ફટકારવામાં આવેલી બે વર્ષની સજાને કોર્ટે યથાવત્ રાખી છે. ત્યારબાદ બીજા જ દિવસે પોલીસે માણિકરાવ કોકાટેની ધરપકડની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

દરમિયાન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની રજૂઆત બાદ રાજ્યપાલે કોકાટેના ખાતાનો હવાલો નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને સોંપવાની જાહેરાત કરી હતી. અંજલી દિઘોલેએ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ધરપકડ વોરંટ માટે અરજી દાખલ કરી છે. આ અરજી પર કોર્ટ શું નિર્ણય લે છે તેના પર બધાની નજર છે.

જો ધરપકડ વોરંટ જારી કરવામાં આવે તો પક્ષની મુશ્કેલીઓ વધી શકે છે. અજિત પવાર શું નિર્ણય લે છે એ અંગે રાજકીય ચર્ચાઓએ જોર પકડ્યું છે. દરમિયાન,

(જુઓ પાનું ૪) ▶▶

## કોકાટેની હાઇ કોર્ટમાં ધાઃ સુનાવણી ૧૯ ડિસેમ્બરે

મુંબઈઃ મહારાષ્ટ્રના રમતગમત પ્રધાન અને એનસીપી નેતા માણિકરાવ કોકાટેએ બુધવારે ૧૯૯૫ના છેતરપિંડી કેસમાં તેમને દોષિત ઠરાવતા કરવામાં આવેલી બે વર્ષની જેલની સજાને પડકારતા બોમ્બે હાઈ કોર્ટમાં અરજી કરી છે.

કોકાટેના વકીલ અનિકેત નિકમે જસ્ટિસ આર.એન. લદ્દાની સિંગલ બેન્ચ સમક્ષ અરજીનો ઉલ્લેખ કરીને તાત્કાલિક સુનાવણીની માંગ કરી હતી.

કોર્ટે સુનાવણી શુક્રવાર પર મુલતવી રાખી છે. જોકે, નિકમે બુધવારે દોષિત ઠેરવવા પર રોક લગાવવાની માગ કરી નથી, તેથી તે અંગે કોઈ આદેશ પસાર કરવામાં આવ્યો નથી. તેમણે હાઈ કોર્ટમાં રજૂઆત કરી હતી કે નાસિક

(જુઓ પાનું ૪) ▶▶

## ફડણવીસની સભાની આગલી રાતે ભાજપના ઉમેદવારની ઑફિસ પર ગોળીબાર

થાણેઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની ચૂંટણી સભાની આગલી રાતે જ ભાજપના ઉમેદવારની ઑફિસ પર અંધાધૂંધ ગોળીબાર થતાં અંબરનાથમાં ખળભળાટ મચી ગયો હતો. બાઈક પર આવેલા બે હુમલાખોર ચાર રાઉન્ડ ફાયર કરી ફરાર થઈ જતાં ઑફિસનો સિક્યોરિટી ગાર્ડ જખમી થયો હતો. ઘટના બાદ રોષે ભરાયેલા ભાજપના કાર્યકરોએ પોલીસ સ્ટેશન બહાર ભેગા થયા હતા અને ધરણાં પર બેઠા હતા.

અંબરનાથ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના મંગળવારની રાતે ૧૨.૧૭ વાગ્યે અંબરનાથ પશ્ચિમમાં નવીન ભેંડીપાડા પરિસરમાં બની હતી. અંબરનાથ

(જુઓ પાનું ૪) ▶▶

## ઑપરેશન સિંદૂર અંગે વિવાદાસ્પદ નિવેદન

# હું શા માટે માફી માગુંષઃ પૃથ્વીરાજ ચવ્હાણ

### સેનાનું અપમાન કૉંગ્રેસની જૂની આદતઃ ભાજપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ : મંગળવારે પુણેમાં એક પ્રેસ કોન્ફરન્સમાં પૃથ્વીરાજ ચવ્હાણે સેના અંગે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું, જેના કારણે હોબાળો થયો હતો અને ભાજપે તેમને માફી માગવા કહ્યું હતું. સેના પર વિવાદાસ્પદ નિવેદન આપ્યા બાદ કૉંગ્રેસના નેતા પૃથ્વીરાજ ચવ્હાણે કહ્યું કે, 'હું મારા નિવેદન પર અડગ છું અને માફી નહીં માગું. મેં એવું કંઈ કહ્યું નથી જે પ્રસારિત થઈ રહ્યું છે. મેં કહ્યું, '૧૯ ડિસેમ્બરે અમેરિકામાં જે બનશે તેની સીધી અસર ભારતીય રાજકારણ પર પડશે.'

ત્યારબાદ ભાજપે આરોપ લગાવ્યો કે ચવ્હાણ પાકિસ્તાનની ભાષા બોલી રહ્યા છે અને સેનાનું અપમાન કરી રહ્યા છે. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને કહ્યું, ''હું આ અંગે શાંતિથી ચર્ચા કરીશ અને માફી માંગવાનો કોઈ પ્રશ્ન જ નથી. હું શા માટે માફી માગું?''

મેં કહ્યું હતું કે જે દિવસે વાજપેયીજીએ પરમાણુ પરીક્ષણો કર્યા તેના બીજા દિવસે પાકિસ્તાને પણ તે પરીક્ષણો કર્યા જેથી તે દિવસે પાકિસ્તાન પરમાણુ શસ્ત્ર ધરાવતો દેશ બની શકે. કોઈ પરમાણુ શસ્ત્રો ધરાવતા બે દેશો ન

(જુઓ પાનું ૪) ▶▶

## કોકાટેની હકાલપટ્ટીની કૉંગ્રેસની માગણી

મુંબઈઃ મુંબઈ કોંગ્રેસ અધ્યક્ષ વર્ષા ગાયકવાડે બુધવારે મહારાષ્ટ્રના રમત ગમત ખાતાના પ્રધાન માણિકરાવ કોકાટેને તાત્કાલિક બરતરફ કરવાની માગણીનો આરોપ મૂક્યો હતો કે સેશન્સ અદાલતે ભ્રષ્ટાચારના કેસમાં સજા માન્ય રાખવા છતાં મહાયુતિ સરકાર તેમને બચાવી રહી છે.

ગાયકવાડે કહ્યું કે છેતરપિંડી કેસમાં અદાલતે બે વર્ષની સજાની પુષ્ટિ કર્યા પછી પણ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના નેતાનો પદ પર ચાલુ રહેવાનો નિર્ણય સત્તાના ઘમંડનું પ્રતિબિંબિ છે. રાજ્ય સરકાર ઇરાદાપૂર્વક આ મુદ્દાની અવગણના કરી રહી છે એવો સવાલ કરી તેમણે સત્તામાં રહેલા વિપક્ષી નેતાઓ અને પ્રધાનો માટે વિવિધ ધોરણો લાગુ

(જુઓ પાનું ૪) ▶▶

## કોકાટે વિરુદ્ધ નાશિક કોર્ટના ધરપકડ વૉરન્ટ

નાશિકઃ છેતરપિંડી અને ઠગાઈના ૧૯૯૫ના કેસમાં નાશિક ડિસ્ટ્રિક્ટ કોર્ટે બુધવારે રાજ્યના રમતગમત ખાતાના પ્રધાન એનસીપીના માણિકરાવ કોકાટે વિરુદ્ધ ધરપકડ વૉરન્ટ જારી કરતાં કોકાટે માટે મુશ્કેલી ઊભી થઈ હતી. મૅજિસ્ટ્રેટ કોર્ટે કોકાટેને ફેબ્રુઆરીમાં સંભળાવેલી બે વર્ષની જેલની સજા ડિસ્ટ્રિક્ટ કોર્ટે કાયમ રાખી હતી. કોકાટેએ બુધવારે ચુકાદા અને બે વર્ષની સજાને બૉમ્બે હાઈ કોર્ટમાં પડકારી હતી. કોકાટેના વકીલે જસ્ટિસ આર. એન. લદ્ધાની બૅન્ચ સમક્ષ કરેલી અરજીમાં તાકીદે સુનાવણી કરવાની માગણી કરી હતી. જોકે કોર્ટે સુનાવણી શુક્રવાર પર મુલતવી રાખી હતી.

રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન દિવંગત ટી. એસ. ડિઘોલેએ છેતરપિંડી અને ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી. બુધવારે ડિઘોલેની પુત્રી અંજલિ ડિઘોલે-રાઠોડે આ પ્રકરણમાં કોકાટેની ધરપકડ માટે અરજી કરી હતી. સુનાવણી વખતે કોકાટે હાજર રહ્યા નહોતા. (પીટીઆઈ)■

## વિરોધીઓનો ખાતમો બોલાવી રાજ્યની પાલિકાઓ પર ભગવો લહેરાશેઃ શિંદે

થાણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું છે કે પાલિકા ચૂંટણીઓમાં તેમનો પક્ષ શિવસેના અને સાથી પક્ષો વિરોધીઓનો ખાત્મો બોલાવી દેશે અને રાજ્યની નગરપાલિકા નિગમો પર ભગવો ધ્વજ લહેરાશે. મંગળવારે રાત્રે થાણેમાં શિવસેના જૂથના નેતાઓના મેળાવડાને સંબોધિત કરતી વખતે શિંદેએ આ પ્રમાણે જણાવ્યું હતું.

નાયબ મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે શિવસેના પાસે ધનુષ - બાણનું પ્રતીક છે, બાળાસાહેબ ઠાકરેની વિચારધારા છે અને મહારાષ્ટ્રના

(જુઓ પાનું ૪) ▶▶

### મુંબઈમાં શરદ પવારની એનસીપીમાં મૂંઝવણ

## ઠાકરે સાથે જશે કે કૉંગ્રેસ સાથે હાથ મિલાવશે?

મુંબઈઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીએ મુંબઈ મહાનગરપાલિકામાં ૫૦ બેઠક પર ચૂંટણી લડવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. પાર્ટીએ મહાનગરપાલિકાના ૨૨૭ વોર્ડમાં ચૂંટણી લડવા માટે ઉમેદવારો પાસેથી અરજીઓ મગાવી હતી. જોકે, માત્ર ૨૫૦ કાર્યકરોએ ચૂંટણી લડવામાં રસ દાખવ્યો હતો. તેમાંથી ઘણાએ બે વોર્ડ માટે અરજી કરી હતી, તેથી કુલ ઉમેદવારોની સંખ્યા ૧૦૦ જેટલી હોવાનું માનવામાં આવે છે. દરમિયાન, કૉંગ્રેસે મ્યુનિસિપલ ચૂંટણી સ્વતંત્ર રીતે લડવાની તૈયારીઓ શરૂ કરી દીધી હોવાથી, કૉંગ્રેસ સાથે જવું કે ઠાકરે બંધુઓ સાથે જવું તે અંગે નિર્ણય લેવામાં એનસીપીને મુશ્કેલી પડી રહી છે.

મુંબઈમાં અસ્તિત્વ માટે સંઘર્ષ કરી રહેલી એનસીપીમાં (જુઓ પાનું ૪) ▶▶

## રાજ-ઉદ્ધવ તરફથી ચૂંટણી અંગે મહત્ત્વપૂર્ણ જાહેરાત

મુંબઈઃ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે શિવસેના (યુબીટી) અને મનસે વચ્ચે ગઠબંધનની સત્તાવાર જાહેરાત આગામી બે દિવસમાં કરવામાં આવશે. બંને પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણી અંગેની માહિતી પણ આ સમયે આપવામાં આવશે. ઉદ્ધવ અને રાજ ઠાકરે આ સંદર્ભમાં સંયુક્ત રીતે જાહેરાત કરશે, એમ મનસેના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું.

શિવસેના (યુબીટી) પક્ષના સંજય રાઉત અને અનિલ પરબે ગઠબંધન અને બેઠક વહેંચણી અંગે 'શિવ તીર્થ' પર ચર્ચા કરી હતી, બાદમાં તેમણે રાજ ઠાકરે સાથે પણ ચર્ચા કરી હતી. રાજ ઠાકરેએ પણ બુધવારે તેમના નેતાઓ સાથે વિગતવાર ચર્ચા કરી હતી અને ગુરુવારની આસપાસ ઠાકરે બંધુઓ ગઠબંધનની જાહેરાત કરશે, એમ મનસેના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું. મુંબઈમાં નવાબ મલિક રાષ્ટ્રવાદીની કમાન સંભાળવાના હોવાથી ભાજપે તેમની સાથે ગઠબંધન કરવાનો ઈનકાર કરી દીધો છે. આથી અજિત પવાર 'મહાયુતિ'માં નહીં હોય તે સ્પષ્ટ થઈ ગયું છે. કેટલીક જગ્યાએ અજિત દાદા રાષ્ટ્રવાદી (એસપી) સાથે ગઠબંધન માટેની શક્યતાઓ ચકાસી રહ્યા છે. ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેના ગઠબંધનની હજુ સુધી સત્તાવાર જાહેરાત થઈ નથી, પરંતુ બીજી તરફ કોંગ્રેસે 'વંચિત' સાથે વાટાઘાટો શરૂ કરી છે. માહિતી મળી છે કે કોંગ્રેસના અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળે વંચિતના પ્રમુખ પ્રકાશ આંબેડકર સાથે વાતચીત કરી હોવાના અહેવાલ છે. ■

## જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણી અંગેના ૧૯૬૧ના કાયદામાં મુખ્ય ફેરફારને મંજૂરી

મુંબઈઃ મહારાષ્ટ્ર પ્રધાનમંડળે બુધવારે જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણીમાં ઉમેદવારીપત્રો પર ચૂંટણી અધિકારીઓનો નિર્ણય લેવા માટે ૧૯૬૧ના કાયદામાં સુધારો કરવા માટે વટહુકમ બહાર પાડવાની મંજૂરી આપી દીધી છે. આ સંસ્થાઓની ચૂંટણી સમયસર યોજાય એ માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિ અધિનિયમ, ૧૯૬૧માં સુધારાને મંજૂરી ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના થોડા દિવસ પહેલા મળી છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મળેલી પ્રધાનમંડળની

(જુઓ પાનું ૪) ▶▶

## એઆઈએમઆઈએમનું પતંગનું પ્રતીક સ્થગિત કરવાની માગણી

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના સામાજિક ન્યાય પ્રધાન સંજય શિરસાટે ઓલ ઈન્ડિયા મજલિસ - એ - ઈત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ) પક્ષના ચૂંટણી ચિહ્ન પતંગ સ્થગિત કરવાની માગણી કરી કહ્યું છે કે આગામી મહિને યોજાનારી નગરપાલિકાની ચૂંટણી અને મકરસંક્રાંતિ એક સમયે છે. એઆઈએમઆઈએમના નેતા ઇમ્તિયાઝ જલીલે આ માગણી હાસ્યાસ્પદ ગણાવી હતી. (જુઓ પાનું ૪) ▶▶

## ધનંજય મુંડે દિલ્હીમાં અમિત શાહને મળ્યા

મુંબઈઃ ફ્લેટ કૌભાંડ કેસમાં નાસિક જિલ્લા કોર્ટે રાજ્યના રમતગમત પ્રધાન માણિકરાવ કોકાટે વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કર્યું છે. તેથી, એવી શક્યતા છે કે પ્રધાન માણિકરાવ કોકાટેની કોઈપણ ક્ષણે ધરપકડ કરવામાં આવે. આનાથી રાજકીય વાતાવરણ ગરમાયું હોવાની ચર્ચા છે. દરમિયાન, ધારાસભ્ય ધનંજય મુંડે બુધવારે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને મળ્યા હતા. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે માણિકરાવ કોકાટેના સ્થાને ધનંજય મુંડેને પ્રધાનમંડળમાં સામેલ કરવામાં

(જુઓ પાનું ૪) ▶▶

## ઉદ્ધવ-રાજની સંયુક્ત સભાઃ રાઉત

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના સંસદ સભ્ય સંજય રાઉતે બુધવારે કહ્યું હતું કે તેમના પક્ષ પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) પ્રમુખ રાજ ઠાકરે ૧૫ જાન્યુઆરીએ યોજાનારી નગરપાલિકા ચૂંટણી માટે મુંબઈ અને મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં સંયુક્ત સભાનું આયોજન કરશે. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં સંજય રાઉતે દાવો કર્યો હતો કે અજિત પવારની આગેવાની હેઠળના એનસીપીને મુંબઈમાં ગઠબંધનમાંથી દૂર રાખવાનો સત્તારૂઢ ભાજપનો (જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈમાં 'અંડરગ્રાઉન્ડ' પરિવહન નેટવર્ક બનાવવામાં આવશે

### મુંબઈગરાઓને ટ્રાફિક જામમાંથી રાહત મળશે

મુંબઈઃ મુંબઈગરાઓના રોજિંદા જીવનનો અવિભાજ્ય હિસ્સો બની ગયેલી ટ્રાફિક જામની સમસ્યાને ટૂંક સમયમાં જ ગુડબાય કરવામાં આવશે. અમેરિકા અને યુરોપની તર્જ પર મુંબઈમાં પણ વાહનો માટે 'મલ્ટિમોડલ ટનલ' બનાવવામાં આવશે. મુંબઈ મહાનગરપાલિકાએ આ માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરી છે અને છ મહિનામાં તેનો રિપોર્ટ રજૂ કરવામાં આવશે. અંડરગ્રાઉન્ડ પરિવહન નેટવર્કને વિસ્તૃત કરવા માટે મહાનગરપાલિકાએ અંદાજિત ૪,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચનો અહેવાલ તૈયાર કર્યો છે.

મુંબઈની વધતી જતી વસ્તીને ધ્યાનમાં રાખીને, પ્રવાસમાં સુગમતા લાવવા માટે આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ વાહનવ્યવહારને સરળ બનાવવા માટે બહુહેતુક ભૂગર્ભ પરિવહન વ્યવસ્થા ઊભી કરવાની જરૂર છે. તે દિશામાં મહાનગરપાલિકા આયોજન કરી રહી છે અને તે મુજબ કોસ્ટલ રોડ, ઈસ્ટર્ન ફ્રી-વે, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને અન્ય મહત્ત્વના માર્ગોને અંડરગ્રાઉન્ડ ટનલ સાથે જોડવામાં આવશે.

આ યોજના હેઠળ બનાવવામાં આવનારી ટનલ મુંબઈના ઘણા ભાગોને જોડશે. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપી હતી કે આ કામ માટે એક કન્સલ્ટન્ટની નિમણૂક કરવામાં આવી છે. કન્સલ્ટન્ટ વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરશે, પ્રોજેક્ટની શક્યતા તપાસશે, નકશા તૈયાર કરશે અને ટેન્ડર તૈયાર કરશે અને પછી મંજૂર પ્રોજેક્ટ માટે મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે કામ કરશે. ટેન્ડર બહાર પાડ્યા પછી આ પ્રોજેક્ટનો સમયગાળો સાડા પાંચ વર્ષનો રહેશે. હાલમાં, કન્સલ્ટન્ટ દ્વારા છ મહિનાથી એક વર્ષમાં રિપોર્ટ રજૂ કરવામાં આવશે. ત્યારબાદ જ મલ્ટિ-મોડલ ટનલ પ્રોજેક્ટ મુંબઈમાં ચોક્કસ કેવી રીતે સાકાર થશે, તે સ્પષ્ટ થશે. ■

## ૧૯૭૧ના યુદ્ધના નિવૃત્ત સૈનિકોનું સન્માન કરાયું

પુણેઃ ભારતના સૌથી મહાન લશ્કરી વિજયોમાંના એકમાં યોગદાન બદલ, ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ભાગ લેનારાઓ સહિત અનેક ભૂતપૂર્વ સૈનિકોનું પુણેના સધર્ન કમાન્ડ વૉર મેમોરિયલ ખાતે મંગળવારે વિજય દિવસ નિમિત્તે ભારતીય લશ્કરના સધર્ન કમાન્ડ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ભારતના વિજયની યાદમાં, ૧૬ ડિસેમ્બરે 'વિજય દિવસ' ઉજવવામાં આવે છે. મંગળવારે અહીં ભારતીય સેના, ભારતીય વાયુસેના અને ભારતીય નૌકાદળના સેવારત કર્મચારીઓ અને નિવૃત્ત સૈનિકોની હાજરીમાં યોજાયેલા કાર્યક્રમમાં ઘણા નિવૃત્ત સૈનિકોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન ભારતીય સેનાની તેના નિવૃત્ત સૈનિકો અને યુદ્ધ વિધવાઓનું સન્માન કરવા અને પેઢી દર પેઢી હિંમત, ફરજ અને બલિદાનના વારસાને જાળવી રાખવાની સ્થાયી પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે, એમ એક પ્રકાશનમાં જણાવાયું હતું. લેફ્ટનન્ટ જનરલ સેઠે સધર્ન કમાન્ડના તમામ રેન્ક વતી યુદ્ધ સ્મારક પર સ્મારક પુષ્પાંજલિ અર્પણ કરી, રાષ્ટ્રની સાર્વભૌમત્વ અને સ્વતંત્રતાના રક્ષણમાં સર્વોચ્ચ બલિદાન આપનારા બહાદુર સૈનિકો, વાયુસેના અને ખલાસીઓને શ્રદ્ધાંજલિ આપી હતી. ■

## કાંદાનો પાક લેતા ખેડૂતોને સશક્ત બનાવવા નાશિકમાં રાષ્ટ્રીય ડુંગળી કેન્દ્ર

### પાંચ કરોડનું ભંડોળ ખેડૂતો પાસેથી એકઠું કરવામાં આવશે

નાશિકઃ દૈનિક વપરાશમાં મહત્ત્વ ધરાવતા કાંદાનો પાક લેતા ખેડૂતોને એની કિંમત અને વેપાર અંગે વધુ નિયંત્રણ મળે એ આશય સાથે મહારાષ્ટ્ર રાજ્ય ડુંગળી ઉત્પાદક એસોસિએશને રાષ્ટ્રીય ડુંગળી કેન્દ્રની સ્થાપના કરવાની જાહેરાત કરી છે.

એસોસિએશનના સ્થાપક પ્રમુખ ભરત દિઘોળે રવિવારે નાશિકમાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે નાશિક જિલ્લાના સિન્નર તાલુકાના જયગાંવ ગામમાં શરૂઆતમાં બે એકરના પ્લોટ પર આ કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે. ભવિષ્યમાં વિસ્તરણ કરવાની સંભાવના છે.

નાશિક જિલ્લામાં લાસલગાંવ એગ્રીકલ્ચરલ પ્રોડ્યુસ માર્કેટ કમિટી (એપીએમસી) એશિયામાં ડુંગળીનું સૌથી મોટું બજાર છે. એસોસિએશન હાલની મલ્ટિ-લેયર્ડ સપ્લાય ચેઇન (વિવિધ સ્તરીય પુરવઠાની વ્યવસ્થા)ને ટૂંકાવીને ડાયરેક્ટ માર્કેટિંગ સિસ્ટમ શરૂ કરવાની યોજના ધરાવે છે. એસોસિએશને જણાવ્યું હતું કે સૂચિત મોડેલ હેઠળ, ડુંગળી ખેડૂતો પાસેથી સીધી રાષ્ટ્રીય ડુંગળી કેન્દ્ર અને પછી સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ગ્રાહકોને વેચવામાં આવશે. પરિણામે ખેડૂતો માટે યોગ્ય ભાવ અને ગ્રાહકો માટે સ્થિર, સસ્તા ભાવ જળવાશે. દિઘોળેના કહેવા અનુસાર 'રાષ્ટ્રીય ડુંગળી કેન્દ્ર ડુંગળીની ખેતીને અનિશ્ચિત, દેવા આધારિત પ્રવૃત્તિમાંથી સ્થિર, નફાકારક અને ટકાઉ વ્યવસાયમાં પરિવર્તિત કરશે.'

આ પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં આશરે ૫ કરોડ રૂપિયાનો ખર્ચ થવાની ધારણા છે, જે ખેડૂતોના યોગદાન દ્વારા એકત્ર કરવામાં આવશે. (પીટીઆઈ)■

## ડેટિંગ ઍપ પર ફૅશન સ્ટાઈલિસ્ટનો ફૅક પ્રોફાઈલ બનાવનારા વિરુદ્ધ ગુનો

### મેસેજ અને કૉલ આવવા લાગતા મહિલાએ નોંધાવી ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ડેટિંગ ઍપ પર અજાણ્યા શખસે ફૅક પ્રોફાઈલ બનાવતાં અંધેરીની ફૅશન સ્ટાઈલિસ્ટને મુલાકાત માટેના અનેક મેસેજ અને કૉલ આવવા લાગ્યા હતા. પરેશાન થઈ ગયેલી ૪૩ વર્ષની ફૅશન સ્ટાઈલિસ્ટે નોંધાવેલી ફરિયાદને આધારે અંબોલી પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ફરિયાદી છેલ્લાં ત્રણ વર્ષથી પતિ સાથે અંધેરીમાં રહે છે. તેનું પબ્લિક ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ છે અને તેના પર વ્યવસાય અર્થે તેણે પોતાનો મોબાઈલ નંબર પર નોંધી રાખ્યો છે.

પોલીસે જણાવ્યું હતું કે જૂન મહિનાથી મહિલાના મોબાઈલ ફોન પર અજાણ્યા નંબરો પરથી શંકાસ્પદ મેસેજ આવવા લાગ્યા હતા. મેસેજમાં 'તેં મને મળવા બોલાવ્યો હતો' એવા મતલબનું લખાણ રહેતું. શરૂઆતમાં મહિલાએ આ મેસેજીસ તરફ ધ્યાન આપ્યું નહોતું, પરંતુ મેસેજીસ આવવાનું પ્રમાણ ખાસ્સું વધી જતાં તેણે નંબરો બ્લૉક કરવાનું શરૂ કર્યું હતું.

ફરિયાદ અનુસાર ૬ ઑગસ્ટે અજાણ્યા શખસે મહિલાના પતિના મોબાઈલ નંબર પર કૉલ કર્યો હતો અને 'તમે તેના મૅનેજર છો?' એવું પૂછ્યું હતું. શંકા જતાં દંપતીએ તપાસ કરી હતી. તપાસમાં મહિલાના નામે એક ડેટિંગ ઍપ પર ફૅક પ્રોફાઈલ બનાવવામાં આવ્યો હોવાનું જણાયું હતું. વળી, એ પ્રોફાઈલમાં આરોપીએ સ્ટાઈલિસ્ટ અને તેના પતિના મોબાઈલ નંબર નોંધ્યા હતા. મહિલાને અશ્લીલ ચૅટ્સ અને વીડિયો કૉલ્સ માટે પણ મેસેજીસ અને કૉલ્સ આવવા લાગ્યા હતા. આખરે કંટાળેલી મહિલાએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. આ મામલે ગુનો નોંધી પોલીસ સાયબર સેલની મદદ લઈ રહી છે. ■

## લાતુરમાં સગીરા પર બળાત્કારઃ કૅફેના જમીનમાલિક સામે ગુનો દાખલ

લાતુરઃ રાજ્યના લાતુર જિલ્લામાં સગીરા પર આ મહિનાની શરૂઆતમાં બળાત્કાર ગુજારવા બદલ કૅફેના જમીનમાલિક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે કૅફેમાં ૪ ડિસેમ્બરે આ ઘટના બની હતી. આદિવાસી સગીરાનું અપહરણ કર્યા બાદ ૧૮ વર્ષના યુવક દ્વારા તેના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો.

ફરિયાદ નોંધાયાના થોડા કલાકોમાં પોલીસે સગીરાને શોધી કાઢી હતી. મુખ્ય આરોપી અને કૅફે ચલાવતા બે શખસની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓવિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ અને એસસી/એસટી (પ્રિવેન્શન ઓફ એટ્રોસિટીસ એક્ટ)ની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. કૅફે જ્યાં ચલાવવામાં આવી રહી હતી તેના જગ્યાના માલિક વિરુદ્ધ પોલીસે મંગળવારે પોક્સો એક્ટની કલમ ૨૧ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. કૅફેના માલિકે વધારાના રૂપિયા લઇને રસોડાની નજીક વધારાનું અલાયદું કમ્પાર્ટમેન્ટ બનાવ્યું હતું, જેમાં પ્રાઇવેટ સીટિંગની વ્યવસ્થા કરાઇ. અનધિકૃત બાંધકામ અને તેના દુરુપયોગની જાણ હોવા છતાં પરિસરના માલિકે તેની ઉપેક્ષા કરી હતી. (પીટીઆઇ)■

## લાતુરમાં પતિના ત્રાસથી કંટાળી પત્નીની આત્મહત્યા

લાતુરઃ લાતુર જિલ્લામાં ચારિત્ર્ય પર શંકાને લઇ પતિ દ્વારા અપાતા વારંવારના ત્રાસથી કંટાળીને પત્નીએ આત્મહત્યા કરી હતી. જિલ્લાના વરવંટી ગામમાં ૧૨ ડિસેમ્બરે આ ઘટના બની હતી. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરી મૃતકના સસરાની ધરપકડ કરી હતી, જ્યારે ફરાર પતિની શોધ ચલાવાઇ રહી છે. મહિલાનાં લગ્ન મે, ૨૦૨૩માં થયાં હતાં અને લગ્નના એક વર્ષ બાદ પતિ તેના ચારિત્ર્ય પર શંકા કરવા લાગ્યો હતો. તે પત્નીને ગાળો ભાંડતો હતો, વારંવાર ત્રાસ આપતો હતો અને મારપીટ પણ કરતો હતો, એમ એમઆઈડીસી પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું.

૧૨ ડિસેમ્બરે તેને પતિના મોબાઇલમાં કેટલાક ચેટ્સ મેસેજ મળી આવ્યા હતા, જેના પરથી તે અન્ય મહિલા સાથે વાતચીત કરતો હોવાનું લાગી રહ્યું હતું.

પત્નીએ પતિને આ અંગે પૂછતાં તે રોષે ભરાયો હતો અને તેણે પત્નીની ફરી મારપીટ કરી હતી, એવો આરોપ ફરિયાદમાં કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■

## બીડમાં પોલીસ ટીમે ૧૦ કિ.મી. સુધી પીછો કરીને ચાર લૂંટારાને ઝડપી પાડ્યા

બીડઃ બીડ જિલ્લામાં પોલીસની ટીમે ચોરી અને લૂંટના ગુનામાં સંડોવાયેલી ટોળકીના ચાર જણને ૧૦ કિલોમીટર સુધી પીછો કરીને ઝડપી પાડ્યા હતા. ૧૨ ડિસેમ્બરેના રોજ આ ઘટના બની હતી અને આરોપીઓને પકડી પાડવા સ્થાનિકોએ પોલીસની મદદ કરી હતી.

મધ્ય પ્રદેશની આ ટોળકીના સભ્યો બીડ, અંબાજોગાઇ અને ગેવરાઇ તહેસીલમાં સક્રિય હતા અને તેઓ લગ્ન સમારંભોમાં મહેમાન અથવા ભીક્ષુક બનીને પ્રવેશતા હતા અને સોનાના દાગીના ચોરી લેતા હતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

ઘણા કિસ્સાઓમાં બૅંકમાંથી રૂપિયા કઢાવીને નીકળતા ગ્રાહકોને આરોપીઓએ ટાર્ગેટ કર્યા હતા અને તેમની બેગ આંચકી હતી. તેઓ ગ્રાહકોનું ધ્યાન ભટકાવવા માટે તેમનાં કપડાં પર ટોમેટો સોસ નાખતા હતા અને રોકડ તથા કીમતી વસ્તુઓ લૂંટી ફરાર થતા હતા.

૧૨ ડિસેમ્બરે ચાર આરોપી ચોરેલી મોટરસાઇકલ લઇને લૂંટ ચલાવવાના ઇરાદે બીડના કેજ ખાતે આવ્યા હતા, પણ લૂંટની યોજના નિષ્ફળ ગઇ હતી.

તપાસકર્તા અધિકારીના જણાવ્યા અનુસાર આ ટોળકીએ અગાઉ નંદુરબારમાં બેગ-લિફ્ટિંગના ગુના આચર્યા હતા અને ચોરેલાં નાણાં સાથે બીડમાં પ્રવેશ્યા હતા.

તેમણે બાદમાં કેજ ખાતે બૅંકમાં લૂંટ ચલાવવાની યોજના બનાવી હતી, પણ યોજના નિષ્ફળ ગઇ હતી અને તેમને ત્યાંથી મોટરસાઇકલ પર ભાગી છૂટવું પડ્યું હતું. લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમને શંકા જતાં તેમણે આરોપીઓનો પીછો કર્યો હતો.

પોલીસ ટીમે કેજથી ૧૦ કિલોમીટર દૂર મસ્સાજોગ સુધી આરોપીઓનો પીછો કર્યો હતો અને તેમને તાબામાં લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ચોરેલી મોટરસાઇકલ અને મોબાઇલ જપ્ત કર્યા હતા. આરોપીઓની ઓળખ બાદલ કૃષ્ણા સિસોદિયા, કાલા ઉર્ફે રિતિક મહેશ સિસોદિયા, દીપક દિલીપ સિસોદિયા અને જસવંત સિસોદિયા તરીકે થઇ હતી. (પીટીઆઇ)■

# સતત ત્રીજા દિવસની પીછેહઠમાં સેન્સેક્સ ૧૨૦ પોઈન્ટ ગબડીને સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યો

મુંબઈઃ બજારને ટેકો આપતા પરિબળોના અભાવ સામે વિદેશી ભંડોળના સતત વેચવાલીના દબાણને કારણે બેન્ચમાર્ક સેન્સેક્સ બુધવારે સતત ત્રીજા દિવસે ગબડતો રહીને અંતે ૧૨૦ પોઇન્ટના ઘટાડા સાથે અઠવાડિયાના નીચલા સ્તરે પહોંચી ગયો હતો. સત્રને અંતે સેન્સેક્સ ૧૨૦.૨૧ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકા ઘટીને ૮૪,૫૫૯.૬૫ પોઈન્ટ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે ૨૬૩.૮૮ પોઈન્ટ અથવા ૦.૩૧ ટકા ઘટીને ૮૪,૪૧૫.૯૮ની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૪૧.૫૫ પોઈન્ટ અથવા ૦.૧૬ ટકા ઘટીને ૨૫,૮૧૮.૫૫ પોઇન્ટ પર બંધ થયો હતો.

સેન્સેક્સના શેરોમાં ટ્રેન્ટ, એચડીએફસી બેન્ક, અદાણી પોર્ટ, આઇસીઆઇસીઆઇ બેન્ક, બજાજ ફિનસર્વ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, ટાઇટન અને એશિયન પેઇન્ટ સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા. જ્યારે સ્ટેટ બેન્ક, ઇન્ફોસિસ ટેકનોલોજી, એક્સિસ બેન્ક અને મારુતિ સુઝુકી ટોપ ગેઇનર્સની યાદીમાં સામેલ હતા.

મેઇનબોર્ડ સેગમેન્ટમાં નેફ્રોકેર હેલ્થ સર્વિસીસે લગભગ સાતેક ટકાના પ્રીમિયમ સાથે બુધવારે પ્રવેશ મેળવ્યો હતો, જ્યારે પાર્ક મેડી વર્લ્ડના શેર બુધવારે તેના ઇશ્યૂભાવ સામે ચાર ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. આ અગાઉ સોમવારે કોરોના રેમેડીઝના શેર તેના રૂ.૧૦૬૨ના ઇશ્યૂ ભાવ સામે ૩૮ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૧૪૫૨ના ભાવે લિસ્ટેડ થયા હતા. જ્યારે એ જ દિવસે વેકફીટ ઇનોવેશનના શેર તેના ઇશ્યૂભાવથી ૪૬ પૈસા નીચા ભાવે લિસ્ટેડ થયા હતા. ગુજરાત કિડનીનો રૂ. ૨૫૦.૮૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૨ ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૪ ડિસેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૬ ડિસેમ્બરના રોજ અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૩૦ ડિસેમ્બરે થવાની શક્યતા છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૦૮થી રૂ. ૧૧૪ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઈઝ ૧૨૮ છે. ઇન્ડિયન ઓવરસીઝ બેન્કની નોન રિટેલ ઇન્વેસ્ટર્સ માટેની ઓફર ફોર સેલ સબ્સ્ક્રીપ્શન માટે ખૂલી ગઇ છે, જેમાં સરકાર ત્રણ ટકા હિસ્સો વેચી રહી છે.

અગ્રણી એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રકશન (ઇપીસી) કંપનીઓમાંની એક, એસઇપીસી લિમિટેડે ઉત્તર પશ્ચિમ રેલ્વેના અજમેર ડિવિઝનના અજમેર-ચંદેરિયા ડબલિંગ પ્રોજેક્ટ હેઠળ રૂ. ૨૬૯.૬૯ કરોડના મૂલ્યનો રેલ્વે ઇન્ફ્રાટ્રકચર પ્રોજેક્ટ હાંસલ કર્યો છે. આ પ્રોજેક્ટ વીપીઆરપીએલ-એસબીઇએલ સંયુક્ત સાહસને સોંપવામાં આવ્યો છે, જેમાં એસઇપીસી લિમિટેડ સંયુક્ત સાહસના નિયંત્રણ અને દેખરેખ હેઠળ પ્રોજેક્ટના કાર્યોના અમલીકરણની કામગારી હાથ ધરશે.

એચડીએફસી ફર્સ્ટ પ્રાઇવેટ બેન્કિંગ અને હુરુન ઇન્ડિયાની ટોપ ૨૦૦ સેલ્ફમેડ આન્ત્રોપ્રિન્યોર ઓફ ધ મિલેનિયા ૨૦૨૫ની ત્રીજી આવૃત્તિમાં ઇટર્નલના સ્થાપક દીપેન્દ્ર ગોયલે ડીમાર્ટના આર કે દામાણીને પાછળ છોડીને પ્રથમ સ્થાન મેળવ્યું છે. બેંગલુરુ ૮૮ ઉદ્યોગસાહસિકો સાથે મોખરે છે, ત્યારબાદ મુંબઈ ૮૩ અને નવી દિલ્હી બાવન સાથે છે. નાણાકીય સેવાઓ ક્ષેત્ર ૪૭ કંપનીઓ સાથે ટોચ પર છે, ત્યારબાદ સોફ્ટવેર અને સેવાઓ, આરોગ્યસંભાળ અને રિટેલનો ક્રમ છે.

જસ્ટો રીઅલફિનટેક લિમિટેડે પુણેના સૌથી ઝડપથી વિકસતા એક્ઝિક્યુશન પ્લેટફોર્મ્સમાંના એક, પુણે સ્થિત હસ્ટલવિનના વ્યૂહાત્મક સંપાદનની જાહેરાત કરી છે. આ



એકીકરણ જસ્ટોના એકીકૃત ડિલિવરી માળખામાં હસ્ટલવિનની ક્ષમતાઓ ઉમેરાતાં કંપની નાણાકીય વર્ષ ૨૦૨૭માં વાર્ષિક આવકમાં રૂ. ૨૦ કરોડથી વધુનો ઉમેરો થવાની અપેક્ષા ધરાવે છે. મારુતી સુઝુકીએ માસ સેગમેન્ટમાં મોબીલિટી ઇન્કલુઝનને પ્રોત્સાહિત કરવા માટે સ્વીવેલ સીટ સાથેની વેગનઆર લોન્ચ કરી છે. ખાનગી પરિવહન કંપની રેપીડોએ મહારષ્ટ્રના ખેદજનક બનાવ અંગે સ્પષ્ટતા કરી છે કે આરોપી રેપીડો કેપ્ટન નહોતો, તેને રિજેક્ટ કરવામાં આવ્યો હતો અને રેપિડો સલામતી અને વર્તણુંક અંગેના ખૂબ કડક ધારાધોરણ ધરાવે છે. ટેસ્લાએ ગુરગાવમાં પ્રથમ ચાર્જીંગ સ્ટેશન શરૂ કર્યું છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ હકારાત્મક વલણ સાથે બંધ થયો. યુરોપિયન બજારો ઊંચા વેપાર કરી રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો મોટાભાગે નીચા સ્તરે બંધ થયા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૨.૧૨ ટકા વધીને ૬૦.૧૭ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. મંગળવારે, સેન્સેક્સ ૫૩૩.૫૦ પોઈન્ટ અથવા ૦.૬૩ ટકા ઘટીને ૮૪,૬૭૯.૮૬ પર બંધ થયો. નિફ્ટી ૧૬૭.૨૦ પોઈન્ટ અથવા ૦.૬૪ ટકા ઘટીને ૨૫,૮૬૦.૧૦ પર બંધ થયો.

આ સપ્તાહે પ્રાઇમરી માર્કેટમાં ચાર નવા જાહેર ભરણાં અને ૧૫ કંપનીઓ લિસ્ટ થવાની તૈયારીમાં હોવાથી પ્રાથમિક બજાર સક્રિય રહેશે. મેઇનબોર્ડ અને એસએમઇ બંને સેગમેન્ટમાં ભારે ગતિવિધિ જોવા મળશે. નવા ઇશ્યૂઓમાં, કેએસએચ ઇન્ટરનેશનલ એકમાત્ર મેઇનબોર્ડ આઇપીઓ ઓફરિંગ છે જે આ સપ્તાહે ખુલશે, જ્યારે એસએમઇ સેગમેન્ટમાં ત્રણ આઇપીઓ ખુલશે. ચાર નવા આઇપીઓ ખુલશે અને પંદર જેટલી કંપનીઓ શેરબજારમાં પ્રવેશ કરશે. બુધવારે, નેફ્રોકેર હેલ્થ સર્વિસીસ અને પાર્ક મેડી વર્લ્ડ એનએસઇ તથા બીએસઇ પર, જ્યારે યુનિસેમ એગ્રીટેક અને શિપવેવ્સ ઓનલાઇન એસએમઇ સેગમેન્ટમાં ડેબ્યૂ કરી ચૂકી છે. એ જ રીતે, આજે ૧૮ ડિસેમ્બરે પેજસન એગ્રો ઇન્ડિયા અને એચઆરએસ એલ્યુગ્લેઝ સાથે લિસ્ટિંગ મેળવશે, ત્યારબાદ ૧૯ ડિસેમ્બરે સ્ટેનબિક એગ્રો, એક્ઝિમ રૂટ્સ અને અશ્વિની કન્ટેનર મૂવર્સ આવશે.

એક્સચેન્જના ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ મંગળવારે રૂ. ૨૩૮૧.૯૨ કરોડના ઇક્વિટી શેર બજારમાં ઠાલવ્યા હતા, જ્યારે તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૧૦૭૭.૪૮ કરોડના શેરની લેવાલી નોંધાવી હતી. બજારના એકધારા ઘટાડાને કારણે ડીઆઇઆઇની તાકાત પણ જાણે ઘટતી જતી હોય એવું જણાય છે.

એફઆઇઆઇની એકધારી વેચવાલી મોટી ચિંતાનો વિષય છે. નવેમ્બર મહિનાના પહેલા બે અઠવાડિયામાં વિદેશી રોકાણકારોએ ભારતીય ઇક્વિટીમાંથી ૨૦૨૫માં રૂ. ૧.૬ લાખ કરોડ (૧૮.૪ અબજ ડોલર)થી વધુ નેટ સેલીંગ નોંધાવ્યું છે. વિદેશી ભંડોળના સતત આઉટફ્લો અને રૂપિયાના મૂલ્યમાં તીવ્ર ઘટાડાથી રોકાણકારોના વિશ્વાસ પર ભારે નકારાત્મક અસર પડી છે.

એફઆઇઆઇના એકધારા આઉટફ્લોને સંદર્ભે જાણીતા માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે યુએસ વ્યાજ દરમાં વધારો, તરલતાની કડક સ્થિતિ અને સુરક્ષિત અથવા વધુ ઉપજ આપતી ડેવલપ્ડ માર્કેટ એસેટની પસંદગી રોકાણકારોના સેન્ટિમેન્ટ પર ભાર મૂકી રહી છે. ઉપરાંત, ભારતના પ્રમાણમાં વધુ પડતાં ઊંચા ઇક્વિટી મૂલ્યાંકને તેને અન્ય ઉભરતા બજારોની તુલનામાં ઓછું આકર્ષક બનાવ્યું છે જે હાલમાં વધુ સારું મૂલ્ય પ્રદાન કરે છે.

દરમિયાન, ભારતની નિકાસ નવેમ્બરમાં ૧૯.૩૭ ટકા વધીને ૩૮.૧૩ અબજ ડોલરની સપાટીએ પહોંચી છે, જ્યારે આયાત ૧.૮૮ ટકા ઘટીને ૬૨.૬૬ અબજ ડોલરની સપાટીએ પહોંચી છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે નવેમ્બરના આઉટબાઉન્ડ શિપમેન્ટે આ વર્ષે ઓક્ટોબરમાં થયેલા નુકસાનને સરભર કર્યું છે. તેમણે કહ્યું કે નવેમ્બરમાં ૩૮.૧૩ બિલિયન ડોલરની નિકાસ પાછલા દસ વર્ષમાં સૌથી વધુ આંકડો દર્શાવે છે. નવેમ્બરમાં વેપાર ખાધ ૨૪.૫૩ અબજ ડોલર હતી. સંયુક્ત રીતે, એપ્રિલ-નવેમ્બર દરમિયાન નિકાસ ૨.૬૨ ટકા વધીને ૨૯૨.૦૭ અબજ ડોલર થઈ હતી, જ્યારે આઠ મહિનામાં આયાત ૫.૫૯ ટકા વધીને ૫૧૫.૨૧ અબજ ડોલર નોંધાઇ હતી. સંયુક્ત રીતે, એપ્રિલ-નવેમ્બર દરમિયાન નિકાસ ૨.૬૨ ટકા વધીને ૨૯૨.૦૭ અબજ ડોલર થઈ હતી, જ્યારે આઠ મહિનામાં આયાત ૫.૫૯ ટકા વધીને ૫૧૫.૨૧ અબજ ડોલર થઈ હતી.

# રિઝર્વ બૅન્કના સંભવિત આક્રમક હસ્તક્ષેપ સાથે ડૉલર સામે રૂપિયામાં પંચાવન પૈસાનું બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, વિદેશી ફંડોની ઈક્વિટીમાં વેચવાલી, વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ રહ્યું હોવા છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સંભવિતપણે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો આક્રમક હસ્તક્ષેપ રહેતાં આજે ડૉલર સામે રૂપિયો પંચાવન પૈસાના બાઉન્સબૅક સાથે ઐતિહાસિક નીચી સપાટીએથી પાછો ફરીને ૯૦.૩૮ના મથાળે બંધ રહ્યો હતો. વિશ્લેષકોના મતાનુસાર તાજેતરમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલું ધોવાણ બાહ્ય પરિબળોને આધીન છે, નહીં કે સ્થાનિક આર્થિક નબળાઈને કારણે. આર્થિક અને ભૂરાજકીય પરિબળોને કારણે ફોરેક્સ માર્કેટમાં ચંચળતા વધી હોવાનું તેઓ જણાવે છે.

આ સિવાય ભારત-અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલમાં પ્રગતિનો અભાવ અને ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની વેચવાલી રૂપિયાને વધુ દબાણ હેઠળ રાખે છે. જોકે, વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટીને બેરલદીઠ ૬૦ ડૉલર આસપાસ પ્રવર્તી રહ્યા હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળી રહ્યો છે.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૯૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૧.૦૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૧.૦૫ અને ઉપરમાં ૮૯.૯૬ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે પંચાવન પૈસા વધીને ૯૦.૩૮ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયાએ સત્ર દરમિયાન ૯૧.૧૪ની ઐતિહાસિક નીચી સપાટી દાખવીને અંતે ૯૦.૯૩ની ઑલ ટાઈમ લૉ સપાટીએ બંધ રહ્યો હતો.

સતત પાંચ સત્રના ધોવાણ પશ્ચાત્ આજે શક્યતઃ રિઝર્વ બૅન્કે આક્રમક ધોરણે બજારમાં હસ્તક્ષેપ કરતાં બાઉન્સબૅક જોવા મળ્યું હોવાનું એચડીએફસી સિક્યોરિટીઝનાં રિસર્ચ એનાલિસ્ટ દિલીપ પરમારે જણાવતાં ઉમેર્યું હતું કે વૈશ્વિક પરિબળોને આધારે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ભારે ચંચળતા જોવા મળી રહી છે. જોકે, ટેક્નિકલ દૃષ્ટિએ જોતા હાલ ડૉલર સામે રૂપિયામાં ૯૦.૬૦ની સપાટી મહત્ત્વની પ્રતિકારક અને ૮૯.૭૦ની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થાય તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૨.૦૯ ટકા વધીને બેરલદીઠ ૬૦.૧૬ ડૉલર આસપાસ અને ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૪૨ ટકા વધીને ૯૮.૫૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો.

# વૈશ્વિક ચાંદી ૬૬ ડૉલર કુદાવીને પાછા ફરતાં સ્થાનિક ચાંદી ₹ ૭૬૬૬ ઉછળીને ₹ બે લાખની લગોલગ, સોનામાં ₹ ૫૪૦નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાના ગઈકાલે જાહેરાત થયેલા બેરોજગારીના ડેટા અપેક્ષા કરતાં નબળા આવતા ફેડરલ રિઝર્વ ભવિષ્યમાં હળવી નાણાનીતિ અપનાવે તેવી શક્યતા પ્રબળ બનતા આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ચાંદીમાં તંગ પુરવઠે ભાવ અગાઉની ઔંસદીઠ ૬૫ ડૉલરની વિક્રમ સપાટી પાર કરીને એક તબક્કે ૬૬ ડૉલરની સપાટી પાર કરીને પાછા ફર્યા હતા. તેમ જ સોનાના ભાવમાં પણ ધીમો સુધારો નોંધાયો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૭૬૬૬ ઉછળીને રૂ. બે લાખની લગોલગ બંધ રહ્યા હતા, જ્યારે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૩૮થી ૫૪૦ વધી આવ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મધ્યસત્ર દરમિયાન ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૮૭૭૫ ઉછળીને રૂ. ૨,૦૦,૭૫૦ના મથાળે પહોંચ્યા બાદ સત્રના અંતે રૂ. ૭૬૬૬ના ઉછાળા સાથે રૂ. ૧,૯૯,૬૪૧ના મથાળે બંધ રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી માત્ર સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી અને ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની



માગ શુષ્ક હતી. તે જ પ્રમાણે આજે સોનામાં વિશ્વ બજાર પાછળ સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૩૮ વધીને રૂ. ૧,૩૧,૭૮૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૪૦ વધીને રૂ. ૧,૩૨,૩૧૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન ગઈકાલે અમેરિકા ખાતે ગત નવેમ્બર મહિનામાં બેરોજગારોની સંખ્યા વધીને ૬૪,૦૦૦ની થઈ હોવાનું અને બેરોજગારીનો દર ૪.૬ ટકાના સ્તરે રહ્યો હોવાનું નોન ફાર્મ પે રૉલ ડેટાના અહેવાલમાં જણાતા અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી વર્ષ દરમિયાન વધુ વખત રેટકટ કરે તેવો આશાવાદ સપાટી પર આવતા લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. જેમાં ખાસ કરીને ચાંદીમાં પ્રવર્તમાન પુરવઠાખેંચને કારણે ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૬૬.૫૨ ડૉલર સુધી પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે ૩.૪ ટકાની તેજી સાથે ૬૫.૯૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૪૩૧૭.૬૫ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા વધીને ૪૩૪૭.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં ૧૨૮ ટકાનો સોનાના ભાવમાં ૬૫ ટકાનો ઉછાળો નોંધાયો છે.

એકંદરે હાલને તબક્કે ચાંદીમાં પુરવઠાખેંચ તેમ જ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચાંદીને મહત્ત્વના ખનીજમાં સમાવેશ કર્યો હોવાથી અને સોનાને ફેડરલ રિઝર્વ દ્વારા હળવી નાણાનીતિ અપનાવે તેવા આશાવાદ ઉપરાંત આર્થિક અનિશ્ચિતતા અને ભૂરાજકીય તણાવની સ્થિતિનો લાભ મળી રહ્યો હોવાનું એક્ટિવ ટ્રેડ્સના વિશ્લેષક રિકાર્ડો ઈવાન્જેલિસ્ટાએ જણાવ્યું હતું.

અમેરિકી ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવેલે છેલ્લી નીતિવિષયક બેઠકના અંતે આગામી વર્ષ દરમિયાન વ્યાજદરમાં કપાતનો આધાર આર્થિક આંકડાકીય માહિતી પર અવલંબિત રહેશે એમ જણાવ્યું હોવાથી હવે બજાર વર્તુળોની નજર આવતીકાલે જાહેર થનારા અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સનાં અને શુક્રવારે જાહેર થનારા પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર અથવા તો ફુગાવાના ડેટાની જાહેરાત પર સ્થિર થઈ છે.

# ખાંડમાં વધુ ₹ ૮થી ૧૦ની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહી હોવાથી ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૦૦થી ૩૬૫૦માં ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ, રિટેલ સ્તરની ખપપૂરતી માગ અને અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. આઠથી ૧૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો નોંધાયો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ અને ઉપલા મથાળેથી રૂ. આઠના ઘટાડા સાથે રૂ. ૩૮૧૨થી ૩૮૯૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૦૨થી ૪૦૦૦માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગ જળવાઈ રહી હતી, પરંતુ ઔદ્યોગિક વપરાશકારોની માગ મર્યાદિત રહેતાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો અને વેપાર અનુક્રમે રૂ. ૩૭૪૦થી ૩૭૬૦માં અને રૂ. ૩૭૯૦થી ૩૮૬૦માં થયા હતા.

# ટીનમાં ઘટ્યા મથાળેથી ₹ ૫૮નો ચમકારો, કોપર સહિતની અન્ય ધાતુઓમાં ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં વધ્યા મથાળેથી સાધારણ નરમાઈ જોવા મળી હોવા છતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી આક્રમક લેવાલી નીકળતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૫૮નો ચમકારો આવ્યો હતો. આ સિવાય કોપરની વેરાઈટીઓ, નિકલ અને બ્રાસ શીટ કટિંગ્સમાં પણ ઘટ્યા મથાળેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી નવ સુધીનો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે આજે નિરસ માગે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને રૂ. એકનો ઘટાડો આવ્યો હતો અને કોપર સ્ક્રેપ હેવી, લીડ ઈન્ગોટ્સ અને એલ્યુમિનિયમમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્ટોકિસ્ટો અને ઔદ્યોગિક વપરાશકારોની પ્રબળ માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૫૮ વધીને રૂ. ૩૮૩૮, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૯૩૭ અને બ્રાસ શીટ કટિંગ્સ તથા નિકલના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૭૨૦ અને રૂ. ૧૩૨૮ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૧૩૪, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૦૨૧ અને કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૧૦૫૦ના મથાળે રહ્યા હતા. આજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૬૩૨ અને રૂ. એક ઘટીને રૂ. ૩૧૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે કોપર સ્ક્રેપ હેવી, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતા કામકાજે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦૩૮, રૂ. ૨૧૪, રૂ. ૨૮૬ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સિંગતેલમાં મથકો પાછળ ₹ ૨૦નો ઘટાડો, આયાતી તેલમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ ત્રણ રિંગિટનો સુધારો આવ્યાના અહેવાલ ઉપરાંત ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૧૧૨ સેન્ટ ઘટી આવ્યાના ઓવરનાઈટ અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્થાનિકમાં આયાતી તેલમાં સન રિફાઈન્ડ અને સોયા રિફાઈન્ડમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ અને રૂ. પાંચ ઘટી આવ્યા હતા.

તેમ જ આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ નિરસ રહેતાં લૂઝમાં ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવતા સ્થાનિકમાં નિરસ માગે ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ ઘટી આવ્યા હતા. જોકે, હાલમાં ભાવઘટાડાનો માહોલ હોવાથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૮ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૦ અને જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૬ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૬ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

ગુજરાતમાં આજે ગોંડલ મથકે મગફળીની ૩૦,૦૦૦ ગૂણીની અને ગઈકાલની શેષ ૫૫,૦૦૦ ગૂણી મળી કુલ ૮૫,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૧૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે મગફળીની નવી કોઈ આવક નહોતી પરંતુ ગઈકાલની શેષ ૮૫,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૩૪૦માં થયાના અહેવાલ હતા.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૭૫, સિંગતેલના રૂ. ૧૫૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૫૧૦ના મથાળે રહ્યા હતા. જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૪૯૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# બોર્ડ પરીક્ષા-૨૦૨૬નું કાઉન્ટડાઉન શરૂ: કચ્છમાં ૪૧ હજારથી વધારે છાત્રો ધો.૧૦-૧૨ની પરીક્ષા આપશે

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજ: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની આગામી વર્ષ ૨૦૨૬માં યોજાનારી કસોટી માટે કચ્છ જિલ્લામાં ૪૧ હજારથી વધુ છાત્રોએ ઓનલાઈન ફોર્મ દાખલ કર્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી માસના અંતિમ સપ્તાહથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષા માટે હાલમાં ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી તાજેતરમાં પૂર્ણ થઈ છે. બોર્ડ દ્વારા પરીક્ષા માટેના ફોર્મ રેગ્યુલર ફી સાથે સ્વીકારવાની મુદત પૂર્ણ થયા બાદ લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવાનું ચાલુમાં છે. ૨૨મી ડિસેમ્બર સુધી વિદ્યાર્થીઓ લેઈટ ફી સાથે પોતાના ફોર્મ ઓનલાઈન ભરી શકશે. શિક્ષણ બોર્ડની પરીક્ષા માટે નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યામાં હજુ પણ ફેરફાર થઈ શકે છે.આ બાબતે જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે વિગતો આપતા જણાવ્યું હતું કે રેગ્યુલર વિદ્યાર્થીઓ દ્વારા ૧૦ મી ડિસેમ્બર સુધી પોતાના ફોર્મ ભરી દેવાયા છે. જે વિદ્યાર્થીઓ બાકી રહી ગયા છે તેઓ ૨૨મી ડિસેમ્બર સુધી લેઈટ ફી સાથે ફોર્મ ભરી શકશે. જિલ્લામાં ધો. ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા માટે ૪૧ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા છે. કચ્છમાં ધો. ૧૦ ની પરીક્ષા માટે ત્રણ અને ધો. ૧૨ ની પરીક્ષા માટે બે ઝોન કચેરીઓ તૈયાર કરવામાં આવી છે. જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા તમામ પરીક્ષા કેન્દ્ર અને બિલ્ડિંગની ચકાસણી કરવામાં આવી છે. પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરા અને અન્ય ભૌતિક સગવડોની તપાસ કરવામાં આવી હતી.

બોર્ડ પરીક્ષાર્થીઓમાંથી હાઉ દૂર થાય તે માટે ૨૩મી તારીખથી પ્રિ-બોર્ડ પરીક્ષાઓ લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. ડિસેમ્બરમાં ૧, જાન્યુઆરીમાં ત્રણ અને ફેબ્રુઆરીમાં એક સહિત કુલ્લ પાંચ પ્રિ-બોર્ડ એકઝામ લેવામાં આવશે. આ ઉપરાંત બોર્ડ પરીક્ષાર્થીઓને વિવિધ વિષયના તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવશે. જિલ્લામાં ટોલ ફ્રી સલાહ કેન્દ્ર અને યુ-ટયૂબના માધ્યમથી તજજ્ઞો દ્વારા માર્ગદર્શનની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. છેલ્લાં બે વર્ષથી કચ્છમાં એક પણ કોપી કેસ નોંધાયો નથી ત્યારે વિદ્યાર્થીઓ માટે સંપૂર્ણ વ્યવસ્થા સાથે લેવાનારી બોર્ડ પરીક્ષામાં વિદ્યાર્થીઓ કોઈપણ જાતના ભય વિના પરીક્ષા આપી શકે તેવું આયોજન ગોઠવાયું છે.

દરમ્યાન, આગામી ફેબ્રુઆરી માસમાં શરૂ થનાર બોર્ડ પરીક્ષાઓમાં રેગ્યુલર અને રીપીટર છાત્રો ઉપરાંત ગળપાદરની હાઈસિક્યોરિટી જેલમાં સજા ભોગવી રહેલ એક બંદીવાને પણ કારકીર્દી માટે નિર્ણાયક એવી બોર્ડ પરીક્ષા આપવા માટે ઓનલાઈન ફોર્મ ભર્યું હોવાનું જિલ્લા શિક્ષણાધિકારીએ ઉમેર્યું હતું. ■



રાજકોટમાં ગ્રાહક જાગૃતિના પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. વડા પ્રધાન મોદી અને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના પોસ્ટરમાં નરેન્દ્ર મોદીની તસ્વીર પર કૂચડો ફેરવવામાં આવતા તંત્ર દોડતું થઈ ગયું હતું. સમગ્ર મામલે પોલીસે તપાસ શરૂ કરી છે. (તસવીર: પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ખાવડાના રિન્યુએબલ એનર્જી પાર્કમાં ગેરકાયદે રાંધણ ગેસના સિલિન્ડરના વેચાણનો પર્દાફાશ: ૨૩ સિલિન્ડર સાથે શખ્સ ઝબ્બે

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજ: કચ્છમાં વિવિધ પેટ્રોલિંગ પદાર્થો, માદક દ્રવ્યોની હેરાફેરી ચિંતાજનક સ્તરે વધવા પામી છે જેમાં ખાસ કરીને જાનમાલને જોખમમાં મૂકીને લીકવીડ પેટ્રોલિયમ ગેસના સિલિન્ડરનું રિફિલિંગ કરી બજાર ભાવથી ઊંચા ભાવે થઇ રહેલાં અનધિકૃત વેંચાણની બદી પણ છાશવારે બહાર આવતી જ રહે છે એ વચ્ચે સીમાવર્તી ખાવડા પાસેના વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્કમાં લાંબા સમયથી ચાલતા એલપીજી ગેસના સિલિન્ડરના ગેરકાયેદે વેપલાનો સ્થાનિક ગુન્હાશોધક શાખાએ પર્દાફાશ પર્દાફાશ કરી, આધાર-પૂરાવા વિહોણી ૨૦ ભરેલી અને એક ખાલી કોમર્શિયલ ગેસના સિલિન્ડર તથા બે ઘરેલુ ગેસના સિલિન્ડર સાથે એક શખ્સને ઝડપી પાડયો હતો.

આ અંગે એલસીબીએ જાહેર કરેલી વિગતો મુજબ, રાંધણ ગેસના બાટલાનું વેંચાણ કરતા દુકાનદાર પાસે કામ કરનાર દિનેશકુમાર મહેન્દ્રસિંહ (રહે. હાલે આર.ઇ. પાર્ક, મૂળ રાજસ્થાન), રાંધણગેસની બોટલો સાથે છેડછાડ કરીને ગેરકાયદે રીતે વેચી રહ્યો હોવા અંગે પૂર્વ બાતમી મળતાં આર.ઈ પાર્કમાં ધસી ગયેલી એલસીબીએ આ શખ્સને અટકમાં લઇ, તેની પાસેથી આધાર-પૂરાવા વિનાનાર૧ કોમર્શિયલ ગેસના સિલિન્ડર, જેમાં ૨૦ ભરેલાં એક ખાલી તથા બે ઘરેલુ રાંધણ ગેસના સિલિન્ડર મળી આવ્યાં હતાં.

ફાયર સેફ્ટીના સાધનો વગર અનધિકૃત રીતે લોકોના જાનમાલની સુરક્ષાને જોખમાવીને ગેસ રીફીલીંગ કરી ઊંચા ભાવે વેચાણ કરવા સબબ પોલીસ દ્વારા એસેન્સિયલ કોમોડિટી એક્ટ સહિતની કલમો તળે આરોપી વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. ■

# ભાવનગર કોર્પો.ને ઈમ્પેકટ યોજનામાં ૩૩.૭૬ કરોડની આવક, મુદ્દતમાં વધુ છ માસનો વધારો કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાવનગર સહિત ગુજરાત રાજ્યમાં અનેક બાંધકામો મંજૂરી વગર મૂળ બાંધકામમાં વધારો કર્યો છે તો ઘણાં બાંધકામોમાં પહેલેથી જ મંજૂરી વગરના ગેરકાયદે છે. તે પૈકી મંજૂરી મળી શકે તેવાં ગેરકાયદે બાંધકામોને કાયદેસર કરવા માટે સરકારે ગત ૧૭ મી ઓક્ટોબર ૨૦૨૨ થી ઇમ્પેક્ટનો કાયદો અમલમાં મૂક્યો હતો. પરંતુ શરૂઆતમાં જોઈએ તેટલો લોકોએ ઉત્સાહ નહીં દેખાડતા સમયાંતરે તેની મુદ્દતમાં વધારો કરવામાં આવ્યો હતો. છેલ્લાં ત્રણ વર્ષમાં પાંચ વાર ઇમ્પેક્ટની સમય મર્યાદા વધારવામાં આવી છે.

અત્યાર સુધી ભાવનગર કોર્પોરેશનમાં ઇમ્પેક્ટ હેઠળ કુલ ૫૪૧૫ અરજીઓ ગેરકાયદેસર બાંધકામને કાયદેસર કરવા માટે આવેલી છે.૩૩.૭૬ કરોડ રૂપિયાની ઇમ્પેક્ટ હેઠળ આવક ભાવનગર કોર્પોરેશનને થઈ છે.

ડિસેમ્બર મહિનામાં તેની મુદત પૂર્ણ થતા ગુજરાત અનધિકૃત વિકાસ નિયમિત કરવાના વટહુકમના અનુસંધાને ૧૫મી ડિસેમ્બરના નોટિફિકેશનથી ગેરકાયદેસર બાંધકામ કાયદેસર કરવાની અરજીની સમય મર્યાદા ૧૭મી ડિસેમ્બર ૨૦૨૫ થી છ મહિના એટલે કે ૧૬ મી જૂન ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ઓનલાઇન તેમજ ઓફલાઈન બંને પદ્ધતિથી અરજદારો ૧૬મી જૂન સુધી ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર કરવાની અરજી કરી શકે છે.

ભાવનગર કોર્પોરેશનના ટાઉન ડેવલપમેન્ટ અને ટાઉન પ્લાનિંગ વિભાગ હસ્તક ૧૭ મી ઓક્ટોબર ૨૦૨૨ થી અત્યાર સુધીમાં ૫૪૧૫ અરજીઓ બાંધકામોને કાયદેસર કરવા માટે આવી હતી. જે પૈકી ૨૨૯૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. અન્યની પૂર્તતા માટેની પ્રક્રિયા શરૂ છે. ઇમ્પેક્ટ હેઠળ કોર્પોરેશનના ટાઉન ડેવલપમેન્ટ અને ટાઉન પ્લાનિંગ વિભાગને ૩૩ કરોડ ૭૬ લાખ રૂની આવક થઈ છે. પ્રજા માટે આગામી છ મહિના ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર કરવાની તક સરકાર દ્વારા આપી છે. ■

# ભાવનગરના જવાહર મેદાન ખાતે તા.૧૯ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન 'સશક્ત નારી મેળા'નું ભવ્ય આયોજન

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગર: શહેરના જવાહર મેદાન ખાતે યોજાનાર ત્રિ-દિવસીય 'સશક્ત નારી મેળા'ના ભવ્ય આયોજનને અનુલક્ષીને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન જરુના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી.

આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન જરુએ જણાવ્યું હતું કે, સ્થાનિક સ્તરે જુદી જુદી વસ્તુઓનું ઉત્પાદન કરતી મહિલાઓને પ્રોત્સાહન અને યોગ્ય પ્લેટફોર્મ મળી રહે તે માટે ભાવનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા તા. ૧૯ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન જવાહર મેદાન ખાતે ત્રિ-દિવસીય 'સશક્ત નારી મેળા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, ભાવનગર જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે તા.૧૯ ડિસેમ્બરના રોજ આ મેળાને ખુલ્લો મુકવામાં આવશે. આ મેળામાં કુલ-૧૦૦ સ્ટોલ્સ ઊભા કરવામાં આવશે, જેમાં જિલ્લાની મહિલા ઉદ્યોગ સાહસિકો દ્વારા તૈયાર કરાયેલા વિવિધ સ્વદેશી ઉત્પાદનો, હસ્તકલા સામગ્રી અને અન્ય ઉત્પાદનોનું પ્રદર્શન તથા વેચાણ થશે. આ મેળો સવારના ૧૦:૩૦ થી રાત્રીના ૧૦:૦૦ વાગ્યા સુધી ખુલ્લો રહેશે. મેળાની મુલાકાત લેવા જાહેરજનતાને તેમણે અપીલ કરી છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, મહિલાઓના સશક્તિકરણ, સ્થાનિક ઉત્પાદન, ઉદ્યોગસાહસિકતા અને સ્વદેશી મૂલ્યો પર ધ્યાન કેન્દ્રિત કરતો જિલ્લા-સ્તરીય મેળો આર્થિક ભાગીદારીને વેગ આપશે અને અનેક મહિલાઓ માટે પ્રેરણાદાયી બનશે. ■

# ભાવનગરના મહુવા માર્કેટિંગ યાર્ડમાં લાલ ડુંગળીની આવક બંધ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાવનગર જિલ્લાના મહુવા માર્કેટિંગ યાર્ડમાં છેલ્લા ઘણા સમયથી લાલ અને સફેદ ડુંગળીની પુષ્કળ આવક નોંધાઈ રહી છે. લાલ ડુંગળીની વધતી આવકને ધ્યાનમાં રાખીને યાર્ડ દ્વારા ડુંગળીની આવક પર નિયંત્રણ મૂકવાનો નિર્ણય લેવાયો છે. માર્કેટિંગ યાર્ડે જાહેરાત કરી હતી કે, આજે ૧૮ ડિસેમ્બર સવારે ૯:૦૦ વાગ્યાથી લાલ ડુંગળીની આવક બંધ કરવામાં આવશે. આ નિયંત્રણ ૨૧ ડિસેમ્બર રવિવારે સાંજે ૪:૦૦ વાગ્યા સુધી રહેશે, ત્યારબાદ લાલ ડુંગળીની આવક ફરી રાબેતા મુજબ ચાલુ રહેશે. આ સમય દરમિયાન કોઈપણ સંજોગોમાં યાર્ડમાં પ્રવેશની મંજૂરી આપવામાં આવશે નહીં. જો લાલ કાંદાના વાહનો યાર્ડમાં આવ્યા તો તે પરત મોકલવામાં આવશે. નોંધનીય છે કે, મહુવા માર્કેટિંગ યાર્ડને ડુંગળીનું હબ ગણવામાં આવે છે.

ભાવનગર જિલ્લાના મહુવા માર્કેટિંગ યાર્ડમાં વર્ષ દરમિયાન અન્ય વસ્તુઓની સરખામણીએ લાલ અને સફેદ ડુંગળીની ખૂબ જ આવક થાય છે. ફક્ત ભાવનગર જિલ્લો જ નહીં, પણ સમગ્ર સૌરાષ્ટ્રમાંથી અનેક ખેડૂતો ડુંગળીનું વેચાણ કરવા મહુવા માર્કેટિંગ યાર્ડમાં આવતા રહે છે. મહુવા માર્કેટિંગ યાર્ડમાં છેલ્લા ત્રણ દિવસના લાલ ડુંગળીના વેચાણની વાત કરીએ તો, ૧૫ ડિસેમ્બરના રોજ ૪૩,૩૭૨ કટ્ટાનું વેચાણ ૭૦ રૂપિયાથી ૪૨૯ રૂપિયા વચ્ચે થયા હતા. ૧૬ ડિસેમ્બરના રોજ ૪૫,૯૨૯ કટ્ટાનું વેચાણ ૮૦ રૂપિયાથી ૪૨૧ રૂપિયા વચ્ચે જ્યારે ૧૭ ડિસેમ્બરના રોજ, ૪૦,૨૮૧ કટ્ટા લાલ ડુંગળીનું વેચાણ ૭૧ રૂપિયાથી ૩૮૫ રૂપિયા વચ્ચે થયું હતું. ■

# રાજકોટમાં મ્યુલ અકાઉન્ટ ફ્રોડમાં ૫૧ આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સાયબર ક્રાઈમ સામે ગુજરાત સરકારે જંગ છેડી છે ત્યારે રોજ મ્યુલ અકાઉન્ટ હોલ્ડર સામે પગલાં લેવામાં આવી રહ્યાં છે. રાજકોટ આસપાસના વિસ્તારો દેવભૂમિ દ્વારકા, જામનગર, મોરબી અને સુરેન્દ્રનગર વગેરેમાં પણ હજાર કરતા વધારે આવા અકાઉન્ટ મળી આવ્યા છે, જેમાં રૂ. ૧૯ કરોડ જેટલી મોટી રકમ ઠાલવવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. સાયબર પોલીસે ૫૧ આરોપીની ધરપકડ કરી હોવાનું જાણવા મળ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર ૧૦૭૭ મ્યુલ અકાઉન્ટમાં રૂ. ૧૯.૨૫ કરોડ જમા થયા હતા. લોકો પોતાના અકાઉન્ટ નાની રકમ માટે ભાડે આપી દેતા હોવાનું જાણવા મળ્યું હતું.

આ પ્રકારના અકાઉન્ટ ગુજરાતભરમાંથી મળી આવ્યા છે. સૌરાષ્ટ્રના જેતપુર, જૂનાગઢ સહિતનાં શહેરોમાંથી પણ સાયબર પોલીસે આવા અકાઉન્ટ હોલ્ડર શોધી કાઢ્યા હતા. પોલીસ વારંવાર લોકોને અપીલ કરી રહી છે કે આ રીતે અકાઉન્ટ ભાડે આપવા નહીં અને સાયબર ફ્રોડમાં આડકતરી ભૂમિકા ભજવો નહીં. ■

# જાન્યુઆરીમાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટ માટે ૨૦૦ જેટલા મનપા અધિકારી કામે લાગ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશ-વિદેશના રોકાણને આકર્ષવા માટે રાજ્યમાં દર બે વર્ષે યોજાતી ગુજરાત વાઈબ્રન્ટ સમિટની આવૃત્તિ આ વર્ષે રાજકોટમાં યોજાવાની છે ત્યારે રાજકોટના તમામ તંત્રનું ધ્યાન હવે સમિટ પર કેન્દ્રિત રહેશે. મળતી માહિતી અનુસાર મનપાના ૨૦૦ કરતા વધારે અધિકારીઓ અને કર્મચારીઓને અલગ અલગ જવાબદારી આપવામાં આવી છે અને લગભગ ૧૮ જેટલી અલગ અલગ કમિટી બનાવવામાં આવી છે.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ગ્લોબલ સમિટ તરીકે યોજાશે, ત્યારે વડા પ્રધાન સહિત દેશભરના મહાનુભાવો અહીં આવશે. આ સાથે વિદેશી કંપનીઓના પ્રતિનિધિઓ અને દેશના ઉદ્યોગપતિઓ પણ રાજકોટના મહેમાન બનશે. વ્યવસ્થા સાથે શહેરનું બ્યુટીફિકેશન, સફાઈ, સુરક્ષા તમામ પર ધ્યાન આપવામાં આવશે અને લોકો રંગીલું રાજકોટ માણે તેવી કોશિશ કરવામાં આવી રહી છે.

દબાણ હટાવવા માટે અલગ કમિટી બનાવવામાં આવી છે. પર્યટન સ્થળો માટે અલગ કમિટી છે. વિવિધ કમિટીઓના અધ્યક્ષ નિમવામાં આવ્યા છે.

વિકસિત ભારત ૨૦૪૭ના દ્રષ્ટિકોણ સાથે સંલગ્ન વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું આગામી ૧૦ થી ૧૨મી જાન્યુઆરી દરમ્યાન મારવાડી યુનિવર્સિટી, મોરબી રોડ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. ■

# સૌરાષ્ટ્રમાં વહેલી સવારના પવનોએ લોકોને ધ્રુજાવ્યા, ઠંડીનો ચમકારો વર્તાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં વહેલી સવારે બરફીલા પવનોના સુસવાટાએ જનજીવનને અસર પહોંચાડી હતી.

ત્રણચાર દિવસ બાદ ફરી ઠંડા પવનોને લીધે શિયાળા જેવો માહોલ અનુભવાયો હતો. જોકે ડિસેમ્બર મહિનાની અપેક્ષા પ્રમાણેની ઠંડી હજુ અનુભવાતી નથી.

જોકે હવમાન વિભાગ અનુસાર લઘુતમ તાપમાનમાં ખાસ ફેરફાર નોંધાયો ન હતો. અમરેલીમાં ૧૨.૬, રાજકોટમાં ૧૪ ડિગ્રી, પોરબંદરમાં ૧૩ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

જોકે ઉત્તર-પૂર્વના ઠંડા પવનોને લીધે સવારે લોકોએ ગરમ કપડામાં રહેવું પડે છે. જ્યારે દિવસ જતા થોડી રાહત હોય છે. ફરી મોડી સાંજથી પવનો શરૂ થાય છે. નાનાં શહેરોમાં ગીચતા ઓછી હોવાથી ઠંડી અનુભવાય છે. ■

# અંજારના ભીમાસરની ખાનગી કંપનીના ભૂગર્ભ ટાંકાની સફાઈ કરવા ઊતરેલા યુવકનું ગેસ ગળતરથી મોત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: પૂર્વ કચ્છના અંજાર તાલુકાના ભીમાસર નજીક આવેલી એક ખાનગી કંપનીના ભૂગર્ભ ટાંકામાં સફાઈ કરવા ઊતરેલા શંકરલાલ કોલ (ઉ.વ.૩૬) નામના યુવકનું ગૂંગળાઇને મોત થયું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, અંજારના ભીમાસરમાં રહેનાર શંકરલાલ કોલ નામનો યુવક બી.એન. એગ્રોટેક કંપનીમાં કામ કરતો હતો. ગત સાંજના પાંચેક વાગ્યાના અરસામાં કંપનીનો ભૂગર્ભ ટાંકો સાફ કરવા અંદર ઊતર્યો હતો. આ ટાંકામાં ગેસની માત્ર વધારે હોવાથી ગૂંગળામણ થવા લાગતાં બેભાન થયેલા યુવકને તાત્કાલિક બહાર કાઢીને સારવાર અર્થે હોસ્પિટલે લઇ જવાતાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ■

# ગાંધીધામના શિણાયમાં ₹ ૩.૮૫ લાખના અંગ્રેજી શરાબ સાથે બે શખ્સની અટક

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજ: ગાંધીધામ તાલુકાના શિણાયમાં બે જુદી જુદી કાર્યવાહી દરમ્યાન પોલીસે રૂા. ૩,૮૫,૨૦૦ના અંગ્રેજી શરાબના જથ્થા સાથે બે શખ્સોને દબોચી લીધા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ, શિણાય ડેમની પાછળના જંગીવાડી વિસ્તારમાં કિડાણાના પ્રહલાદસિંહ સ્વરૂપસિંહ સોઢાએ શરાબનો જથ્થો ઉતાર્યો હોવા અંગે મળેલી પૂર્વ બાતમીના આધારે પોલીસે અહીં દરોડો પાડ્યો હતો.

આ વેળાએ સ્થળ પરથી પ્રહલાદસિંહ સોઢાની ધરપકડ કરી દારૂની પેટીઓ જપ્ત કરાઇ હતી. પોલીસે અહીં પેટીમાં રાખવામાં આવેલો અલગ-અલગ કંપનીનો કુલ્લે રૂા. ૩,૭૪,૪૦૦નો શરાબ જપ્ત કર્યો હતો. ઝડપાયેલા પ્રહલાદસિંહ પાસેથી મોબાઇલ ફોન તથા રોકડ રકમ પણ હસ્તગત કરવામાં આવી હતી. ફોર સેલ ઇન રાજસ્થાન ઓન્લી લખેલો આ અંગ્રેજી દારૂ તેની પાસે ક્યાંથી આવ્યો અને કોણ આપી ગયું તે સહિતની વિગતો જાણવા પોલીસે છાનબીન આદરી છે. બીજી તરફ, શિણાયમાં ગૌશાળાની નજીક પોલીસે કાર્યવાહી આદરીને અહીંથી ટીવીએસ જ્યુપીટર સ્કૂટર (નંબર જી.જે. ૩૯-એ.૨૦૦૧) પર જઈ રહેલા કિડાણાના મયુરસિંહ મહાવિરસિંહ જાડેજા નામના શખ્સને પૂર્વ બાતમીના આધારે પકડી લેવાયો હતો. તેના આ દ્વિચક્રી વાહનની ડિકીમાંથી બ્લેકલેસ ત્રિપલ એકસ રમની ૭૫૦ એમ.એલ.ની ૮ તથા ૮ પી.એમ.ના ૪ કવાર્ટરિયા એમ કુલ્લે રૂા. ૧૦,૪૦૦નો દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે તપાસ હાથ ધરી છે. ■

# ભાવનગરના વલભીપુરમાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગર: જિલ્લાના વલભીપુર પોલીસે બારપરા વિસ્તારમાંથી જુગાર રમતા પાંચ શખ્સો ને રોકડા ₹૧૦,૭૬૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

પ્રાપ્ત થતી માહિતી મુજબ વલભીપુર પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.કે. મકવાણાની સૂચના હેઠળ પોલીસકર્મીઓ ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન તેમને બાતમી મળી હતી કે બારપરા વિસ્તારમાં આવેલા બાવળની કાંટમાં કેટલાક ઈસમો ગંજીપાના વડે હારજીતનો જુગાર રમી રહ્યા છે.બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડી પાંચ જુગારીઓને રંગેહાથ ઝડપી લીધા હતા. ઝડપાયેલા ઈસમોમાં ભરતભાઈ સવજીભાઈ રાઠોડ (રહે. વલભીપુર), વિજય વાલજીભાઈ મીઠાપરા (રહે. ઉમરાળા), સુરેશભાઈ ભૂપતભાઈ મકવાણા (રહે. વલભીપુર) અને મુકેશભાઈ રૂડાભાઈ વેગડ (રહે. વલભીપુર) નો સમાવેશ થાય છે.તેમની પાસેથી કુલ ૧૦,૭૬૦ રોકડા જપ્ત કરવામાં આવ્યા હતા.પોલીસે તમામ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# રાજકોટના શાપર-વેરાવળ વચ્ચેના બ્રિજનો વિરોધ લોકોએ ઢોલ-નગારાં વગાડી કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટના કોટડાસાંગાણીના શાપર-વેરાવળ નેશનલ હાઈ વે પર પ્રસ્તાવિત ઓવરબ્રિજનો વિરોધ અહીંના લોકોએ કર્યો હતો. અહીંના નેશનલ હાઈ વે નંબર ૨૭ પર કેપ્ટન ગેટથી શિતળા માતાજીના મંદિર પારડી તરફનો ઓવરબ્રિજ બની રહ્યો છે ત્યારે લગભગ બે લાખ જેટલા લોકો આનો વિરોધ કરી રહ્યા છે. આ બ્રિજ બનવાને લીધે ગામનું જંકશન બે કિલોમીટર દૂર થઈ જશે અને રહેવાસીઓને તકલીફ પડશે તેવી રજૂઆત સાથે લોકોએ ઢોલ-નગારાં સાથે વિરોધ નોંધાવ્યો હતો.

અહીંના રહેવાસીઓએ જણાવ્યું હતું કે અમે કલેક્ટરને આવેદનપત્ર આપી અમારી રજૂઆત કરી છે. જો સમયસર અમારી વાત કાને ધરવામાં નહીં આવે તો અમારે આંદોલનનો માર્ગ અપનાવવો પડશે.

હાલમાં અમારું જંકશન માત્ર ૫૦૦ મીટર દૂર છે, આ બ્રિજને લીધે બે કિલોમીટર જેટલું અંતર થઈ જશે. આથી રોજબરોજના જીવનમાં અમને અસર થશે, તેમ પણ ગ્રામવાસીઓએ જણાવ્યું હતું. ■

# રાપરનાં ત્રંબૌ પાસે ટ્રિપલ અકસ્માતમાં ૧૦થી વધુ મુસાફરો ઘાયલ: ત્રણ ગંભીર

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: કચ્છના રાપર પંથકના ત્રંબૌ માર્ગ પર વહેલી પરોઢે ત્રણ વાહન વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં દસથી વધારે મુસાફરો ઘવાયા હતા, જે પૈકી ત્રણની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ અકસ્માત અંગે પ્રાપ્ત પ્રાથમિક અહેવાલો મુજબ, વહેલી સવારના અરસામાં રાપરના ત્રંબૌ ત્રણ રસ્તા પરથી પૂરપાટ વેગે જઈ રહેલાં ત્રણ વાહનો સામ સામે અથડાતા ૧૦થી વધારે મુસાફરો ઘવાયા હતા. તમામને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નજીકની હોસ્પિટલે લઇ જવાયા હતા જેમાં ત્રણેક મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળી રહ્યું છે. ■